RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૧૧ | મંગળવાર તા.૨૨-૦૯-૨૦૨૬ | અંક : ૨૨૪ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

## સમુદ્ર મંથન અભિયાન વખતે સફળતા મળી

# ભારતને સમુદ્રમાં મળ્યો કુદરતી ગેસ ભંડાર

### ઓડિશાના દરિયાકાંઠાથી ૪૩ કિલોમીટર દૂર મહાનદી બેસિનમાં ઊંડા સમુદ્રમાં કુદરતી ગેસનો નવો ભંડાર શોધી કાઢયો

નવીદિલ્હી,

મધ્યપૂર્વના દેશોમાં જ્યારે ભયાનક સ્તરે યુદ્ધ પહોંચતા એક પછી એક દેશોમાં ઓઈલ અને ઊર્જાની અછત વર્તાતી જઈ રહી છે ત્યારે ભારતને મોટી રાહત આપે તેવી એક શોધ થઈ છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ને ભારત માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને મોટી સફળતા મળી છે. ઓડિશાના દરિયાકાંઠાથી આશરે ૪૩ કિલોમીટર દૂર મહાનદી બેસિનમાં ઊંડા સમુદ્રમાં કુદરતી ગેસનો નવો ભંડાર શોધી કાઢવામાં આવ્યો છે. ૧૮ સપ્ટેમ્બરના રોજ 'MDW 28' નામના કૂવામાં આ શોધ થઈ હતી, જ્યાંથી છેલ્લા ત્રણ દિવસથી સતત સારા દબાણ અને ઝડપ સાથે ગેસ નીકળી રહ્યો છે. ભારત માટે આ શોધ આર્થિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વની માનવામાં આવે છે, કારણ કે આનાથી દેશના વિદેશી તેલ અને ગેસ આયાત બિલમાં મોટો ઘટાડો થઈ શકે છે. જોકે, આ કૂવામાં કુલ કેટલો ગેસ છે અને તેનું વ્યાવસાયિક ઉત્પાદન કેટલું ફાયદાકારક રહેશે તે અંગેની વધુ માહિતી અને આંકડા તપાસ બાદ જાહેર કરવામાં આવશે.


પ્રતિકાત્મક તસવીર

આ કૂવાનું ખોદકામ ૨૫ જુલાઈના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારે જુલાઈમાં ૮૪૦૮૪ કરોડ રૂપિયાના બજેટ સાથે ૨૦૩૦-૩૧ સુધી ચાલનારા 'સમુદ્ર મંથન' અભિયાનને મંજૂરી આપી હતી. આ અભિયાનનો મુખ્ય હેતુ દેશના અણછૂયેલા ઊંડા સમુદ્રી વિસ્તારોમાંથી હાઈડ્રોકાર્બન શોધવાનો છે. આ કૂવો (MDW 28) મહાનદી બેસિનમાં ખોદવામાં આવનારા ચાર મુખ્ય કૂવાઓમાંથી પ્રથમ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આ શોધને ભારત નિર્ભરતા તરફનું એક મોટું કદમ ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે અગાઉ ૨૦૨૪ માં આ જ વિસ્તારમાં થયેલી 'ઉત્કલ' અને 'કોણાર્ક' ગેસની શોધો સાથે મળીને હવે એકીકૃત સુવિધાઓ દ્વારા ગેસનું ઉત્પાદન ઝડપી અને ઓછા ખર્ચે શક્ય બનશે.

## કાનપુરની ફેક્ટરીમાં વિસ્ફોટ, ૨ શ્રમિકોના મોત

કાનપુર,

યુપીના કાનપુર દેહાત સ્થિત એક ટાયર ફેક્ટરીમાં ઓઈલ ટેન્કમાં પ્રચંડ ધડાકા સાથે ભીષણ આગ ફાટી નીકળતા બે શ્રમિકોના મોત થયા છે. ગજનેર પોલીસ સ્ટેશન વિસ્તારના જરિહા ગામમાં આવેલી ઓમ જેવીઆરડી ટાયર ફેક્ટરીમાં બનેલી આ કરુણ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી અને ભયનો માહોલ સર્જાયો હતો. બ્લાસ્ટ એટલો તીવ્ર હતો કે આકાશમાં કાળા ડિબાંગ ધુમાડાના ગોટા અને આગની વિકરાળ જ્વાળાઓ દૂર દૂર સુધી જોવા મળી હતી.



કાનપુર દેહાતના ચીફ ફાયર ઓફિસર (ઝર્લ્ી) પ્રતીક શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, સાંજે આશરે ૫:૫૦ વાગ્યે માતી ફાયર સ્ટેશનને ઓમ ટાયર ફેક્ટરીમાં આગ લાગવાની માહિતી મળી હતી. આ ફેક્ટરીમાં જૂના ટાયરોને પ્રોસેસ કરીને તેમાંથી ઓઈલ કાઢવામાં આવે છે. પ્લાન્ટમાં ઓઈલ સ્ટોરેજ માટે બે મોટી ટેન્ક આવેલી છે, જેમાંથી એક ટેન્કમાં અચાનક પ્રચંડ ધડાકા સાથે આગ ભભૂકી ઉઠી હતી. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી પાણીનો છંટકાવ શરૂ કર્યો હતો અને ત્યાર બાદ સ્પેશિયલ ફાયર ફાઈટિંગ ફોમનો ઉપયોગ કરીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.ઘટનાની જાણ થતાં જ કાનપુર દેહાતના એસપી શ્રદ્ધા નરેન્દ્ર પાંડે, એડિશનલ એસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

## દિલ્હીમાં ત્રણ શખ્સોએ ૧૭ વર્ષીય કિશોરી પર આચર્યું સામૂહિક દુષ્કર્મ

### નકલી પોલીસ બનીને આપી ધમકી, પ્રસિદ્ધ કાલકાજી મંદિર નજીક બનેલી ઘટના

નવીદિલ્હી,

દેશની રાજધાની દિલ્હીના દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં આવેલ પ્રસિદ્ધ કાલકાજી મંદિર નજીક એક ૧૭ વર્ષની સગીરા સાથે સામૂહિક દુષ્કર્મની શરમનાક ઘટના સામે આવી છે. આસ્થા કુંજ પાર્કમાં બની આ ઘટના બાદ દિલ્હી પોલીસે ત્વરિત અને આકરી કાર્યવાહી કરી છે. પોલીસે મોડી રાત્રે અમર કોલોની વિસ્તારમાં એન્કાઉન્ટર બાદ ગેંગરેપના મુખ્ય આરોપીઓમાંથી એક આસિફ નામના બદમાશની ધરપકડ કરી લીધી છે.

પોલીસ અહેવાલ અનુસાર, સોમવારે સાંજે આશરે ૭ વાગ્યે ૧૭ વર્ષની પીડિત કિશોરી તેના મિત્ર સાથે કાલકાજી મંદિરે દર્શન કરવા ગઈ હતી. દર્શન કર્યા બાદ બંને આશરે ૭:૩૦ વાગ્યે પાસેના આસ્થા કુંજ પાર્કમાં બેઠા હતા. આ દરમિયાન ૨૫ થી ૩૦ વર્ષની વયના ત્રણ અજાણ્યા યુવકો ત્યાં પહોંચ્યા હતા. પોતાને પોલીસકર્મી ગણાવીને તેમણે બંને સગીરોને ધમકાવવાનું શરૂ કર્યું હતું.આરોપીઓ પૈકી એક શખ્સે સગીર છોકરાને પકડી રાખ્યો હતો અને ત્યારબાદ ત્રણેય આરોપીઓએ સગીરા પર સામૂહિક આચર્યું હતું.

## વૈશ્વિક સ્તરે ભારતની મોટી જીત, UNSCમાં કાયમી સભ્યપદને ૪ દેશોનું મહત્ત્વનું સમર્થન

### ન્યૂયોર્કમાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં એસ. જયશંકરે ભારત તરફથી પોતાની વાત રજૂ કરી હતી

ન્યૂયોર્ક,

સંયુક્ત સુરક્ષા પરિષદમાં સ્થાયી સીટ માટે ભારતે કરેલા પ્રયાસોને મોટી સફળતા મળી છે. મધ્ય યુરોપના ચાર દેશને ભારતના સ્થાયી સભ્ય સામે સમર્થન મળ્યું છે. આ બેઠકમાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર ઉપસ્થિત રહ્યા અને ભારતીય પદનું પ્રતિનિધિત્વ કર્યું. યુરોપના હંગેરી, પોલેન્ડ, સ્લોવેકિયા અને ચેક રીપબ્લિકે ભારતનું સમર્થન કરીને સહમતી દર્શાવી છે. અમેરિકાના મહાનગર ન્યૂયોર્ક શહેરમાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં એસ. જયશંકરે ભારત તરફથી પોતાની વાત રજૂ કરી હતી. યુરોપના ચાર દેશો સાથે અમેરિકાની ધરતી પર આ પહેલી બેઠક છે. પહેલીવાર ભારત ફ૪ ગ્રૂપના રાષ્ટ્રો સાથેની ખાસ બેઠકમાં હાજર છે.



આ પહેલા યુરોપના દેશ ફ્રાંસે પણ આ સભ્યપદ સામે ભારતનું સમર્થન કર્યું હતું. એ પછી બ્રિટને પણ આ સમગ્ર ગ્રૂપના વિસ્તાર અને ભારતને એમાં સમાવી લેવા માટે તરફદારી કરી હતી, ભારતના લાંબા સમયના સાથી દેશ રશિયાએ પણ આ બાબતે ભારતને સમર્થન આપ્યું છે. દરમિયાન, અમેરિકાએ પણ સિદ્ધાંતિક રીતે ભારતની કાયમી સદસ્યતા માટે સમર્થન વ્યક્ત કર્યું છે. ભારત બ્રાઝિલ, જર્મની અને જાપાનની સાથે જ જૂથનો હિસ્સો છે. આ ચારેય દેશો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના વિસ્તરણની હિમાયત કરે છે અને કાયમી સદસ્યતા માટે એકબીજાના દાવાને સમર્થન આપે છે.

## ભારતીય સેનાની ટેન્કોની તાકાત વધશે, સ્વદેશી APU માટે ૫૮૬ કરોડની ડીલ

### ટેન્કોમાં સ્વદેશી રીતે વિકસિત APU લગાવાશે, સ્વદેશીકરણની દિશામાં પગલું

નવી દિલ્હી,

ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા દેશની સુરક્ષા માટે અત્યા આધુનિક હથિયારો અને ટેક્નોલોજીની ખરીદી કરવામાં આવી રહી છે. જે દરમિયાન આર્મીને વધુ મજબૂત કરવાના હેતુથી સંરક્ષણ મંત્રાલયે T-72 અને T-90 ટેન્કો માટે સ્વદેશી ઓક્ઝિલરી પાવર યુનિટ્સ (APUs)ખરીદવા રૂપિયા ૫૮૬ કરોડનો કરાર કર્યો છે.

આ કરાર હેઠળ બે પ્રકારના ટેન્ક માટે સ્વદેશી ઓક્સિલરી પાવર યુનિટ્સ (APUs)મેળવવામાં આવશે. APU ટેન્કની વિવિધ મહત્વપૂર્ણ પ્રણાલીઓને પાવર પૂરો પાડે છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, સ્વદેશી APUનો સમાવેશ સેનાના મિકેનાઈઝ્ડ ફોર્મેશન્સની સજ્જતા, વિશ્વસનીયતા અને સતત કાર્યકારી ક્ષમતાને મજબૂત બનાવશે.સંરક્ષણ મંત્રાલયે ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ નવી દિલ્હીમાં 'એક્યુરેટ ઈન્ડસ્ટ્રિયલ કંટ્રોલ્સ પ્રાઈવેટ લિમિટેડ' સાથે રક્ષા સચિવ રાજેશ કુમાર સિંહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ, T-72 અને T-90 ટેન્કોમાં સ્વદેશી રીતે વિકસિત APU(ઓક્ઝિલરી પાવર યુનિટ્સ) લગાવવામાં આવશે.

## ડોનાલ્ડ ટ્રમ્પે CNN પર પ્રતિબંધ મૂક્યો તો અમેરિકાની મુખ્ય ચેનલોએ કર્યું પ્રમુખનું બોયકોટ

### વ્હાઈટ હાઉસ દ્વારા CNN, MS નાવ અને પોલીટિકો પર 'ફેક ન્યૂઝ' ચલાવવાનો આરોપ લગાવીને પ્રતિબંધ મુક્યો

વોશિંગટન,

અમેરિકાના મુખ્ય ટેલિવિઝન નેટવર્ક્સે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અધિકૃત કાર્યક્રમોની સાઝા વિડિયો પૂલ કવરેજ આપવાનો ઈનકાર કરી દીધો હતો. વ્હાઈટ હાઉસ દ્વારા CNN, MS નાવ અને પોલીટિકો પર 'ફેક ન્યૂઝ' ચલાવવાનો આરોપ લગાવીને પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ફોક્સ ન્યૂઝ, એબીસી ન્યૂઝ, સીબીએસ ન્યૂઝ, સીએનએન અને એનબીસી ન્યૂઝે સંયુક્ત નિવેદન જારી કરીને જણાવ્યું છે કે જનતાને સરકારી બાબતો વિશે સાચી માહિતી મેળવવાનો મૂળભૂત અધિકાર છે. કોઈપણ પ્રશાસનને માત્ર રિપોર્ટિંગ પર આપત્તિ હોવાના કારણે પ્રતિબંધ મૂકવાનો અધિકાર નથી.આ પ્રતિબંધ સામે કાનૂની લડાઈ લડવા માટે CNN, MS નાવ અને પોલીટિકોએ વોશિંગ્ટન ડીસીની ફેડરલ કોર્ટમાં ટ્રમ્પ પ્રશાસન સામે મુકદ્દમો દાખલ કર્યો છે. આ સંસ્થાઓએ અદાલતમાં અરજી કરીને આ પ્રતિબંધ પર રોક લગાવવાની માંગ કરી છે. મીડિયા સંસ્થાઓએ આ પગલાંને 'ફર્સ્ટ અમેન્ડમેન્ટ' હેઠળ મળેલા વાણી અને પ્રેસની સ્વતંત્રતાના અધિકારનું સીધું ઉલ્લંઘન ગણાવ્યું છે.



## આવતા અઠવાડિયે સતત પાંચ દિવસ બેંકો રહેશે બંધ

### યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા દેશવ્યાપી હડતાળનું એલાન, તા.૨૬થી ૩૦ સુધી બેંકો બંધ રહેશે

નવીદિલ્હી,

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહિત જાહેર ક્ષેત્રની બેંકોમાં ખાતું ધરાવતા કરોડો ગ્રાહકો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે, જેને કારણે સેંકડો ગ્રાહકોને આવતા અઠવાડિયે મોટો આંચકો લાગી શકે છે.

બેંક કર્મચારીઓના સૌથી મોટા સંગઠન યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા દેશવ્યાપી હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. વીકએન્ડની રજાઓ અને હડતાળ એકસાથે આવી જતાં ૨૬મી સપ્ટેમ્બરથી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી સતત પાંચ દિવસ માટે બેંક શાખાઓમાં કામકાજ સંપૂર્ણપણે પ્રભાવિત રહેશે. શાખાઓ બંધ રહેવાના કારણે સામાન્ય જનજીવન અને વેપારી વ્યવહારો ખોરવાય નહીં તે માટે સ્ટેટ બેંકે સત્તાવાર એડવાઈઝરી જારી કરીને ગ્રાહકોને સમયસર તમામ નાણાકીય કામો પતાવી લેવા ચેતવણી આપી છે.



તા.૨૬ અને ૨૭ જાહેર રજા અને ૨૮થી ૩૦મી સપ્ટેમ્બર યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) દ્વારા વિવિધ પડતર માંગણીઓને લઈને ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળ જાહેર કરવામાં આવી છે. આ રીતે શનિવારથી બુધવાર સુધી સતત પાંચ દિવસ શાખા સ્તરે ચેક ક્લિયરિંગ, કેશ ડિપોઝિટ અને પાસબુક પ્રિન્ટિંગ જેવી તમામ કાઉન્ટર સેવાઓ ઠપ થઈ શકે છે. બેંક દ્વારા જારી કરાયેલી જાહેર અપીલમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે, યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા ૨૮થી ૩૦મી સપ્ટેમ્બર દરમિયાન ત્રણ દિવસીય હડતાળનો પ્રસ્તાવ છે. અમે જરૂરી સેવાઓ જાળવી રાખવા માટે શક્ય તમામ વહીવટી પ્રયાસો કરી રહ્યા છીએ, તેમ છતાં ગ્રાહકોને અપીલ છે કે તેઓ પોતાના અતિ મહત્વપૂર્ણ બેંકિંગ વ્યવહારો હડતાળ શરૂ થાય તે પહેલાં જ પતાવી લે.

રોકડ અને ડિજિટલ વ્યવહારો માટે શું વ્યવસ્થા રહેશે?: રોકડ ઉપાડવા કે જમા કરાવવા માટે એટીએમ (ATM) અને ઓટોમેટેડ ડિપોઝિટ એન્ડ વિડ્રોઅલ મશીનો (ADWM) કાર્યરત રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે, સતત પાંચ દિવસ રજા હોવાથી એટીએમમાં રોકડની અછત સર્જાઈ શકે છે, તેથી અગાઉથી કેશ ઉપાડી લેવી હિતાવહ છે.

# આજે સાંજે કેવડિયામાં ૭૨મો નેશનલ ફિલ્મ એવોર્ડ સમારોહ



### ૭૨ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત દિલ્હી બહાર યોજાઈ રહ્યો છે નેશનલ ફિલ્મ ફેર એવૉર્ડ, રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ કરશે ઉદ્ઘાટન

અમદાવાદ, આજે ૨૨ સપ્ટેમ્બરે સાંજે ચાર વાગ્યાથી ગુજરાતના એકતાનગર (કેવડિયા)માં ૭૨મો નેશનલ ફિલ્મ એવોર્ડ યોજાવા જઈ રહ્યો છે, ત્યારે એવોર્ડ સમારોહમાં હાજરી આપવા અને ત્રણ દિવસના ગુજરાત પ્રવાસને લઈ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ ગઈકાલે વડોદરા પહોંચ્યા હતા અને ત્યાંથી તેઓ બાય રોડ કેવડિયા માટે નીકળ્યા હતા. બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન ગઈકાલે જ કેડવિયા પહોંચ્યા હતા, જ્યાં હોટલમાં ઢોલ-નગારા અને ગરબા સાથે ભવ્ય સ્વાગત કરાયું હતું.

આ ઉપરાંત એક્ટર રણદીપ હુડ્ડા પત્ની અને બાળક સાથે, મમૂટી, ધનુષ અને એક્ટ્રેસ પદ્મિની કોલ્હાપુરી પણ રાત્રે વડોદરા પહોંચ્યા હતા. આજે એવોર્ડ સમારોહને લઈ બોલિવૂડ અને સાઉથના સ્ટાર્સ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય મંત્રીઓ સહિતના નેતાઓ કેવડિયા પહોંચી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૫૪થી શરૂ થયેલા નેશનલ ફિલ્મ એવોર્ડના ૭૨ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત દિલ્હી બહાર સમારોહ યોજાઈ રહ્યો છે અને તેની યજમાની ગુજરાત કરી રહ્યું છે.સ્ટેચ્યુ ઓફ યુનિટીની નજીક 'બસ બે' (બસ ટર્મિનલ) વિસ્તારમાં મહેમાનો માટે છઝ જર્મન ડોમ બનાવવામાં આવ્યો છે, જેમાં ૧૦૦૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. આ ઉપરાંત મહેમાનોને ગુજરાતી વાનગીઓ પીરસવામાં આવશે. સાંજે ૪થી ૫:૧૫ વાગ્યા દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, કેન્દ્રીય મંત્રીઓ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય અને રાષ્ટ્રગાન સાથે મુખ્ય સમારોહની શરૂઆત કરાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે લેઝર, લાઈટ એન્ડ સાઉન્ડ શો

ત્યારબાદ ફીચર ફિલ્મ, નોન-ફીચર ફિલ્મ તેમજ શ્રેષ્ઠ અભિનેતા અને અભિનેત્રી સહિત વિવિધ શ્રેણીઓમાં એવોર્ડ એનાયત કરવામાં આવશે. સાંજે ૫:૧૫થી ૬ વાગ્યા દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ફિલ્મ ઉદ્યોગની હસ્તીઓને સંબોધન કરશે. તમામ એવોર્ડ વિજેતાઓ સાથે સત્તાવાર ગ્રુપ ફોટોગ્રાફી કરવામાં આવશે. મુખ્ય સમારોહ પૂર્ણ થયા બાદ સાંજે ૬:૩૦ વાગ્યા પછી મહેમાનો માટે નર્મદા નદી કાંઠે વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ખાસ થીમ આધારિત લેઝર તેમજ લાઈટ એન્ડ સાઉન્ડ શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### 'મારણ'ને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો અવોર્ડ

૭૨માં નેશનલ ફિલ્મ એવોર્ડમાં ફિલ્મ 'આર્ટિકલ ૩૭૦'ને સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મ, ફિલ્મ 'શ્રીકાંત'ને સર્વશ્રેષ્ઠ હિન્દી ફિલ્મ અને યામી ગૌતમને લીડિંગ રોલમાં બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ અપાશે. ગુજરાતી ફિલ્મ 'મારણ'ને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો અવોર્ડ મળશે. જ્યારે, 'ભ્રમયુગમ' માટે મમૂટી અને 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનને લીડિંગ રોલમાં બેસ્ટ એક્ટરનો એવોર્ડ અપાશે.

# ભાદરવી પૂનમના મહામેળા અંતર્ગત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે એક્સ્ટ્રા બસ સંચાલનનો પ્રારંભ તથા નવીન બસોનું લોકાર્પણ કરાયું



## અંબાજી ભાદરવી પૂનમના મેળા માટે GSRTC દ્વારા ૧૦૦૦ જેટલી બસો થકી વધારાની ૩૦,૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવાનું આયોજન

અમદાવાદ,

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે યોજાનાર ભાદરવી પૂનમના મહામેળા-૨૦૨૬ નિમિત્તે પદયાત્રીઓ અને દર્શનાર્થીઓની સુવિધા અર્થે ખાસ 'એક્સ્ટ્રા બસ સંચાલન'નો શુભારંભ તથા નવીન બસોનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યુ હતું . આ લોકાર્પણ પ્રસંગે વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણ માળી તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિ પ્રોત્સાહક બની રહી હતી.

૨૬ સપ્ટેમ્બર સુધી પાલનપુર, મહેસાણા, હિંમતનગર અને અમદાવાદ વિભાગ દ્વારા અંબાજી મેળાનું વિશેષ સંચાલન કરવામાં આવનાર છે. આ વર્ષે ૧૦૦૦ જેટલી બસો થકી વધારાની ૩૦,૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવાનું આયોજન કરાયું છે, જેનો લાભ અંદાજે ૧૫ લાખ જેટલા યાત્રાળુઓ મેળવશે. યાત્રિકોની સુવિધા માટે અંબાજી ખાતે કુલ ૧૦ બૂથ બનાવવામાં આવ્યા છે, જ્યાં સુપરવાઈઝર અને બૂથ ઈન્ચાર્જ ફરજ બજાવનાર છે.

યાત્રાળુઓની સુવિધા માટે અંબાજીથી ગબ્બર, આબુરોડ, દાંતા, ડીસા, પાલનપુર, સિદ્ધપુર; અંબાજીથી મહેસાણા, વિસનગર, બેચરાજી, વડનગર, ખેરાલુ; તેમજ અંબાજીથી હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, અમદાવાદ, શામળાજી અને ભિલોડા જેવા મુખ્ય રૂટો પર સતત બસ સેવા કાર્યરત રહેનાર છે.

મુસાફરો માટે વિશેષ સુવિધાઓ વાહન વ્યવહાર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાઈ છે, જેમાં એસ.ટી. બસોની સુવિધા સાથે હંગામી પેસેન્જર શેડ, પીવાના પાણીની વ્યવસ્થા અને જાહેર શૌચાયલની સુવિધા, માઈક એનાઉન્સમેન્ટ, બૂથ ઈન્ચાર્જના સંપર્ક નંબર અને યાત્રાળુઓના માર્ગદર્શન માટે હોર્ડિંગ્સ/બેનર્સ સહિત યાત્રાળુઓને કોઈપણ મુશ્કેલી ન પડે તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે.

વધુમાં ક્રેન, મિકેનિક ગેંગ, એમ્બ્યુલન્સ અને ડેપો ખાતે ફાયર ફાઈટરની તૈનાતી રખાઈ છે. તેમજ તમામ બસોના રીયલ-ટાઈમ મોનિટરિંગ માટે GPS ટેકનોલોજી આધારિત સેન્ટ્રલ કંટ્રોલ રૂમ પણ કાર્યરત કરાયો છે.

# 'દંગલ' થી પ્રેરિત થઈને ઓટો-રીક્ષા ડ્રાઈવરની પુત્રી હિમાની હિરાણીએ કુસ્તીમાં ગોલ્ડ મેડલ જીત્યો

## વડોદરા પરત ફર્યા બાદ, હિમાનીનું રેલ્વે સ્ટેશન પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

વડોદરા,

ગુજરાતના વડોદરાના ઓટો-રિક્ષા ડ્રાઈવરની પુત્રી હિમાની હિરાણીએ તુર્કીમાં એક આંતરરાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધામાં ૭૧ કિલોગ્રામથી ઓછી ઉંમરના વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. તેણીએ ફાઈનલમાં તેના રશિયન પ્રતિસ્પર્ધીને હરાવ્યો. તેણીની જીતની તુલના ફિલ્મ "દંગલ" ની વાસ્તવિક પ્રેરણા સાથે કરવામાં આવી રહી છે, જે દર્શાવે છે કે રમતગમત ગરીબ પરિવારના લોકોના જીવનમાં કેવી રીતે પરિવર્તન લાવી શકે છે.

હિમાની એક ગરીબ પરિવારમાંથી આવે છે. તેના પિતા, પ્રકાશભાઈ, એક ઓટો-રિક્ષા ડ્રાઈવર છે, અને તેની માતા, મીનાબેન, એક ગૃહિણી છે. હિમાની અને તેની બહેન, મેઘાએ તેમના માતાપિતાએ હિટ ફિલ્મ "દંગલ" જોયા પછી કુસ્તીને પોતાની કારકિર્દી તરીકે પસંદ કરી. આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે કે કેવી રીતે એક પિતા પોતાની પુત્રીઓને ચેમ્પિયન કુસ્તીબાજો બનવા માટે તાલીમ આપે છે. આ વાર્તાથી પ્રેરિત થઈને, પ્રકાશભાઈ અને મીનાબેન તેમની પુત્રીઓના સ્વપ્નને ટેકો આપ્યો, અને બંને બહેનોએ વડોદરાના સલાટવાડામાં નારાયણ ગુરુ અખાડામાં તાલીમ લેવાનું શરૂ કર્યું. સતત પ્રેક્ટિસ અને શિસ્તબદ્ધ તાલીમ દ્વારા, હિમાનીએ ઉચ્ચ સ્તરે સ્પર્ધા કરવા માટે જરૂરી શક્તિ અને તકનીક પ્રાપ્ત કરી. તુર્કીમાં આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં, તેણી ૭૧ કિગ્રાથી ઓછી વજન શ્રેણીમાં ફાઈનલમાં પહોંચી હતી, જ્યાં તેણીનો સામનો એક રશિયન કુસ્તીબાજ સાથે થયો હતો. નિર્ણાયક મુકાબલામાં, હિમાનીએ તેના પ્રતિસ્પર્ધીને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. આ જીત તેના જબરદસ્ત નિયંત્રણ અને આત્મવિશ્વાસને દર્શાવે છે.

# ઝારખંડમાંથી વોન્ટેડ આરોપીને વેશ પલટો કરીને પકડી પડતી સુરત પોલીસ

## લૂંટ અને હત્યા કેસમાં વર્ષોથી ફરાર આરોપીને પકડવા માટે સુરત પોલીસે પોસ્ટમેન બની ઝડપ્યો

સુરત,

૨૦૦૧માં સુરતના ઉધના વિસ્તારમાં આવેલ એક પેટ્રોલપંપ મેનેજરની હત્યા કરી લૂંટ ચલાવવા મામલે પોલીસ દાખલ થયો હતો. આ કેસમાં છેલ્લા ૨૫ વર્ષથી વોન્ટેડ આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચની પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (ઝમ)એ ઝારખંડમાંથી ઝડપી પાડ્યો છે.

સુરત પોલીસ કમિશનર દ્વારા જાહેર કરવામાં આવેલી ટોપ ૧૬ વોન્ટેડ આરોપીઓની યાદીમાં સામેલ આરોપી પર રોકડ ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

પીસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. સુવેરાના માર્ગદર્શન હેઠળ એએસઆઈ હસમુખભાઈ અને હેડ કોન્સ્ટેબલ અશોકભાઈ સહિતની ટીમ લાંબા સમયથી ફરાર આરોપીઓની શોધખોળ કરી રહી હતી. દરમિયાન ટેકનિકલ સર્વેલન્સ તેમજ બાતમીદારો પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસને જાણ થઈ હતી કે, આરોપી મિથિલેશ ભૂમિહાર ઝારખંડના પલામુ જિલ્લાના પાંકી બ્લોકના પીપરાહટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા સીરમ ટોલા ગામમાં રહે છે. મળેલી બાતમીની ખરાઈ કર્યા બાદ ઝમની ટીમ ઝારખંડ પહોંચી હતી. જોકે આરોપી જે વિસ્તારમાં છુપાયો હતો, તે વિસ્તાર નક્સલવાદી ગતિવિધિઓ માટે સંવેદનશીલ અને જોખમી ગણાતો હોવાથી પોલીસ તરીકે સીધી ઓળખ આપી દરોડો પાડવો જોખમી બની શકે તેમ હતું.

# હિંમતનગર-ઈડર હાઈવે પર એક બેફામ ગાડી ચાલકે ૧૦થી વધુ ૧૨ પદયાત્રીઓને ટક્કર મારી

### ઉશ્કેરાયેલા ભક્તોએ સ્કોર્પિયને સળગાવી દીધી

સાબરકાંઠા,

સાબરકાંઠાના હિંમતનગર-ઈડર સ્ટેટ હાઈવે પર આવેલ ડોલગઢ ગામ નજીક એક અત્યંત ગમખ્વાર અને સનસનાટીભર્યો અકસ્માત સર્જાયો છે. અંબાજી ભાદરવી પૂનમના મેળા નિમિત્તે પદયાત્રીઓની સુરક્ષા અને સુગમતા માટે તંત્ર દ્વારા હિંમતનગરથી ખેરોજ સુધીનો હાઈવે વન-વે કરવામાં આવ્યો છે, જેમાં એક માર્ગ માત્ર પદયાત્રીઓ માટે અને બીજો માર્ગ વાહનો માટે ફાળવાયો છે. તેમ છતાં, ડોલગઢ નજીક એક સ્કોર્પિયો કાર ચાલકે બેદરકારીપૂર્વક વાહન ચલાવી પદયાત્રીઓ માટે અનામત રસ્તા પર વાહન ઘૂસાડી દીધું હતું.

સ્કોર્પિયો ચાલકે રોડ પરથી ચાલીને જઈ રહેલા આઠ જેટલા પદયાત્રીઓને જોરદાર ટક્કર મારી હવામાં ફંગોળ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં આઠેય પદયાત્રીઓને ગંભીર શારીરિક ઈજાઓ પહોંચી હતી. અકસ્માત થતાં જ આસપાસના લોકો અને અન્ય પદયાત્રીઓ મદદ માટે દોડી આવ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર અર્થે હિંમતનગરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

પદયાત્રીઓને કચડી નાખવાની આ ઘટના બનતા જ ઘટનાસ્થળે ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સુરક્ષિત માર્ગ પર ચાલી રહ્યા હોવા છતાં અકસ્માતનો ભોગ બનવું પડતાં અન્ય પદયાત્રીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલા પદયાત્રીઓએ વાહન ચાલક અને સ્કોર્પિયો ગાડી સામે ભારે આક્રોશ વ્યક્ત કરીને સ્કોર્પિયો કારને આગને હવાલે કરી દીધી હતી. જોતજોતામાં કાર ભડભડ સળગી ઉઠી હતી.

આ અકસ્માતની ઘટના મામલે સમાચાર મળતા સ્થાનિક પોલીસ સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પદયાત્રીઓ માટે રોડ બંધ રાખવામાં આવ્યો હોવા છતાં અને માત્ર પદયાત્રીઓ જ ચાલી રહ્યા હતા તેવા માર્ગ પર સ્કોર્પિયો ક્યાંથી અને કેવી રીતે અંદર પ્રવેશી? તે બાબત હાલ પોલીસ અને તંત્ર માટે ચિંતાનો અને મોટા સવાલનો વિષય બની છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

અકસ્માતમાં આઠથી વધુ પદયાત્રીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં, ઘટનાસ્થળે હાજર અન્ય ભક્તો અને ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. ઉશ્કેરાયેલા લોકોએ અકસ્માત સર્જનાર સ્કોર્પિયો ગાડીને આગને હવાલે કરી દીધી હતી. ઘટનાની ગંભીરતા અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાબરકાંઠા જિલ્લા પોલીસવડા (જીઁ) પોતે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને મોટો પોલીસ કાફલો લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

# આણંદના ખંભાતમાં સગીર દીકરી પર પાંચ વર્ષ સુધી દુષ્કર્મનો આરોપ, સગા પિતાની ધરપકડ

આણંદ,

આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં સગીર દીકરી સાથે દુષ્કર્મના ગંભીર આક્ષેપોનો કિસ્સો સામે આવ્યો છે. ખંભાત ગ્રામ્ય પોલીસે ૪૮ વર્ષીય પિતાની ધરપકડ કરી છે. પોલીસ ફરિયાદ મુજબ, આરોપી પિતાએ પોતાની ૧૭ વર્ષની દીકરી સાથે આશરે પાંચ વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ છે.

મળતી માહિતી મુજબ, સગીરા નાની વયની હતી ત્યારથી જ આરોપી પિતા તેની સાથે અયોગ્ય વર્તન કરતો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સગીરાએ આ અંગે કોઈને જાણ કરવાનો પ્રયાસ કરે તો આરોપી પિતા તેની માતાને જાનથી મારી નાખવાની ધમકી આપતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.આ ધમકીના કારણે સગીરા લાંબા સમય સુધી સમગ્ર ઘટના અંગે મૌન રહી હોવાનું સામે આવ્યું છે. વર્ષો સુધી ભયના વાતાવરણમાં રહ્યા બાદ આખરે સગીરાએ હિંમત કરીને પરિવારને પોતાની સાથે બનેલી ઘટનાની જાણ કરી હતી. ત્યારબાદ સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ફરિયાદ મળ્યા બાદ ખંભાત ગ્રામ્ય પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે સગીરાની ફરિયાદના આધારે આરોપી પિતા સામે દુષ્કર્મ અને સગીરાના રક્ષણ માટે લાગુ પડતી પોસ્કો એક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધ્યો હોવાનું જણાવાયું છે. પોલીસે ૪૮ વર્ષીય આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તપાસ દરમિયાન સગીરાનું તબીબી પરીક્ષણ કરાવવામાં આવ્યું હોવાનું તેમજ ઘટનાને લગતા જરૂરી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# અમદાવાદ એરપોર્ટ પર બેંગકોકથી આવેલા મુસાફર પાસેથી ૮.૯૧૩ કિલો ગાંજો ઝડપાયો

## બેગેજમાંથી કપડાંની વચ્ચે છુપાવેલા ૧૪ એરટાઈટ પેકેટ મળી આવ્યા

અમદાવાદ,

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)એ માદક પદાર્થોની હેરફેર સામે કાર્યવાહી કરતાં બેંગકોકથી આવેલા એક મુસાફર પાસેથી ૮.૯૧૩ કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો છે. કસ્ટમ્સની તપાસ દરમિયાન મુસાફરના ચેક-ઈન બેગેજમાંથી કપડાંની વચ્ચે છુપાવેલા ૧૪ એરટાઈટ પેકેટ મળી આવ્યા હતા. આ મામલે સંબંધિત મુસાફરની ધરપકડ કરવામાં આવી છે અને જપ્ત કરાયેલા માદક પદાર્થ અંગે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, બેંગકોકથી અમદાવાદ આવેલી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટના એક મુસાફર પર કસ્ટમ્સની એઆઈયુ ટીમને શંકા ગઈ હતી. ત્યારબાદ મુસાફરને અટકાવી તેના સામાનની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેના ટ્રોલી બેગમાંથી શંકાસ્પદ પેકેટ મળી આવ્યા હતા. વધુ તપાસ કરતાં તેમાં ગાંજો હોવાનું સામે આવ્યું હતું.

કસ્ટમ્સની તપાસમાં ગાંજાનો જથ્થો સામાન્ય રીતે નજરે ન પડે તે રીતે બેગમાં કપડાંની વચ્ચે છુપાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. મુસાફરના સામાનમાંથી કુલ ૧૪ એરટાઈટ પેકેટ મળી આવ્યા હતા. આ પેકેટોમાં રહેલા પદાર્થની તપાસ કર્યા બાદ તે ગાંજો હોવાનું કસ્ટમ્સ વિભાગે જણાવ્યું હતું. તમામ પેકેટમાંથી મળી આવેલા જથ્થાનું કુલ વજન ૮.૯૧૩ કિલોગ્રામ હોવાનું સામે આવ્યું છે.

કસ્ટમ્સ વિભાગે જપ્ત કરાયેલા ગાંજાના જથ્થા સામે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મુસાફરની અટકાયત બાદ તેની ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર મામલે જરૂરી દસ્તાવેજી કાર્યવાહી અને પૂછપરછ શરૂ કરવામાં આવી છે. તપાસ એ દિશામાં પણ આગળ વધી રહી છે કે બેંગકોકથી આ જથ્થો મુસાફરને કોણે આપ્યો હતો અને અમદાવાદમાં તેની ડિલિવરી કોને કરવાની હતી.

# આણંદમાં નકલી ડેપ્યુટી કલેક્ટર ઝડપાયો; નોકરીની લાલચ આપી યુવક પાસેથી ૭.૭૦ લાખ પડાવ્યા

## આણંદ ટાઉન પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

આણંદ,

ગુજરાતમાં નકલી અધિકારીઓ બનીને લોકો સાથે છેતરપિંડીના કિસ્સાઓ સામે આવતા રહે છે. ત્યારે આણંદ શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક શખ્સે પોતે આઈએએસ અધિકારી અને ડેપ્યુટી કલેક્ટર હોવાનું કહીને બેરોજગાર યુવાનને સરકારી નોકરી અપાવવાની લાલચ આપી લાખો રૂપિયાની ઠગાઈ કરી હતી. આણંદ ટાઉન પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી રોનક ક્રિશ્ચિયને આણંદ પંથકમાં એક સામાન્ય નાગરિકને પોતાની ઓળખ




આઈએએસ અધિકારી તથા ડેપ્યુટી કલેક્ટર તરીકે આપી હતી. ફરિયાદીને વિશ્વાસમાં લેવા માટે આરોપીએ અસલી જેવું જ લાગતું બનાવટી આઈકાર્ડ પણ બનાવ્યું હતું. આ નકલી આઈકાર્ડ બતાવીને તેણે મહેસૂલ વિભાગમાં નાયબ મામલતદાર જેવી સરકારી નોકરી અપાવી દેવાની ખાતરી આપી હતી.

સરકારી નોકરી મેળવવાની આશામાં ફરિયાદી આરોપીની વાતમાં આવી ગયો હતો.

# અમદાવાદમાંથી ૩ કિલોથી વધુ ગાંજા સાથે રીઢો ડ્રગ્સ પેડલર ઝડપાયો

અમદાવાદ,

ગોમતીપુર પોલીસને બગાસું ખાતા પતાસું મળ્યા જેવી ઘટના બનવા પામી છે. ગોમતીપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો તે દરમિયાન ચતુરસિંગ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહેલા એક શંકાસ્પદ સુઝુકી બર્ગમેન સ્કૂટર પર પોલીસની નજર પડી. સ્કૂટર પર નંબર પ્લેટ ન હોવાથી પોલીસે તેને અટકાવીને પૂછપરછ શરૂ કરી. પૂછપરછમાં યુવકે પોતાનું નામ નામ ફરદીન ઉમરહુસેન સૈયદ ઉર્ફે ડુગ્ગુ હોવાનું જણાવ્યું હતું.

ગોમતીપુર વિસ્તારનો જ રહેવાસી છે. તેની વર્તણૂક શંકાસ્પદ લાગતા પોલીસે મોપેડની ડીકી ખોલાવી, જેમાં સેલોટેપથી વીંટાળેલી પ્લાસ્ટિકની કોથળીઓમાં ત્રણ પાર્સલ જોવા મળ્યા હતા પાર્સલ જોતા જ પ્રાથમિક દ્રષ્ટિએ આ



ગેરકાયદેસર માદક પદાર્થ હોવાની શંકા જતા પોલીસે તાત્કાલિક પોલીસ અધિકારીઓ, પંચો અને એફએસએલની ટીમને સ્થળ પર બોલાવી લીધી. એફએસએલના સાયન્ટિફિક ઓફિસર દ્વારા સ્થળ પર જ કેમિકલ કિટ વડે પરીક્ષણ કરવામાં આવતા તે પદાર્થ ગાંજો હોવાનું ફલિત થયું હતું પોલીસે સ્થળ પર વજન કાંટાથી તોલ કરાવતા ૩.૦૯૩ કિલોગ્રામ ગાંજો હોવા નું સામે આવ્યું હતું. પોલીસે આરોપી પાસે થી ગાંજો ૩.૦૯૩ કિલોગ્રામ જેની અંદાજે કિંમત ૧,૫૪,૬૫૦ થવા પામી છે એક સુઝુકી બર્ગમેન સ્કૂટર જેની કિંમત ૮૦,૦૦૦ એક સેમસંગ સ્માર્ટફોન જેની કિંમત ૨૦,૦૦૦ આમ કુલ આરોપી પાસે થી ૨,૫૪,૬૫૦નો મુદામાલ કબજે કર્યો હતો ગોમતીપુર પોલીસે આરોપી સામે નાર્કોટિક્સ એક્ટ હેઠળ ગુનો નોંધીને કડક પૂછપરછ હાથ ધરી છે.તપાસમાં સામે આવ્યું કે ફરદીન ઉર્ફે ડુગ્ગુ અગાઉ પણ વર્ષ ૨૦૨૫માં SOG ના ચોપડે એનડીપીએસના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે.

# મહિલા કોન્સ્ટેબલ જહાનવી ડાભી આપઘાત કેસ, માનસિક ત્રાસ આપતા પરણિત કમાન્ડો પ્રેમીની પોલીસે ધરપકડ કરી

## ચેતક કમાન્ડો પ્રકાશ ચૌહાણ સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધવામાં આવ્યો

ગાંધીનગર,

ગાંધીનગરના સેક્ટર-૩ડી વિસ્તારમાં મહિલા કોન્સ્ટેબલ જહાનવી ડાભીના મોતના કેસમાં પોલીસ તપાસમાં મોટો વળાંક આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, જહાનવીના પ્રેમસંબંધમાં રહેલા પરિણીત ચેતક કમાન્ડો પ્રકાશ ચૌહાણ સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધવામાં આવ્યો છે અને તેની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં જહાનવીના રૂમમાં ઓડિયો સુવિધા ધરાવતો વેબકેમ લગાવવામાં આવ્યો હોવાની વિગતો પણ સામે આવી છે.

૨૮ વર્ષીય જહાનવી ડાભી અમદાવાદના શાહીબાગ પોલીસ હેડક્વાર્ટરમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી હતી અને ગાંધીનગરના સેક્ટર-૩ડી વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી હતી. ૧૫ સપ્ટેમ્બરે તેના મકાનમાંથી મૃતદેહ મળી આવ્યા બાદ સેક્ટર-૭ પોલીસે તપાસ શરૂ કરી હતી. શરૂઆતમાં અકસ્માતે મોતની નોંધ કરીને તપાસ હાથ ધરાઈ હતી.

પોલીસ તપાસ મુજબ, જહાનવીને બાઈક સ્ટંટ અને ઈન્સ્ટાગ્રામ રીલ્સ બનાવવાનો શોખ હતો. આશરે ચાર વર્ષ પહેલાં અરવલ્લીમાં યોજાયેલી બાઈક સ્ટંટ ઈવેન્ટ દરમિયાન તેનો પરિચય પ્રકાશ ચૌહાણ સાથે થયો હતો. પોલીસના જણાવ્યા મુજબ પ્રકાશ પરિણીત છે અને બે બાળકોનો પિતા છે. બંને વચ્ચે ત્યારબાદ પ્રેમસંબંધ થયો હતો.

પોલીસ તપાસમાં એવો આક્ષેપ સામે આવ્યો છે કે પ્રકાશે જહાનવીને લગ્નનું વચન આપ્યું હતું. આ સંબંધ દરમિયાન જહાનવીએ પોતાના અગાઉના લગ્નજીવનમાંથી કાયદેસર છૂટાછેડા લીધા હોવાનું પણ અહેવાલોમાં જણાવાયું છે. જોકે, બાદમાં બંનેના સંબંધમાં ખટરાગ થયો હતો. પોલીસના જણાવ્યા મુજબ પ્રકાશ જહાનવી પર શંકા રાખતો હતો અને તેને માનસિક તથા શારીરિક ત્રાસ આપતો હોવાનો આક્ષેપ છે. સપ્ટેમ્બરમાં જહાનવીએ લગ્ન અંગે વાત કરતાં પ્રકાશે ઈનકાર કર્યો હતો અને ત્યારબાદ તેને મોબાઈલ તથા સોશિયલ મીડિયા પર બ્લોક કરી દીધી હોવાની માહિતી તપાસમાં સામે આવી છે.

આ કેસમાં સૌથી મહત્વની વિગતોમાં જહાનવીના રૂમમાં વેબકેમ લગાવવાનો મુદ્દો છે. પોલીસના જણાવ્યા મુજબ, જહાનવીની હિલચાલ પર નજર રાખવા માટે રૂમમાં ઓડિયો સુવિધા ધરાવતો વેબકેમ લગાવવામાં આવ્યો હતો અને તેનો પ્રવેશ પ્રકાશના મોબાઈલમાં હતો.

# ગુજરાત સરકાર શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓને આપશે 'અટલ સુશાસન પુરસ્કાર'

## ચાલુ નાણાકીય વર્ષથી અટલ સુશાસન પુરસ્કાર યોજના લાગુ કરવાની જાહેરાત

ગાંધીનગર,

રાજ્યના વહીવટી તંત્રમાં અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ઉત્કૃષ્ટ કામગીરીને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે વધુ એક મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ રાજ્ય સરકારે 'અટલ સુશાસન પુરસ્કાર' યોજના અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ નાગરિકલક્ષી વહીવટ, ઉત્કૃષ્ટ કામગીરી અને સુશાસનના સિદ્ધાંતોને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપનારા અધિકારીઓને દર વર્ષે પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહિવટ વિભાગ (જીએડી)ના ઠરાવ મુજબ અટલ સુશાસન પુરસ્કાર યોજના ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષથી લાગુ કરવામાં આવેલ છે અને આગામી વર્ષોમાં પણ ચાલુ રાખવામાં આવશે. યોજનામાં કામગીરીના મૂલ્યાંકન માટેનો સમયગાળો દર વર્ષે ૧ એપ્રિલથી ૩૧ માર્ચ સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો છે.

અટલ સુશાસન પુરસ્કાર યોજના ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪થી શરૂ થયેલી શ્રી અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મજયંતી વર્ષની ઉજવણી દરમિયાન રાજ્યમાં સુશાસનને પ્રોત્સાહન આપવા હાથ ધરાયેલી પહેલોના અનુસંધાનમાં અમલમાં મૂકવામાં આવી છે. આ રીતે 'અટલ સુશાસન પુરસ્કાર' યોજના હેઠળ ૭ વિભાગોના ૭ મહત્વના અધિકારી સંવર્ગને આવરી લઈને દર વર્ષે તેમની શ્રેષ્ઠ કામગીરીની ઓળખ, મૂલ્યાંકન અને સન્માનની સુવ્યવસ્થિત પ્રક્રિયા અમલમાં આવશે.

પ્રજા સાથે સીધા જોડાયેલા ૭ મહત્વના વિભાગોના અધિકારીઓને તક 'અટલ સુશાસન પુરસ્કાર' યોજના હેઠળ રાજ્યના કુલ ૭ વિભાગોને આવરી લેવામાં આવ્યા છે. આ વિભાગોમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ લોકો સાથે સીધા સંકળાયેલા અધિકારીઓની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવશે. આ ૭ વિભાગોમાં - ૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ : આ વિભાગમાંથી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO), વર્ગ-૧ને પુરસ્કાર માટે પાત્ર ગણવામાં આવ્યા છે.

# જામનગર જિલ્લા અધિકારીઓને સંકલનમાં રહીને હકારાત્મક દિશામાં કામગીરી કરવા કલેક્ટરની સૂચના






જામનગર : જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડયાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં અગાઉની બેઠકની કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ વિવિધ વિભાગોને લગતી રજુઆતો, અરજીઓ અને પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ દ્વારા રજુ કરવામાં આવેલા વિવિધ વિભાગોને લગત પ્રશ્નો જેમાં માર્ગ સલામતી અંતર્ગત વિવિધ સ્થળોએ સ્પીડ બ્રેકર, બસ સ્ટેન્ડની સુવિધા, રાષ્ટ્રીય ધોરીમાર્ગ માટે જમીન સંપાદનનું વળતર, ગ્રામ્ય વિસ્તારોમાં રમતગમતના મેદાનો, નવા વીજ જોડાણો તથા વીજ પુરવઠાની સમસ્યાઓ, માછીમારોને ડીઝલ કાર્ડ અને કે.સી.સી. ધિરાણ, આવાસ યોજનાના હપ્તા, મકાનો રેગ્યુલરાઈઝેશન, ઘાસ ડેપો, જમીન માપણી અને પ્રોપર્ટી કાર્ડ, ગામોમાં નિયમિત પીવાના પાણીનું વિતરણ, બસ રૂટની સુવિધા તેમજ સિંચાઈ સંબંધિત પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરી કલેકટરએ લગત અધિકારીઓને સમયમર્યાદામાં પ્રશ્નોનો નિકાલ કરવા જણાવ્યું હતું.

ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નો જેમાં રી-સર્વે માપણીની ભૂલો સુધારવા, પીવાના પાણી માટે નવી ઊંચી ટાંકી બનાવવા, ટેલિકોમ્યુનિકેશન નેટવર્કની સુવિધા સુધારવા, ચેકડેમના સમારકામ, સૌની યોજના અંતગર્ત પાણી પહોચાડવા, સ્પીડ બ્રેકર મૂકવા જેવા લોકલક્ષી પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.

ધારાસભ્યશલ હેમંતભાઈ ખવા દ્વારા વિવિધ ગામોમાં રોડ-રસ્તાઓના કામો, ગૌચરની જમીન માપણી બાબતનો પ્રશ્ન, નીમ થયેલ ગ્રામતળ માંથી લોકોને પ્લોટ ફાળવવા બાબત, જામજોધપુર તાલુકાના ગામોમાં ગામતળના પ્લોટની ઉપલબ્ધતા, ગ્રામ પંચાયતોની મુલાકાત, શાળાઓમાં એક્ટિવિટી બેઝ્ડ લર્નિંગ કીટ અને સ્પોર્ટ્સના સાધનો ફાળવવા અંગે, જિલ્લા રમત ગમત કચેરીને લગત પ્રશ્ન અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ધારાસભ્યો દ્વારા રજુ થયેલ પ્રશ્નો અને લોકરજુઆતોને વાચા આપી પ્રશ્નોને પ્રાથમિકતા આપી ઝડપથી કામો પૂર્ણ કરવા અને રજુઆતોનું નિરાકરણ લાવવા કલેકટરએ જણાવ્યું હતું.

કલેકટરએ લોકોની રજૂઆતોનો ત્વરિત અને હકારાત્મક નિકાલ લાવવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી.વધુમાં, સરકારની વિવિધ યોજનાઓ જેવી કે મહેસૂલ, પાણી પુરવઠા, આરોગ્ય, શિક્ષણ, માર્ગ અને મકાન, પંચાયત, વીજળી જેવા વિભાગોની કામગીરીની સમીક્ષા કરી, પ્રજાલક્ષી કામોને પ્રાધાન્ય આપી ઝડપથી પૂર્ણ કરવા જણાવ્યું હતું. નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સંકલનમાં રહી કામગીરી કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. કલેકટરએ તમામ અધિકારીઓને હકારાત્મક દિશામાં કામગીરી કરી લોકોના પ્રશ્નોનું સમયસર નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી, જિલ્લા વિકાસ અધિકારી નિશા, નિવાસી અધિક કલેકટર વિમલ ચૌધરી સહિત લગત વિભાગના અધિકારીઓ, સંકલન સમિતિના સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરથી માતાના મઢ સુધી જય હિંગળાજ પદયાત્રી સંઘ દ્વારા પદયાત્રાનું આયોજન

## ૧ ઓક્ટોબરે પ્રારંભ, તા. ૧૧ ના માતાના મઢ પહોંચશે યાત્રા : પદયાત્રીઓ માટે માર્ગમાં ભોજન અને રોકાણની વ્યવસ્થા

જામનગર : જામનગરથી કચ્છ સ્થિત માતાના મઢ સુધી જય હિંગળાજ પદયાત્રી સંઘ દ્વારા ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧ ઓક્ટોબરથી પ્રારંભ થનારી આ પદયાત્રા તા.૧૧ ઓક્ટોબરના રોજ માતાના મઢ ખાતે પહોંચશે અને માતાજીના દર્શન સાથે પદયાત્રાનું સમાપન થશે.

સંઘ દ્વારા પદયાત્રીઓ માટે સમગ્ર માર્ગ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ દિવસે તા.૧ ઓક્ટોબરના રોજ જામનગરથી પદયાત્રાનો પ્રારંભ કરી ધ્રોલ તરફ પ્રયાણ કરવામાં આવશે અને રાત્રિ રોકાણ ધ્રોલ પાટિયા ખાતે કરવામાં આવશે. ત્યારબાદ બીજા દિવસે પદયાત્રા આગળ ધપાવવામાં આવશે અને માર્ગમાં નિર્ધારિત સ્થળોએ કેમ્પ તથા રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવશે. માર્ગમાં વિવિધ સ્થળોએ રોકાણ તથા ભોજન-પાણી સહિતની વ્યવસ્થા સંઘ દ્વારા કરવામાં આવશે. તા.૫ ના પદયાત્રા જામનગર તરફના માર્ગ પરથી આગળ વધીને નિર્ધારિત કેમ્પ ખાતે રાત્રિ રોકાણ કરશે. તા.૬ ના રોજ બપોરે આલપુરા મંદિર ખાતે પહોંચ્યા બાદ રાત્રિ રોકાણ કાગબવર માતાજીના મંદિર ખાતે રાખવામાં આવ્યું છે.

તા.૭ના રોજ બપોરે દુધઈ ધામ ખાતે દર્શન કર્યા બાદ પદયાત્રા આગળ વધશે અને રાત્રિ રોકાણ માટે નિર્ધારિત સ્થળે પહોંચશે. તા.૮ ના રોજ પણ પદયાત્રા આગળ વધારી માધાપર સહિતના માર્ગ પરના સ્થળોએ રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવશે. તા.૯ ના રોજ પદયાત્રા આગળ વધશે અને માર્ગમાં નિર્ધારિત કેમ્પ તથા હરે દાદાની વાડી સહિતના સ્થળોએ રોકાણ કરવામાં આવશે. તા.૧૦ ના રોજ પદયાત્રા અંતિમ તબક્કામાં પ્રવેશશે અને રાત્રિ રોકાણ પરબતસર ખાતે કરવામાં આવશે.

પદયાત્રાના અંતિમ દિવસે તા.૧૧ ઓક્ટોબરના રોજ સંઘ માતાના મઢ તરફ પ્રયાણ કરશે. માર્ગમાં નિર્ધારિત કેમ્પ ખાતે વિશ્રામ બાદ પદયાત્રીઓ માતાના મઢ પહોંચશે અને માતાજીના દર્શન સાથે ૧૧ દિવસીય પદયાત્રાનું ભવ્ય સમાપન થશે.

જય હિંગળાજ પદયાત્રી સંઘના આયોજકો દ્વારા પદયાત્રામાં જોડાનારા ભક્તો માટે ખાસ માર્ગદર્શિકા અને નિયમો જાહેર કરવામાં આવ્યા છે. સંઘમાં જોડાનાર તમામ પદયાત્રીઓએ સવારે અને સાંજે નિર્ધારિત સમયે હાજરી આપવી ફરજિયાત રહેશે તેમજ સંઘના તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરી પદયાત્રાને શિસ્તબદ્ધ રીતે પૂર્ણ કરવા જણાવાયું છે.

પદયાત્રીઓએ પોતાની જરૂરિયાત મુજબ વ્યક્તિગત સામગ્રી, દવાઓ તથા જરૂરી વસ્તુઓ પોતાની સાથે રાખવાની રહેશે. બીમાર અથવા શારીરિક રીતે પદયાત્રા કરવા માટે અસમર્થ વ્યક્તિઓને જોડાવું નહીં તેવી પણ આયોજકો દ્વારા વિનંતી કરવામાં આવી છે. કોઈ વ્યક્તિ પોતાની જવાબદારી પર પદયાત્રામાં જોડાય તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વ્યક્તિની રહેશે અને તેના માટે સંઘ જવાબદાર રહેશે નહીં.

પદયાત્રા દરમિયાન અનુશાસન જળવાઈ રહે તે માટે સંઘના નિયમોનું પાલન કરવા ખાસ સૂચના આપવામાં આવી છે. નિયમોનો ભંગ કરનાર અથવા શિસ્ત વિરુદ્ધ વર્તન કરનાર વ્યક્તિને સંઘમાંથી તાત્કાલિક છૂટા કરવામાં આવશે તેમ આયોજકો દ્વારા જણાવાયું છે.

## ઓખા નગરપાલિકાની ચૂંટણીમાં 'આપ' તમામ ૩૬ બેઠકો પર ચૂંટણી લડશે

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી મોટા વિસ્તારવાળી ઓખા નગરપાલિકાની ચૂંટણી જાહેર થતા જ આમ આદમી પાર્ટી ચૂંટણી લડવા મેદાને ઉતરી છે. પક્ષની સંકલન સમીક્ષા બેઠક યોજીને ઓખા નગરપાલિકાની તમામ ૩૬ બેઠકો પર આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે તેવી જાહેરાત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ઓખા નગરપાલિકામાં છેલ્લા પાત્રીસ વર્ષથી ધારાસભ્ય પબુભા માણેકના માર્ગદર્શનમાં ભાજપનું શાસન છે. અહી અનેક બેઠકો બીનહરીફ થાય છે. હાલમાં ભાજપનું શાસન છે ત્યારે ઓખા નગરપાલિકામાં આપ અને કોંગ્રેસ પણ મેદાને પડશે. આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ રામજીભાઈ સતવારા તથા અગ્રણી રામ જોગાણીની ઉપસ્થિતિમાં સમીક્ષા સંકલન બેઠક યોજાઈ હતી.

## જામનગરમાં સોમવારે દુંદાળા દેવની વધુ ૮૨ મૂર્તિઓનું વિસર્જન

જામનગર : જામનગરમાં ગણેશોત્સવ અંતર્ગત ગણેશ મૂર્તિઓના વિસર્જનનો ગઈકાલે આઠમો દિવસ હતો. જામનગર મહાનગરપાલિકા દ્વારા ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે ખંભાળિયા બાયપાસ તથા સરદાર રિવેરા ખાતે તૈયાર કરવામાં આવેલા બંને વિસર્જન કુંડ ખાતે ગઈકાલે પણ ગણેશ ભક્તો અને ગણેશ મંડળો દ્વારા ગણપતિ બાપાની મૂર્તિઓનું વિધિવત્ વિસર્જન કરવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકાના આંકડા મુજબ ગઈકાલ તા. ૨૧ ના રોજ આઠમા દિવસે ખંભાળિયા બાયપાસ વિસર્જન કુંડમાં ૫૮ તથા સરદાર રિવેરા વિસર્જન કુંડમાં ૨૪ મળી બંને કુંડમાં કુલ ૮૨ ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં બંને કુંડમાં કુલ ૩૫૪૬ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું છે.



તસવીર: સુનિલ ચુડાસમા

## દ્વારકાના ગોમતી ઘાટના રાજાને ચલણી નોટો સાથે વિશિષ્ટ દર્શન મનોરથ



દ્વારકા : દ્વારકાના ગોમતી ઘાટ પાસે ગોમતીઘાટ કા રાજાને ગઈકાલે ગણેશ મહોત્સવ દરમ્યાન લાખો રૂપિયાની ચલણી નોટો સાથેના વિશિષ્ટ શૃંગાર દર્શન યોજાયેલ. જેનો બહોળી સંખ્યામાં ભકતોએ લાભલીધેલ.

દર્શન મનોરથને સફળ બનાવવા ઋત્વીક પાઢના માર્ગદર્શન હેઠળ ધરતી, ફેની, જયોત, હેમાંગીની, ભાર્ગવ, કૌશિક, ગોપાલ, બલરામ, કરણ, શીતાંશુ, પર્વ, આસ્થા, વૃંદા, જીત, જેનીસ, દિવ્ય, માનુ, ક્રિષ્ણ, જયેશ, હિત, ઓમ, શ્લોક, હિતાંશુ વગેરેએ જહેમત ઉઠાવેલ.

## ભાટીયા અને ખંભાળિયામાં દારૂની ૨૧ બાટલી સાથે ત્રણ ઝડપાયા, એક ફરાર

ખંભાળિયા : કલ્યાણપુર તાબેના ભાટીયા અને ખંભાળિયાના ઘી ડેમ પાસેથી પોલીસ ઈંગ્લિશ દારૂની નાની - મોટી ૨૧ બાટલીઓ સાથે ત્રણ શખ્સને ઝડપી લઈ રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જયારે એકને ફરાર જાહેર કરી તમામ વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામમાં આવેલી યોગેશ્વર સોસાયટી ખાતે રહેતો નરશીભાઈ અરજણભાઈ ડાભી નામનો શખ્સ અત્રે બાયપાસ રોડ પરથી પસાર થતો હોય દરમિયાન ચોક્કસ બાતમીના આધારે સ્થાનિક પોલીસે અટકાવી તલાસી લેતા તેના પાસેથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની ૧૭ બાટલીઓ મળી આવતા ધરપકડ કરી રૂ. ૧૧૧૫૨ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે ખંભાળિયાથી ૨ કિમી દુર આવેલ ઘી ડેમ પાસેથી પસાર થતા મનુભાઈ રાજાભાઈ સાલાણી અને રવિભાઈ ગોવિંદભાઈ ધાંગાણી નામના બે શખ્સને સ્થાનિક પોલીસે ઈંગ્લિશ દારૂના ૪ નંગ ચપલા સાથે ઝડપી લઈ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૧૦૩૬૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જયારે સંજયભાઈ હરીયાણી નામના શખ્સની સંડોવણી ખુલતા તેને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## જામનગરમાં બેફામ કારચાલકે બાઈકને ટક્કર મારતાં આધેડ ઈજાગ્રસ્ત

જામનગર : જામનગરના ગુલાબનગર વિસ્તારમાં બેફામ ઝડપે આવેલી ફોરવ્હીલ કારના ચાલકે સ્પ્લેન્ડર મોટરસાઈકલને સાઈડમાંથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જેમાં બાઈક ચાલક આધેડ રસ્તા પર પટકાતાં તેમને ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડાયા હતા. જયારે અકસ્માત બાદ કારચાલક નાસી છૂટ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના ગુલાબનગર, વૃંદાવન-૦૧, મહાદેવ મંદિર પાસે રહેતા દેવરાજભાઈ ચનાભાઈ બરબચીયા (ઉં.વ. ૫૮) પોતાના સ્પ્લેન્ડર બાઈક નં. જીજે-૧૦-ડીસી-૬૫૫૬ લઈને નવા મકાન તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ઘરથી થોડે આગળ આવેલા ચોકડી પાસે પુરપાટ ઝડપે આવેલી ફોરવ્હીલ કાર નં. જીજે-૦૩-એમઈ-૨૯૨૯ના ચાલકે બેફિકરાઈ અને ગફલતભરી રીતે વાહન ચલાવી તેમની બાઈકને સાઈડમાંથી ટક્કર મારી હતી.

જે અકસ્માતમાં દેવરાજભાઈ ફંગોળાઈ જઈ રસ્તા પર પટકાયા હતા. જેથી તેઓને શરીરના વિવિધ ભાગમાં ઈજાઓ થઈ હતી. દરમ્યાન આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે તેમને ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

## જામજોધપુરના અમરાપર ગામે જાહેરમાં જુગાર રમતી છ મહિલાઓ ઝડપાઈ

જામનગર : જામજોધપુર તાલુકાના અમરાપર ગામમાં જાહેરમાં ગંજીપતાના પાના વડે તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં રામદેભાઈ વદરના ઘરની બહાર જાહેરમાં જુગાર રમતી ૬ મહિલાઓને ઝડપી લીધી હતી.

પ્રાપ્ત વિગત મુજબ જામજોધપુર તાલુકાના અમરાપર ગામે જુગાર રમતો હોવાની બતમટ પરથી પોલીસે દરોડો પડી

જુગાર રમતી રાણીબેન રામદેભાઈ વદર, હંસાબેન મનસુખભાઈ પેશીવારા, મિતલબેન વિજયભાઈ ચૌહાણ, સાકરબેન રમેશભાઈ ઓડેદરા, નાથીબેન ઘેલાભાઈ વદર અને દેવીબેન કેશુભાઈ બાપોદરાને ઝડપી લઈ તેઓ પાસેથી રૂ.૧૦,૬૨૦ રોકડ રકમ કબ્જે કરી છે.

## ખાદી ભંડાર પાસેનું યુરિનલ તોડી પાડયું



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરના ગીચ ગણાતા રણજિત રોડ પર આવેલ ખાદી ભંડાર પાસેની જૂની અને જર્જરિત મૂતરડીને તોડી પાડવામાં આવી છે. આ વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા અને નાગરિકોને સુવિધા પૂરી પાડવાના હેતુથી આ જૂની મૂતરડી હટાવી ત્યાં નવીન અને આધુનિક પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. જેના ભાગરૂપે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## જામનગરમાં ૩૦૩ કિલો અખાદ્ય ખોરાકનો નાશ : ૧૧૮ વેપારીઓને ત્યાં ચેકીંગ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરીજનોના આરોગ્ય સાથે ચેડાને ડામવા માટે શહેરના તમામ મુખ્ય વિસ્તારોને આવરી હોટલ-રેસ્ટોરન્ટ, ફરસાણની દુકાનો અને રેકડીઓ સહિત જુદી જુદી ૧૧૮ પેઢીઓમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.જેમાં જુદા જુદા સ્થળોથી ૩૦૩ કિલો અખાધ ખોરાકનો જથ્થો ઉપરાંત ૧૦ કિલો તેલનો નાશ કર્યો હતો.જયારે ૮૩ નમૂનાઓ એકત્ર કરી પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલાયા છે.

ફૂડ સેફ્ટી ઓફિસરની ટીમે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી હોટેલ, રેસ્ટોરન્ટ, ફરસાણની દુકાનો અને રેકડીઓ પર ત્રાટકીને સઘન તપાસ હાથ ધરી હતી.જે તપાસ દરમિયાન ખોડિયાર કોલોની, દિગ્વિજય પ્લોટ, પ્રદર્શન મેદાન, ગુલાબનગર, હવાઈ ચોક અને લાલપુર બાયપાસ જેવા મુખ્ય વિસ્તારોમાં આવેલી કુલ ૧૧૮ પેઢીઓનું ફૂડ વિભાગની ટીમો દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમિયાન ૩૦૩ કિલો વાસી અને અસ્વચ્છ ખોરાક મળી આવતાં . પણ તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, અસ્વચ્છતા અને અનહાઈજેનિક દંડ ફટકારવામાં આવ્યો છે. ટીમે સ્થળ પર જ પ્રેક્ટિસ બદલ ૧૯ પેઢીઓને કુલ ૭૭૦૦૦નો તપાસ કરીને ૭૨ સેમ્પલ ઢીચડા ખાતે ચકાસણી અર્થે મોકલ્યા છે, જયારે ૧૧ નમૂના વધુ લેબોરેટરી ટેસ્ટિંગ માટે વડોદરા મોકલવામાં આવ્યા છે. જે સાથે જ ફૂડ વિભાગે જુદી જુદી પેઢીઓમાં તપાસ કાર્યવાહી દરમિયાન ૫૯ કિલો પ્રિન્ટેડ પસ્તીનો પણ નાશ કરાવ્યો હતો.

## સમર્પણ હોસ્પિટલના ગેટ બહાર વૃદ્ધનો મૃતદેહ સાંપડ્યો

જામનગર : જામનગર શહેરમાં સમર્પણ હોસ્પિટલના ગેઈટ બહાર આશરે ૭૫ વર્ષીય અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા પોલીસે કબ્જો સાંભળી તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, જામનગર નજીક સમર્પણ હોસ્પિટલના ગેઈટ બહાર આશરે ૭૫ વર્ષના અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે દરેડ વિસ્તારમાં ઘઉંના ગોડાઉન પાસે રહેતા રાજેશભાઈ બુધાભાઈ ખરાએ પોલીસને જાણ કરવામાં આવતા ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી તપાસ હાથ ધરી હતી. જેમાં કોઈ બીમારીના કારણે મોત થયું હોવાનું જણાયું છે. બનાવ અંગે સીટી-સી પોલીસે મૃતકની ઓળખ સહિતની વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગર જિલ્લામાં સગીરાના દુષ્કર્મ કેસમાં આરોપીની જામીન અરજી નામંજૂર

જામનગર : જામનગર જિલ્લામાં ૧૫ વર્ષની સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપી વિજય ટોયટાએ ચાર્જશીટ બાદ જામીન પર મુક્ત થવા માટે કરેલી અરજી જામનગરની પોક્સો અદાલતે નામંજૂર કરી છે.

આ કેસમાં સગીરાના વાલીએ તા.૧૧ જુલાઈના રોજ વિજય ટોયટા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં પોતાની ૧૫ વર્ષની સગીર વયની પુત્રીને ધાક-ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. ફરિયાદના આધારે પોલીસે દુષ્કર્મ તથા પોક્સો અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી આરોપી વિજય ટોયટાની ધરપકડ કરી હતી.

આરોપી જેલમાં ગયા બાદ પોલીસે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજૂ કરી હતી. ત્યારબાદ આરોપીએ જામીન પર મુક્ત થવા માટે સેશન્સ અદાલતમાં અરજી કરી હતી. આ અરજીના વિરોધમાં સરકારી વકીલ રાજેશ વશીયરે રજૂઆત કરી હતી કે, આ પ્રકારનો ગુનો સમાજ પર ગંભીર અસર કરનારો છે. આરોપીએ ૧૫ વર્ષની સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચર્યું હોવાના આક્ષેપ છે અને તપાસ દરમિયાન આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા મળતાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે.

તેથી આરોપીને જામીન પર મુક્ત ન કરવો જોઈએ. બંને પક્ષોની રજૂઆત તથા કેસની હકીકતોને ધ્યાને લીધા બાદ જામનગરની પોક્સો અદાલતે આરોપી વિજય ટોયટાની જામીન અરજી નામંજૂર કરી હતી.

**પશ્ચિમ રેલવે રાજકોટ મંડળ**

**CCTV કેમેરાની વ્યવસ્થા**

**ઈ-ટેન્ડર સૂચના ક્રમ.: DRM-RJT-26-27-SnT-E-17R1 તા. 18.09.2026**
**કામનું નામ:** રાજકોટ મંડળ: રાજકોટ મંડળ હેઠળના માનવ સંચાલિત નોન-ઈન્ટરલોક્ડ LC ગેટ્સ પર CCTV કેમેરાની વ્યવસ્થા.
**અંદાજિત ટેન્ડર કિંમત:** ₹3,23,94,118.04 (રૂપિયા ત્રણ કરોડ ત્રેવીસ લાખ ચોરાણું હજાર એકસો અઢાર અને ચાર પૈસા માત્ર)
**ઈએમડી રકમ:** ₹6,47,900.00 (રૂપિયા છ લાખ સુડતાલીસ હજાર નવ સો માત્ર)
**ટેન્ડર ફોર્મ ફી:** ₹00.00 (શૂન્ય) GCC-2022 ના પેરા-3 મુજબ. **ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ અને સમય:** 09-10-2026ના રોજ 15:30 કલાક સુધી. **વેબસાઈટ:** www.ireps.gov.in
**કચેરીનું સરનામું:** મંડળ રેલ પ્રબંધક (S&T), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001. RJT 148

અમને લાઈક કરો: facebook.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ડિજિટલ ભારતનો નવો અભિગમ

રાષ્ટ્ર માટે વિકાસની એક નવી દિશા નિર્ધારિત થઈ ચૂકી છે આજે આપણો દેશ વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રમાં ઝડપભેર પ્રગતિ કરી રહ્યો છે ભાવનગર નજીક ધોલેરામાં સેમિકન્ડક્ટરના મોટા ઉદ્યોગો શરૂ થઈ રહ્યા છે. જેને કારણે ભાવનગર નો વિકાસ સાથો સાથ થવાનો જ છે આ માટે ભાવનગર પંથકમાં રોજગારીની નવી તકો પણ નિર્માણ થશે. માત્ર ધોલેરા અમદાવાદ કે ભાવનગરના વિકાસની વાત નથી કે ગુજરાતના વિકાસની વાત નથી પરંતુ આ સમગ્ર રાષ્ટ્રના વિકાસની વાત છે જે આપણા માટે ગૌરવની વસ્તુ છે.ભારત આજે એક નવા યુગમાં પ્રવેશ કરી રહ્યું છે. આ યુગ છે ડિજિટલ યુગ. આ યુગમાં દેશની પ્રગતિ ટેક્નોલોજી પર આધારિત છે. દરેક નાગરિકના હાથમાં મોબાઈલ છે. દરેક ઘરમાં ઈન્ટરનેટ છે. દરેક ઓફિસમાં કમ્પ્યુટર છે. આ બધું ડિજિટલ ક્રાંતિનું પરિણામ છે. પરંતુ આ ક્રાંતિ સાથે એક મોટો પડકાર પણ આવ્યો છે. તે પડકાર છે સાયબર સુરક્ષાનો. આ પડકારને હલ કરવા માટે દેશે હવે એક નવી સંરક્ષણ કવચ બનાવવાનું શરૂ કર્યું છે.આ કવચનું કેન્દ્ર છે સેમિકન્ડક્ટર ઉદ્યોગ. સેમિકન્ડક્ટર એટલે ચિપ. ચિપ એ ડિજિટલ ઉપકરણોનો આત્મા છે. ચિપ વગર કોઈ પણ ઈલેક્ટ્રોનિક વસ્તુ ચાલી શકતી નથી. મોબાઈલથી લઈને વિમાન સુધી, બધામાં ચિપ વપરાય છે. તેથી ચિપનું ઉત્પાદન દેશ માટે ખૂબ મહત્વપૂર્ણ છે. ભારત હવે આ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા માંગે છે. આ માટે સરકારે ઘણી યોજનાઓ શરૂ કરી છે. દેશમાં ચિપ ફેક્ટરીઓ ઊભી થઈ રહી છે. યુવાનોને આ ક્ષેત્રે તાલીમ મળી રહી છે.પરંતુ આ પ્રગતિ સાથે એક ચેતવણી પણ સામે આવી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં કહ્યું છે કે સેમિકન્ડક્ટર ઉદ્યોગને સાયબર હુમલાઓ અને ભૂ-રાજકીય જોખમો અંગે સતર્ક રહેવું જોઈએ. આ ચેતવણી ખૂબ ગંભીર છે. કારણ કે જ્યારે ભારત આ ક્ષેત્રે આગળ વધે છે, ત્યારે તે વૈશ્વિક બજારમાં સ્પર્ધા કરે છે. આ સ્પર્ધામાં કેટલાક સ્થાપિત હિતોને પડકાર મળે છે. તેથી તેઓ ભારતના ઉદ્યોગને નબળું પાડવા માટે ષડયંત્ર રચી શકે છે. સાયબર હુમલો એ આવા ષડયંત્રનું એક મુખ્ય હથિયાર છે.સાયબર હુમલો એટલે શું? તે એક એવો હુમલો છે જે ઈન્ટરનેટ દ્વારા થાય છે. તેમાં હેકર દૂર બેઠા બેઠા કોઈની સિસ્ટમમાં પ્રવેશ કરે છે. તે ડેટા ચોરી કરે છે. તે સિસ્ટમને બગાડે છે. તે મહત્વપૂર્ણ માહિતી નષ્ટ કરે છે. કેટલીક વાર તે ફેક્ટરીના મશીનોને પણ બંધ કરાવી દે છે. આજના સમયમાં આવા હુમલા ખૂબ સામાન્ય થઈ ગયા છે. મોટી કંપનીઓ, બેંકો અને સરકારી સંસ્થાઓ પર પણ આવા હુમલા થાય છે. તેથી સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે આ જોખમ વધુ ગંભીર છે. કારણ કે ત્યાં દેશની સૌથી સંવેદનશીલ ટેક્નોલોજી હોય છે.આ જોખમ સામે ભારતે પોતાની સંરક્ષણ વ્યવસ્થા મજબૂત કરવી પડશે. આ માટે ઘણા પગલાં લેવાની જરૂર છે. પહેલું પગલું છે જાગૃતિ. ઉદ્યોગ સાથે જોડાયેલા દરેક વ્યક્તિને સાયબર સુરક્ષાની તાલીમ મળવી જોઈએ. બીજું પગલું છે મજબૂત પાસવર્ડ અને પ્રમાણીકરણ. દરેક સિસ્ટમમાં બે-પગલાં પ્રમાણીકરણ ફરજિયાત કરવું જોઈએ. ત્રીજું પગલું છે નિયમિત તપાસ. સિસ્ટમમાં કોઈ નબળાઈ છે કે નહીં તે ચકાસવું જોઈએ. ચોથું પગલું છે સાયબર સુરક્ષા નિષ્ણાતોની ટીમ.

# દીકરો વહુનો કહ્યાગરો અને વહુ કર્કશા તે દીકરાના ગરીબ વિધુર બાપની અવહેલના એવી રીતે થઈ કે મજબૂરીમાં તેણે ઘર છોડીને રેલવે સ્ટેશન પરના ભિક્ષુકો ભેળો આશરો લેવો પડ્યો

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર


દીકરાની સૂચનાથી બાપાનાં વર્તનમાં ઘણો ફેર પડી ગયો હતો. હવે તેઓ બિનજરૂરી માથાઝીક કરતા ન હતા. વહુ ગમે ત્યાં જાય, ગમે ત્યારે આવે પણ ઊલટતપાસ કરતા ન હતા. કોઈ મહેમાન આવે કે તેઓ ચુપચાપ પોતાના રૂમમાં ચાલ્યા જતા.


આજ સવારમાં દૂધ ઉભરાઈ ગયું હતું. બપોરે શાક દાઝી ગયું હતું. દીકરો આજ બપોરે જમવા આવ્યો ન હતો. ફોન આવ્યા બાદ વહુ જમવા બેઠી ત્યારે તેની ભૂખ મરી ગઈ હતી. આજ તેને બપોરની ઊંઘ પણ નહોતી આવી. તેની અકળામણનો પાર ન હતો.

સસરા રસોડા સુધી જમવા માટે આવ્યા. વહુના નાકનું ટેરવું ચડી ગયું. સસરાએ જાતે રસોડું ખોલીને થાળી પીરસી જમી લીધું. થાળી વાટકો સાફ કરીને રસોડાના પ્લેટફોર્મ પર ઊંધા વાળી દીધાં. કોરા કરીને ગોઠવ્યાં નહીં તેથી વહુ બબડી, 'તોય પણ મારે તો હાથ ફેરવવાનો જ ને ? હૈયું બાળવા કરતાં હાથ બાળવા શું ખોટા ! એના કરતાં તેની રૂમમાં જ ચોંટી રહેતા હોય તો...' વહુના હૃદયવેધી બાણથી સસરાનું હૈયું વિંધાઈ ગયું.

'હવેથી રૂમમાં જ બેસી રહીશ બસ...! ' સસરાના વાક્યમાં ઘૂંટાયેલી કડવાશ છાની ન રહી.

'હા, હા તે બેસજો. કંઈ નવાઈ નથી કરતા. આ મકાન બાંધતા કંઈ તમારા દીકરાને જોર નથી આવ્યું.







આ તો મારા પપ્પાએ એમની દીકરીના સુખ ખાતર બંગલો બાંધી આપ્યો છે.' વહુ પણ બોલ્યા વગર ન રહી શકી.

'આ એકની એક વાત રોજરોજ તમે યાદ ન કરાવતા હો.'

'કેમ યાદ ન કરાવું ? આ તો મેં તમારા દીકરા જોડે લગ્ન કર્યા ને તમે આટલું સુખ જોવા પામ્યા. નહિતર તમારો દીકરો ક્યાંક કારકુની કરી ખાતો હોત ને તમે ગરીબીમાં હજી સડતા હોત...'

વહુ આજ હદ વટાવી રહી હતી. સસરાની અકળામણ વધવા લાગી. આ રીતે જીવવું એના કરતાં તો અહીંથી ચાલ્યા જવું સારું. પણ હવે શરીર સાથ નથી આપતું તે જાવું ક્યાં ? એમને પોતાનું બીજું સંતાન પણ ન હતું. તો પછી હવે બીજે ક્યાં આશરો શોધવો ?

જમાનો જોઈ ચૂકેલા સસરા ગમ ખાઈ ગયા.નહોતું ઉઠાતું છતાં પણ બે જોડ કપડાં થેલીમાં નાખ્યાં. સૂતી વખતે ઓઢવાની શાલ ખભે નાખી. લાકડીના ટેકે રૂમની બહાર આવ્યા. દરવાજો ખોલી ઘરની બહાર પગ મૂક્યો. ક્ષણભર થંભી ગયા. થયું : દીકરો આવે એટલે એને મળીને જ જાઉં, પણ એ આશા ફોગટની હતી. વહુ આગળ દીકરાનું કશું ઊપજતું ન હતું. વહુએ દીકરાનેય ખરીદી લીધો હતો.

આ સોસાયટીના કેટલાક વયોવૃદ્ધ વડીલો સામા મળ્યા ને તેમનાથી પૂછાઈ ગયું 'ક્યાં ઉપડ્યા !'

' ઉપરવાળો લઈ જાય ત્યાં... !' હતાશામાં જવાબ વાળ્યો.

' પણ, આ ઘર શું ખોટું છે?'

' આ ઘર ક્યાં મારું છે ? ને દીકરાનું પણ ક્યાં છે ? '

દરવાજે ઊભેલી વહુએ વડીલો સાથે થતી વાત સાંભળી, ને તે બોલી : 'હા હા, મારું ઘર છે. '

ને સસરા ત્યાંથી ચૂપચાપ નીકળી ગયા.વહુની લાલ આંખ જોતાં સોસાયટીના વૃદ્ધ વડીલો પણ મજબૂર બની ગયા !

રાતના આઠના ટકોરે બાપા આ નગરના રેલવે સ્ટેશનના બાંકડે આવીને બેસી ગયા. પ્લેટફોર્મ સામે કોઈ ટ્રેન ઊભી ન હતી. કેટલાક ભિક્ષુકો પ્લેટફોર્મ પર ધામા નાખીને રાત કાઢી નાંખતા હોય છે. સ્ટેશનની બહારના રસ્તે રેસ્ટોરન્ટ કે હોટલનાં શટર પાડતી વખતે જે કાંઈ રાંધેલું વધ્યું હોય તે વેપારીઓ આ પ્લેટફોર્મ પર લાવીને ભિક્ષુકોને દરરોજ ખવડાવી જતાં. આજે પણ એ ક્રમ પ્રમાણે ભોજન વિતરણ થયું ત્યારે બાંકડેથી નીચે બેસી જઈને બાપાએ પણ પેટનો ખાડો પૂર્યો, પ્લેટફોર્મ પર પરબના નળેથી ખોબો વાળીને પાણી પીધું ને થેલીના ઓશિકે માથું ટેકવી, જૂની શાલ ઓઢીને ત્યાં જ લંબાવ્યું. હવે સવાર પડે ત્યારે ભગવાન જેવો ધણી...!

# જેમ સંપત્તિની રક્ષા માટે તિજોરી આવશ્યક છે તેમ સદ્ગુણોની રક્ષા માટે નિયમો આવશ્યક

''મળેલ સંપત્તિની રક્ષા માટે જેમ તિજોરી આવશ્યક છે, લહેરાઈ ઊઠેલ લબાલબ પાકની રક્ષા માટે જેમ વાડ આવશ્યક છે; તેમ પ્રાપ્ત ગુણોની રક્ષા માટે એને અનુરૂપ નિયમો આવશ્યક છે. જેમ કે પ્રાપ્ત બ્રહ્મચર્યગુણની રક્ષા માટે વિકારોત્તેજક દશ્યોનો-સાહિત્યનો ત્યાગ અને અનાયતનો ત્યાગ જોઈએ, તો પ્રાપ્ત જ્ઞાનગુણની રક્ષા માટે વિકથા-પ્રમાદનો ત્યાગ જોઈએ. તો જ સ્વાધ્યાયાદિ દ્વારા તેની રક્ષા થાય.''

ધર્મરત્નપ્રકરણગ્રન્થકાર પૂર્વમહર્ષિએ એ ગ્રન્થમાં શુદ્ધ ધર્મપ્રાપ્તિની ભૂમિકારૂપ જે એકવીશ ગુણ દર્શાવ્યા છે એમાંના બારમા 'ગુણાનુરાગ' નામે ગુણ પર આપણે વિચારણા કરી રહ્યા છીએ. પૂર્વલેખમાં આપણે 'અ'થી શરૂ થતી ચાર બાબતો દ્વારા ગુણાનુરાગગુણની વિચારણા કરી. આ લેખમાં આપણે ગ્રન્થકારે મૂળ ગાથામાં દર્શાવેલ ચાર બાબતો પર વિચારણા કરીશું :

(૧) ગુણવાન પ્રત્યે બહુમાન : આ બાબતોનો નિર્દેશ કરતા ગ્રન્થકારે આ શબ્દોનો પ્રયોગ કર્યો છે કે 'ગુણવંતે બહુ મન્નઈ.' આનો મતલબ માત્ર એ જ છે કે ખરા અર્થમાં ગુણાનુરાગ કેળવવો હોય તો તે ગુણો જેમનામાં હોય તે તે વ્યક્તિ પ્રત્યે પણ ઉછળતો આનંદ હોવો જોઈએ. ઉદાહરણરૂપે આપણને પ્રભુભક્તિનો-ગુરુભક્તિનો ગુણ ખૂબ પસંદ હોય તો જે વ્યક્તિનાં જીવનમાં અવ્વલ દરજ્જાની વિશિષ્ટ પ્રભુભક્તિ યા ગુરુભક્તિ હોય એના પ્રત્યે આપણા અંતરમાં પણ બહુમાનભાવ પ્રગટવો જોઈએ. ધારો કે આપણને દાન-શીયલ, કે તપનો ગુણ ખૂબ પસંદહોય તો જે વ્યક્તિનાં જીવનમાં ઉદાર દાનવૃત્તિ-ચુસ્ત ચારિત્રપાલન યા ઉત્તમ તપ નિહાળવા મળે એના પ્રત્યે આપણું હૈયું આદરથી ઓળઘોળ થઈ જવું જોઈએ.

તકલીફ ત્યાં છે કે ઘણી વાર આપણે વ્યક્તિના તે તે ગુણના બદલે એનાં વ્યક્તિત્વનાં અન્યાન્ય પાસાઓને મનથી આગળ ધરી દઈને એના પ્રત્યેના બહુમાનભાવથી વંચિત રહી જતા હોઈએ છીએ. જેમ કે 'આ તો બહુ ગુસ્સાવાળો છે, આ તો મારાથી સાવ સામાન્ય-નગણ્ય છે' ઈત્યાદિ. આવું ન બને તે માટે સંસ્કૃત સુભાષિતકારો મસ્ત માર્ગદર્શન આપે છે કે ''ગુણા : પૂજાસ્થાનં ગુણિષુ ન ચ લિંગિં ન ચ વય. : ભાવાર્થ કે ગુણવાન વ્યક્તિમાં રહેલ તે તે વિશિષ્ટ ગુણ પૂજાપાત્ર છે. એને જ નજરમાં રાખો. એ ન વિચારો કે એનું વય શું છે, એ સ્ત્રી છે કે પુરુષ, એ સામાન્ય છે કે વિશેષ. આવી આવી કોઈ બાબત ન વિચારાય અને માત્ર વ્યક્તિના તે તે વિશિષ્ટ. ગુણને જ નજરમાં વસાવાય ત્યાં ગુણવાન વ્યક્તિ પ્રત્યે કેવો બહુમાનભાવ-આદરભાવ વિલસે તે નિહાળવું છે ? તો વાંચો આ વિરલ સત્ય ઘટના :

આઝાદી પૂર્વે ભારતમાં મૈસુર (આજનું કર્ણાટક) રાજ્ય હતું. એમાં રામશાસ્ત્રી નામે પ્રસિદ્ધ વિદ્વાન રહે. દિગ્ગજ વિદ્વાનરૂપે એમની ખ્યાતિ દેશ-પરદેશમાં ફેલાયેલી હતી. એ અરસામાં એક વાર મૈસુર સ્ટેટના મહારાજા કાર્યવશ પરદેશમાં જર્મની ગયા. ત્યાંના એક સમારોહમાં પરદેશી મહાનુભાવે એમને પૂછ્યું : ''ભારતના ક્યાં સ્ટેટના તમે રાજવી છો ?'' ''મૈસુર સ્ટેટના.'' મહારાજાએ ઉત્તર આપ્યો. પેલા મહાનુભાવે આહોભાવથી ઊછળી પડતા પૂછ્યું : ''કયુ મૈસુર ? રામશાસ્ત્રીજી જ્યાં રહે છે એ ?'' હા, એ જ મૈસુર.'' મહારાજાએ મલકાતા મુખે ઉત્તર આપ્યો, મહારાજાએ મનોમન બરાબર નોંધ્યું કે મૈસુરનું અને રામશાસ્ત્રીનું નામ આવ્યા પછી એ મહાનુભાવ અતિશય આનંદિત થઈ ગયા હતા.

વિશેષ

જર્મનીના પ્રવાસેથી તેઓ જ્યારે મૈસુર સ્ટેટમાં આવ્યા ત્યારે મહારાજાએ જરા ય નાનપ વિના ભરસભામાં આ સમગ્ર પ્રસંગ વર્ણવી હર્ષથી હસુ હસુ થતા ચહેરે રામશાસ્ત્રીને કહ્યું : ''શાસ્ત્રીજી તમારાં જ્ઞાનની-વિદ્વત્તાની સુવાસ પરદેશમાં ય કેવી જબરજસ્ત પ્રસરેલી છે તે મને આ ઘટનાથી સમજાય છે. અહીં આ રાજ્યમાં ભલે હું રાજા અને તમે પ્રજા છો. પરંતુ ત્યાં-પરદેશમાં તો તમે રાજા હો અને હું તમારી પ્રજા હોઉં એવું મને તે સમયે લાગ્યું. ''સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે'' આ સંસ્કૃત ઉક્તિ મારા-તમારા કિસ્સામાં અક્ષરશ : સત્ય છે.

શું છે આ શબ્દો ? જ્ઞાન નામે ગુણ પ્રત્યેના મહારાજાનો હાર્દિક બહુમાનભાવ. એ સિવાય મહારાજાની કક્ષાની વ્યક્તિ પોતાના પ્રજાજન માટે આવા શબ્દો ક્યાંથી ઉચ્ચારી શકે ?

(૨) ગુણસંગ્રહનો પ્રયાસ : ગુણાનુરાગ નામે ગુણને ખરા અર્થમાં સાર્થક કરવો હોય એટલે કે પરિણામદાયી બનાવવો હોય તો આ બીજી ક્રમની બાબત પૂર્ણ નિષ્ઠાથી અપનાવવી જોઈએ. વ્યાપારી ધનસંગ્રહનું લક્ષ્ય ધરાવે અને એને સિદ્ધ કરવા વિવિધ ઉપાયો અજમાવે. જેમ કે વ્યવસાયમાં નિયમિતપણે અપ્રમાદી રહી સમય આપવો, સીઝનમાં ઓવરટાઈમ કરવો, વ્યવસાયની નવી નવી પદ્ધતિઓ અપનાવવી, ગ્રાહકોને સાચવવા વગેરે પદ્ધતિ એ અપનાવે.

બરાબર આ જ રીતે ગુણસંગ્રહનું લક્ષ્ય ધરાવનારે પણ એને સિદ્ધ કરવા વિવિધ ઉપાયો અજમાવવાના રહે. જેમ કે જ્ઞાનગુણની પ્રાપ્તિ કરવી હોય તો જ્ઞાનનાં ખમાસમણ-જ્ઞાનનો કાયોત્સર્ગ-નિયમિત કલાકોપર્યંત શ્રુતનું કંઠસ્થીકરણ-વાંચન-તત્વચર્ચા-પૃચ્છા જેવા ઉપાયો અજમાવવા જોઈએ, તો ચારિત્રગુણની પ્રાપ્તિ માટે સંયમી ભગવંતોની વૈયાવચ્ચ-ચારિત્રપોષક નિયમ સ્વીકાર-ચારિત્રતા ભાવ દઢ કરતા સાહિત્યનું વાંચન-અસંયમનાં આલંબનોથી દૂરી વગેરે જેવી પદ્ધતિઓ અપનાવવી જોઈએ.

# સોલાર પેનલની નવી ટેક્નોલોજી

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

આજની નવી સૌર ટેકનોલોજીનો હેતુ માત્ર વધુ વીજળી બનાવવાનો નથી. ઓછી જગ્યામાં વધુ વીજળી, ગરમીમાં સારી કામગીરી, લાંબું આયુષ્ય, ઓછું નુકસાન, સરળ દેખરેખ અને પર્યાવરણને ઓછું નુકસાન—આ બધા મુદ્દાઓ પર પણ સંશોધન થઈ રહ્યું છે.

**સૂર્યપ્રકાશથી વીજળી બનાવતી પેનલને સૌર પેનલ અથવા સોલાર પેનલ કહેવામાં આવે છે. તેમાં રહેલા સોલાર સેલ સૂર્યપ્રકાશને વીજળીમાં ફેરવે છે. સૌર સેલમાં સૂર્યપ્રકાશ પડતાં ઇલેક્ટ્રોનની ગતિ શરૂ થાય છે અને વીજળી ઉત્પન્ન થાય છે. આ વીજળી સામાન્ય રીતે પહેલાં ડીસી સ્વરૂપમાં બને છે, પછી ઇન્વર્ટર તેને એસી સ્વરૂપમાં ફેરવે છે જેથી ઘર અને ઉદ્યોગમાં તેનો ઉપયોગ કરી શકાય.**

ઘણા વર્ષો સુધી પી-ઈ-આર-સી એટલે કે પેસિવેટેડ એમિટર એન્ડ રિયર સેલ ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ થતો હતો. આ ટેકનોલોજીમાં સેલની પાછળની સપાટી સુધારીને પ્રકાશમાંથી વધુ વીજળી મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે.હવે ઉદ્યોગ ધીમે ધીમે એન-ટાઈપ સિલિકોન ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યો છે. એન-ટાઈપ સેલમાં વીજળીના વહન દરમિયાન થતું ઊર્જા નુકસાન ઓછું કરવાની રચના હોય છે. તેથી તે વધુ કાર્યક્ષમતા અને લાંબા સમય સુધી સ્થિર કામગીરી માટે ઉપયોગી બની શકે છે.સૌર પેનલ ખરીદતી વખતે માત્ર પેનલ કેટલા વોટની છે તે જોવું પૂરતું નથી. પેનલની કાર્યક્ષમતા, ગરમીમાં થતું નુકસાન, વર્ષો પછી વીજ ઉત્પાદન કેટલું ઘટશે, વોરંટી અને કંપનીની સેવા પણ તપાસવી જોઈએ.ટોપકૉનનો સંપૂર્ણ અર્થ ટનલ ઑક્સાઈડ પેસિવેટેડ કોન્ટેક્ટ છે. આ ટેકનોલોજીમાં સિલિકોન સેલની પાછળ ખૂબ પાતળું ઑક્સાઈડ સ્તર અને વિશેષ સિલિકોન સંપર્ક મૂકવામાં આવે છે. આ રચના વીજળીના બિનજરૂરી નુકસાનને ઘટાડે છે.ટોપકૉન પેનલના મુખ્ય લાભ એ છે કે તે જૂની ટેકનોલોજી કરતાં વધુ કાર્યક્ષમતા આપી શકે છે. એકસરખી છત પર વધુ વોટની પેનલ લગાવી શકાય છે. જ્યાં છતની જગ્યા ઓછી હોય ત્યાં આ લાભ ખાસ મહત્વનો બને છે.ટોપકૉન ટેકનોલોજીનું ઉત્પાદન ઘણા ઉત્પાદકો મોટા પાયે કરી શકે છે. તેથી તે માત્ર પ્રયોગશાળાની ટેકનોલોજી નથી રહી, પરંતુ બજારમાં સરળતાથી ઉપલબ્ધ વિકલ્પ બની રહી છે. જોકે દરેક કંપનીના મોડેલમાં કાર્યક્ષમતા, વોરંટી અને ગુણવત્તા અલગ હોઈ શકે છે.એચજેટીનો અર્થ હેટેરોજંક્શન ટેકનોલોજી છે. તેમાં સ્ફટિકીય સિલિકોનના પાતળા પટ્ટા સાથે બંને બાજુ ખાસ પ્રકારના પાતળા સિલિકોન સ્તરો જોડવામાં આવે છે. આ સ્તરો વીજળીના નુકસાનને ઓછું કરવામાં મદદ કરે છે.એચજેટી પેનલનો એક મહત્વનો લાભ ગરમ હવામાનમાં જોવા મળે છે. તાપમાન વધે ત્યારે સામાન્ય પેનલનું ઉત્પાદન ઘટી શકે છે, પરંતુ એચજેટી પેનલમાં આ ઘટાડો તુલનાત્મક રીતે ઓછો હોઈ શકે છે.એચજેટી પેનલના અન્ય લાભોમાં ઊંચી કાર્યક્ષમતા, લાંબું આયુષ્ય અને બંને બાજુથી પ્રકાશ મેળવવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. તેની ઉત્પાદન પ્રક્રિયા કેટલીક વખત વધુ ખર્ચાળ હોઈ શકે છે. ગરમ પ્રદેશો, ઓછી જગ્યા અને લાંબા ગાળાની યોજના ધરાવતા ગ્રાહકો માટે એચજેટી ઉપયોગી વિકલ્પ બની શકે છે.બાઈફેશિયલનો અર્થ બંને બાજુથી પ્રકાશ મેળવતી પેનલ થાય છે. સામાન્ય પેનલ મુખ્યત્વે આગળની બાજુથી પ્રકાશ લે છે, જ્યારે બાઈફેશિયલ પેનલ આગળની સાથે પાછળથી પરાવર્તિત પ્રકાશ પણ ઉપયોગમાં લઈ શકે છે.

આ પ્રકારની પેનલ ખુલ્લી જમીન, સોલાર કારપોર્ટ, ઉદ્યોગની છત અથવા એવી જગ્યાએ વધુ ઉપયોગી બને છે જ્યાં પેનલની પાછળ પણ પ્રકાશ પહોંચે. સફેદ છત અથવા પ્રકાશ પરાવર્તિત કરતી જમીન હોય તો પાછળની બાજુથી વધારું વીજ ઉત્પાદન થઈ શકે છે.પરંતુ બાઈફેશિયલ પેનલનો લાભ દરેક છત પર સરખો મળતો નથી. પેનલ જમીનથી કેટલી ઊંચી છે, પાછળ કેટલો પ્રકાશ પહોંચે છે, આસપાસ છાંયો છે કે નહીં અને જમીનનો રંગ કેવો છે—આ બધું ઉત્પાદન પર અસર કરે છે.પેરોવ્સ્કાઈટ એક નવી પ્રકાશ શોષક સામગ્રી છે. તેને સિલિકોન સેલની ઉપરનું સ્તર બનાવીને પેરોવ્સ્કાઈટ-સિલિકોન ટેન્ડમ સેલ બનાવી શકાય છે. ટેન્ડમનો અર્થ બે અલગ પ્રકારના સેલ અથવા સ્તરોને સાથે કામ કરાવવું.

આ ટેકનોલોજીમાં ઉપરનું પેરોવ્સ્કાઈટ સ્તર સૂર્યપ્રકાશનો એક ભાગ શોષે છે અને નીચેનું સિલિકોન સ્તર બાકીનો ભાગ ઉપયોગમાં લે છે. આ રીતે એક જ પેનલમાં સૂર્યપ્રકાશના વધુ ભાગનો ઉપયોગ કરી શકાય છે.પ્રયોગશાળામાં આ ટેકનોલોજીએ ખૂબ ઊંચી કાર્યક્ષમતા દર્શાવી છે. રાષ્ટ્રીય નવીનીકરણીય ઊર્જા પ્રયોગશાળાના કાર્યક્ષમતા રેકોર્ડમાં પેરોવ્સ્કાઈટ અને ટેન્ડમ સેલનો અલગથી ઉલ્લેખ થાય છે.

પરંતુ પેરોવ્સ્કાઈટ ટેકનોલોજી સામે કેટલાક પડકારો છે. ભેજ, ગરમી અને સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણોમાં તે લાંબા સમય સુધી સ્થિર રહે તે જરૂરી છે. મોટા પાયે ઉત્પાદન, વાજબી કિંમત, લાંબી વોરંટી અને પુનઃચક્રણ પણ મહત્વના પ્રશ્નો છે. તેથી પ્રયોગશાળાના રેકોર્ડ અને સામાન્ય બજારમાં ઉપલબ્ધ પેનલની કામગીરીને એકસરખી માનવી જોઈએ નહી.

કેટલીક નવી પેનલમાં વીજળીના સંપર્કો આગળની બદલે પાછળની બાજુ ગોઠવવામાં આવે છે. આને બેક-કૉન્ટેક્ટ ટેકનોલોજી કહેવામાં આવે છે. આગળની સપાટી વધુ ખુલ્લી રહેતી હોવાથી પ્રકાશનો ઉપયોગ સુધરી શકે છે અને પેનલ દેખાવમાં પણ સ્વચ્છ લાગે છે.સૌર ઉદ્યોગમાં મોટા સિલિકોન વેફર અને મોટા કદના પેનલનો ઉપયોગ પણ વધ્યો છે. મોટા પેનલથી ઓછા પેનલમાં વધુ ક્ષમતા મળી શકે છે. પરંતુ તે ભારે હોઈ શકે છે. તેથી છતની મજબૂતી, પરિવહન, સ્થાપન અને જાળવણીની વ્યવસ્થા તપાસવી જરૂરી છે.ઘર માટે પેનલ પસંદ કરતી વખતે માત્ર વધુ વોટનું પેનલ પસંદ કરવું યોગ્ય નથી. પાણીની ટાંકી, છતની દીવાલ, સીડીઓ, છાંયો અને પેનલ સાફ કરવા માટેનો રસ્તો પણ ધ્યાનમાં લેવો જોઈએ.

આધુનિક સૌર પેનલ સિસ્ટમમાં ઈન્વર્ટર, સેન્સર અને મોબાઈલ એપ્લિકેશન જોડાય છે. વપરાશકર્તા દરરોજ કેટલું વીજ ઉત્પાદન થયું, કેટલો વપરાશ થયો અને સિસ્ટમમાં કોઈ ખામી છે કે નહીં તે જોઈ શકે છે.



કૃત્રિમ બુદ્ધિ એટલે કે એઆઈ આ માહિતીનું વિશ્લેષણ કરી શકે છે. તે સામાન્ય ઉત્પાદનનો નમૂનો ઓળખી શકે છે અને અચાનક ઉત્પાદન ઘટે ત્યારે સૂચના આપી શકે છે. ધૂળ, છાંયો, ઈન્વર્ટરની ખામી અથવા કોઈ એક પેનલનું ઓછું ઉત્પાદન પણ ઓળખવામાં મદદ મળી શકે છે.

એઆઈ જાળવણી માટે ઉપયોગી છે, પરંતુ તેનો અહેવાલ અંતિમ નિર્ણય નથી. વાદળ, વરસાદ, વીજળીની ગ્રીડ બંધ થવી અથવા આસપાસની ઈમારતનો છાંયો પણ ઉત્પાદન ઘટાડે છે. તેથી એઆઈની સૂચના પછી માનવીય તપાસ જરૂરી છે.જમીનનો ઉપયોગ બચાવવા માટે જળાશય અથવા તળાવની સપાટી પર તરતી સૌર પેનલ લગાવવામાં આવે છે. તેને ફ્લોટિંગ સોલાર કહે છે. પાણીની સપાટીનો ઉપયોગ થવાથી જમીન બચી શકે છે અને કેટલીક પરિસ્થિતિમાં પાણીનું બાષ્પીભવન પણ ઘટી શકે છે.

આવી વ્યવસ્થામાં પેનલને મજબૂત રીતે સ્થિર રાખવી, પાણીની ગુણવત્તા જાળવવી, વાયરિંગ સુરક્ષિત રાખવું અને જાળવણી કરવી જરૂરી છે.ખેતીની જમીન પર પેનલ સાથે ખેતી કરવાની પદ્ધતિને એગ્રિવોલ્ટેઈક્સ કહે છે. આમાં પેનલને ચોક્કસ ઊંચાઈ અને અંતરે ગોઠવી નીચે ખેતી ચાલુ રાખવામાં આવે છે. પેનલનો છાંયો કેટલીક ફસલો માટે મદદરૂપ થઈ શકે છે, પરંતુ દરેક પાક માટે પરિણામ સરખું હોતું નથી.

સૂર્યપ્રકાશ દિવસે મળે છે, પરંતુ ઘરમાં વીજળીનો વપરાશ ઘણી વખત સાંજે વધારે હોય છે. તેથી બેટરી સંગ્રહ પ્રણાલી દ્વારા દિવસે બનેલી વધારાની વીજળી પછીના સમય માટે સાચવી શકાય છે. ગ્રીડ બંધ થાય ત્યારે બેટરી બેકઅપ પણ આપી શકે છે.બેટરી સાથે વધારાનો ખર્ચ, સલામતી, જાળવણી અને આયુષ્યનો વિચાર કરવો પડે છે. સૌર સિસ્ટમ ખરીદતી વખતે પેનલની સાથે ઈન્વર્ટર, બેટરી, સ્થાપન અને સેવા ખર્ચ પણ ગણવો જોઈએ.

પેનલનું આયુષ્ય પૂરું થયા પછી કાચ, એલ્યુમિનિયમ અને અન્ય સામગ્રીનું પુનઃચક્રણ કરવું પર્યાવરણ માટે જરૂરી છે. પેનલ ખરીદતાં પહેલાં કંપની પેનલની વોરંટી, વર્ષો પછીની કાર્યક્ષમતા, સેવા નેટવર્ક, સ્પેર પાર્ટ્સ અને પુનઃચક્રણ અંગે શું વ્યવસ્થા આપે છે તે તપાસવું જોઈએ.

આજના બજારમાં ટોપકૉન અને એચજેટી ટેકનોલોજી સામાન્ય ગ્રાહકો માટે સૌથી વ્યવહારુ નવા વિકલ્પોમાં આવે છે. ગરમ હવામાન અને લાંબા ગાળાની કામગીરી માટે એચજેટી ઉપયોગી હોઈ શકે છે, જ્યારે કિંમત અને ઉપલબ્ધતાના દૃષ્ટિકોણે ટોપકૉન ઘણી પરિસ્થિતિમાં યોગ્ય પસંદગી બની શકે છે.ખુલ્લી જમીન અથવા પરાવર્તિત સપાટી હોય તો બાઈફેશિયલ પેનલ વધારું ઉત્પાદન આપી શકે છે. પેરોવ્સ્કાઈટ-સિલિકોન ટેન્ડમ ભવિષ્યની ઊંચી કાર્યક્ષમતાવાળી ટેકનોલોજી છે, પરંતુ તેની સ્થિરતા, કિંમત અને મોટા પાયે ઉત્પાદન હજુ મહત્વના વિષયો છે.સૌર પેનલની યોગ્ય પસંદગી માટે માત્ર “નવી ટેકનોલોજી” શબ્દથી પ્રભાવિત ન થવું જોઈએ. છતનું કદ, સ્થાનિક ગરમી, છાંયો, બજેટ, વીજળીનો વપરાશ, ઈન્વર્ટર, બેટરી, વોરંટી અને સેવા—આ તમામ બાબતો સાથે વિચાર કરીને

# સનથ જયસૂર્યાએ રોહિત શર્મા અને વિરાટ કોહલીની ૨૦૨૭ વનડે વર્લ્ડ કપમાં રમવાની તકોને સમર્થન આપ્યું

નવીદિલ્હી,

શ્રીલંકાના ભૂતપૂર્વ ક્રિકેટ દિગ્ગજ સનથ જયસૂર્યાએ રોહિત શર્મા અને વિરાટ કોહલીની ૨૦૨૭ વનડે વર્લ્ડ કપમાં રમવાની આશાઓને સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે ભારતીય ટીમમાં યુવા અને અનુભવી ખેલાડીઓનું મિશ્રણ હોવું ફાયદાકારક છે. યુવા ખેલાડીઓ રોહિત અને વિરાટ જેવા અનુભવી ખેલાડીઓ પાસેથી ઘણું શીખી શકે છે.

ગુરુગ્રામમાં કોર્પોરેટ ક્રિકેટ વર્લ્ડ કપના લોન્ચિંગ ઈવેન્ટ દરમિયાન જયસૂર્યાએ કહ્યું કે ટીમમાં સિનિયર ખેલાડીઓની હાજરી ભવિષ્યના વર્લ્ડ કપ માટે સારું મિશ્રણ બનાવે છે. તેમણે કહ્યું કે યુવા ક્રિકેટરોને અનુભવી ખેલાડીઓ પાસેથી ઘણું શીખવાની તક મળે છે. જયસૂર્યાના મતે, ભારતીય ટીમમાં યુવા ખેલાડીઓ સાથે રોહિત અને વિરાટ જેવા અનુભવી ક્રિકેટરો હોવાથી ભવિષ્યના વર્લ્ડ કપ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે.


રોહિત શર્મા અને વિરાટ કોહલી ગયા વર્ષે મે મહિનામાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. ભારતે ૨૦૨૪ ૨૦ વર્લ્ડ કપ જીત્યા પછી બંનેએ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને પણ અલવિદા કહી દીધું હતું. હવે બંને ખેલાડીઓ વનડે ક્રિકેટ સુધી મર્યાદિત છે.વનડે મેચોની સંખ્યા ઘટી રહી હોવાથી, ૨૦૨૭ વર્લ્ડ કપમાં રોહિત અને વિરાટના રમવાની ચર્ચા થઈ રહી છે. આ પ્રશ્નના જવાબમાં, જયસૂર્યાએ બંને અનુભવી ખેલાડીઓના અનુભવને ભારતીય ટીમ માટે મહત્વપૂર્ણ ગણાવ્યો.

રોહિત શર્માએ ૨૦૧૫ થી ૨૦૨૩ સુધીના ત્રણ વનડે વર્લ્ડ કપમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.

૨૦૧૯ વર્લ્ડ કપમાં, તેણે શાનદાર પ્રદર્શન કર્યું, નવ મેચમાં ૬૪૮ રન બનાવ્યા.

આ સમયગાળા દરમિયાન, તેણે પાંચ સદી અને એક અડધી સદી ફટકારી.

અત્યાર સુધી, રોહિતે ૨૮ વર્લ્ડ કપ મેચોમાં ૧,૫૭૫ રન બનાવ્યા છે. તેની સરેરાશ



૬૦.૫૭ છે, અને તેના નામે સાત સદી અને છ અડધી સદી છે.

રોહિત વનડે ક્રિકેટમાં ભારતના સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં પણ સામેલ છે.

તેણે ૨૮૮ મેચની ૨૮૦ ઈનિંગ્સમાં ૧૧,૮૯૫ રન બનાવ્યા છે. તેની પાસે ૩૪ સદી અને ૬૨ અડધી સદી છે.સનથ જયસૂર્યા ૨૦૨૭ વનડે વર્લ્ડ કપ માટે રોહિત શર્મા અને વિરાટ કોહલીનું સમર્થન કરે છે.વિરાટ કોહલી વર્લ્ડ કપ ઈતિહાસમાં બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેણે ૩૭ મેચોમાં ૧,૭૯૫ રન બનાવ્યા છે. તેની સરેરાશ ૫૯.૮૩ છે, જેમાં પાંચ સદી અને ૧૨ અડધી સદી છે.વનડેમાં, વિરાટે ૩૧૪ મેચોની ૩૦૨ ઈનિંગ્સમાં ૧૪,૯૪૧ રન બનાવ્યા છે. તેની સરેરાશ ૫૮.૫૯ છે. તેની પાસે ૫૪ સદી અને ૭૯ અડધી સદી છે.

વિરાટનો સફળ રન ચેઝમાં પણ એક ઉત્તમ રેકોર્ડ છે.

# ઈંગ્લેન્ડની ટીમને વિશ્વની નંબર વન ટીમ બનાવવાનું ટેસ્ટ કોચ સ્ટીફન ફ્લેમિંગનું ધ્યેય

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડના નવા મુખ્ય કોચ, સ્ટીફન ફ્લેમિંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે તેમનો ધ્યેય ઈંગ્લેન્ડની ટીમને વિશ્વની નંબર વન ટીમ બનાવવાનો છે. ફ્લેમિંગના મતે, આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે, ખેલાડીઓએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પ્રત્યેના તેમના આકસ્મિક વલણને છોડી દેવું પડશે. જો ટીમ વધુ સારું પ્રદર્શન કરવા અને પ્રગતિ કરવા માંગતી હોય, તો ખેલાડીઓએ તેમની વિચારસરણી અને રમવાની શૈલીમાં સુધારો કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

સ્ટીફન ફ્લેમિંગે ૧૯ સપ્ટેમ્બરના રોજ ઓલ્ડ ટ્રેફોર્ડ સ્ટેડિયમ ખાતે ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચેની ત્રીજી ટી ૨૦ મેચ પહેલા આ નિવેદન આપ્યું હતું. ટેસ્ટ ટીમના મુખ્ય કોચ બન્યા પછી મીડિયા સાથેની આ તેમની પહેલી વાતચીત હતી. ફ્લેમિંગને આ વર્ષે જુલાઈમાં બ્રેન્ડન મેક્કુલમના સ્થાને નવા ટેસ્ટ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. જોકે, તેઓ તાજેતરમાં પાકિસ્તાન સામે ઈંગ્લેન્ડની ટેસ્ટ શ્રેણીના સમાપન પછી ઈંગ્લેન્ડ પરત ફર્યા હતા. તેઓ પાકિસ્તાન શ્રેણી દરમિયાન ઈંગ્લેન્ડ ટીમ સાથે નહોતા.

સ્ટીફન ફ્લેમિંગે કહ્યું કે આ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ અને ખાસ ક્રિકેટ કોચિંગ પદોમાંનું એક છે. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડે બે અઠવાડિયાના ઈન્ટરવ્યુ પછી સપ્ટેમ્બર ૨૦૩૦ સુધી ટીમના કોચ તરીકે તેમને નિયુક્ત કર્યા. ફ્લેમિંગે વધુમાં જણાવ્યું કે આ ખાસ જવાબદારી માટે પસંદગી થવી તેમના માટે એક મોટું સન્માન છે.

સ્ટીફન ફ્લેમિંગે હવે ટીમનો સંપૂર્ણ હવાલો સંભાળી લીધો છે, અને દક્ષિણ આફ્રિકા પ્રવાસ તેમનો પહેલો મોટો કાર્યભાર હશે. તેમણે પોતાની યોજનાઓ સમજાવવા માટે ટેસ્ટ કેપ્ટન જો રૂટ સાથે રૂબરૂ મુલાકાત કરી. ફ્લેમિંગે કહ્યું કે ઈંગ્લેન્ડની ટીમે તેની વિચારસરણી અને ઓળખને સુધારવી જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે આ જવાબદારી ખેલાડીઓની છે. ફ્લેમિંગનું પ્રાથમિક લક્ષ્ય ૨૦૧૨ પછી પહેલીવાર ઈંગ્લેન્ડની વિશ્વ ક્રમાંકિત ટેસ્ટ ટીમને પુનઃસ્થાપિત કરવાનું છે.

# ટીમના ખરાબ પ્રદર્શન અને કેપ્ટનશીપ પર બાબર આઝમ પર વસીમ અકરમે આકરા પ્રહારો કર્યા

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન ક્રિકેટમાં ફરી એકવાર કેપ્ટનશીપ પર ચર્ચા તીવ્ર બની છે. ભૂતપૂર્વ કેપ્ટન વસીમ અકરમે ઈંગ્લેન્ડ પ્રવાસમાં પાકિસ્તાન ટીમના ખરાબ પ્રદર્શન અને તેની કેપ્ટનશીપ પર ટીમના કેપ્ટન બાબર આઝમ પર આકરા પ્રહારો કર્યા છે. પાકિસ્તાન ઈંગ્લેન્ડ સામેની શરૂઆતની બંને ટેસ્ટ હારી ગયું. આ પછી, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ટીમમાં મોટા ફેરફારો કર્યા, સાત ખેલાડીઓને ઘરે પાછા મોકલ્યા અને કોચિંગ સ્ટાફમાં પણ ફેરફાર કર્યા. બર્મિંગહામમાં ત્રીજી ટેસ્ટ પહેલા ટોસ દરમિયાન બાબરને આ ફેરફારો વિશે પૂછપરછ કરવામાં આવી હતી.

બાબર આઝમે કહ્યું કે તે પણ





આ ઘટનાક્રમથી અજાણ હતો. વસીમ અકરમને બાબરનો જવાબ ગમ્યો નહીં. અકરમે કહ્યું કે બાબર આઝમે કહ્યું કે તે અજાણ હતો. "જો તમને ખબર ન હોત, તો તમે અહીં શું કરી રહ્યા હતા? શું તમે અહીં ચણા વેચવા આવ્યા હતા?"

માન્ચેસ્ટરમાં એક ચેરિટી ફંડરેઝિંગ ઈવેન્ટ દરમિયાન વસીમ અકરમ ભૂતપૂર્વ પાકિસ્તાની ફાસ્ટ બોલર વકાર યુનિસ સાથે હાજર હતો. આ ઈવેન્ટ દરમિયાન, તેમણે ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન બાબર આઝમની નબળી કેપ્ટનશીપ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી. વસીમ અકરમે એમ પણ કહ્યું કે ટીમના ખેલાડીઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકતા નથી જ્યાં સુધી તેમને વિશ્વાસ ન હોય કે તેમનો કેપ્ટન મુશ્કેલ સમયમાં તેમની સાથે છે.

તેમણે કહ્યું કે એક ખેલાડી તરીકે અને એક વ્યક્તિ તરીકે, તેઓ માને છે કે જો તમારો નેતા કે કેપ્ટન તમારી સાથે ન રહે, તો તમે તમારું ૧૦૦ ટકા આપી શકતા નથી. અકરમના મતે, ઈંગ્લેન્ડ સામેની બીજી હાર પછી, બાબર આઝમે ટેસ્ટ કેપ્ટનશીપ છોડી દેવી જોઈતી હતી અને ફક્ત બેટ્સમેન તરીકે રમવી જોઈતી હતી. તેમણે આગળ કહ્યું કે તે કોઈને દોષ આપવા માંગતો નથી, અને તે પણ ખોટો હોઈ શકે છે. જોકે, તેમના મતે, બાબરે કેપ્ટનશીપ ન લેવી જોઈતી હતી. આ બધું બિનજરૂરી હતું.

# જોશ ઈંગ્લીસે ઈતિહાસ રચ્યો, બીજી વનડે સદી સાથે એડમ ગિલક્રિસ્ટની વિશિષ્ટ ક્લબમાં જોડાયો

મુંબઇ,

ઝિમ્બાબ્વે સામેની ત્રીજી વનડેમાં ઓસ્ટ્રેલિયાને ૨૭૨ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, અને જ્યારે ટીમે બે વિકેટ ગુમાવી દીધી, ત્યારે જોશ ઈંગ્લીસે કમાન સંભાળી. ઓસ્ટ્રેલિયન વિકેટકીપર-બેટ્સમેને દબાણ હેઠળ શાનદાર બેટિંગ કરી અને સદી ફટકારી. આ સદી સાથે, ઈંગ્લીસે ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં નવો ઈતિહાસ રચ્યો છે. ૨૦ સપ્ટેમ્બરના રોજ હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી શ્રેણીની ત્રીજી અને અંતિમ વનડેમાં, ઝિમ્બાબ્વેએ પ્રથમ બેટિંગ કરીને ૨૭૧ રન બનાવ્યા. ઈનોસન્ટ કૈઆએ ૫૫ અને ક્રેગ એર્વિનએ





૫૯ રન બનાવ્યા. સિકંદર રઝાએ અણનમ ૮૧ રન બનાવી ઝિમ્બાબ્વેને મજબૂત સ્કોર સુધી પહોંચાડવામાં મદદ કરી.

૨૭૨ રનના લક્ષ્યનો પીછો કરતા, ઓસ્ટ્રેલિયાને શરૂઆતમાં જ પછાડનો સામનો કરવો પડ્યો, પરંતુ ત્યારબાદ ઈંગ્લિસે ઈનિંગ પર કાબુ મેળવ્યો. ઉત્તમ સમય અને આક્રમકતા સાથે બેટિંગ કરતા, ઈંગ્લિસે તેની સદી પૂરી કરી. ઈંગ્લિસે ૧૦૨ બોલમાં ૧૦૩ રન બનાવ્યા, જેમાં ૧૧ ચોગ્ગાનો સમાવેશ થાય છે. જોકે, ઈંગ્લિસ તેની ઈનિંગને અંત સુધી લઈ જઈ શક્યો નહીં. સિકંદર રઝાએ તેને ૪૨મી ઓવરના પહેલા બોલ પર આઉટ કર્યો. ઈંગ્લિસના આઉટ થયા છતાં, તે ઓસ્ટ્રેલિયન ક્રિકેટના રેકોર્ડ બુકમાં પહેલાથી જ નોંધાઈ ગયો હતો.હકીકતમાં, જોશ ઈંગ્લિસ વનડે ક્રિકેટમાં એકથી વધુ સદી ફટકારનાર ફક્ત બીજો ઓસ્ટ્રેલિયન વિકેટકીપર બન્યો છે. આ અગાઉનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ વિકેટકીપર-બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટે હાંસલ કર્યો હતો. આ ઈંગ્લિસની બીજી વનડે સદી છે. તેણે અગાઉ ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફીમાં ઈંગ્લેન્ડ સામે અણનમ ૧૨૦ રનની પોતાની પહેલી વનડે સદી ફટકારી હતી.

# જાહ્નવી કપૂર બોયફ્રેન્ડ શિખર પહારિયાના ભાઈ વીરના 'પ્રેમ કીમાનુ'નું પ્રમોશન કરી રહી છે

મુંબઇ,

જાહ્નવી કપૂરે ઈન્સ્ટાગ્રામ પર તેના પાલતુ કૂતરા સાથે એક વીડિયો શેર કર્યો, જેમાં ફિલ્મ 'પ્રેમ કીમાનુ'નું 'ઈશ્ક કા ગુલામ' ગીત વાગી રહ્યું છે. પોસ્ટના કેપ્શનમાં લખ્યું છે, "મારું નવું પ્રિય ગીત ઈંપ્રેમકીતાનુ, ૨ ઓક્ટોબરે થિયેટરોમાં." તેણીએ વિડિઓમાં તેનું નવીનતમ પ્રિય ગીત પણ શેર કર્યું છે. આ ફિલ્મમાં તેના બોયફ્રેન્ડ શિખર પહારિયાના ભાઈ, વીર પહારિયા છે, અને ૨ ઓક્ટોબરે થિયેટરોમાં રિલીઝ થશે. જાહ્નવીએ અગાઉ ટ્રેલર શેર કર્યું હતું. અભિનેત્રીનો આ વિડિઓ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે, લોકો તેને પ્રેમથી વધાવી રહ્યા છે.

વીડિયો પર પ્રતિક્રિયા આપતા, એક યુઝરે ટિપ્પણી કરી, "ભાભી તેના સાળાને ટેકો આપી રહી છે." અન્ય એક ઈન્સ્ટાગ્રામ યુઝરે લખ્યું, "શિખર અને પહારિયા કનેક્શનનો થોડો ઉલ્લેખ એક અલગ જ લાગણી આપે છે." અન્ય એક ઈન્ટરનેટ યુઝરે ટિપ્પણી કરી, "આ સાળા વિશેની રીલ છે, તેથી મારે તેનું પ્રમોશન કરવું પડશે."

અપૂર્વ સિંહ કાર્કી દ્વારા દિગ્દર્શિત, "પ્રેમ કીતાનુ" માં આફિયા સૈયદ, અપારશક્તિ ખુરાના, રાકેશ બેદી અને નિખિલ વિજય પણ છે. આ ફિલ્મ ૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની છે. તે અજય દેવગણ અને તબ્બુની ફિલ્મ "દ્રશ્યમ: ધ કક્લુઝન" સાથે બોક્સ ઓફિસ પર સ્પર્ધા કરશે. વીર પહાડિયાએ ૨૦૨૫ માં રિલીઝ થયેલી દેશભક્તિપૂર્ણ એક્શન ડ્રામા "સ્કાય ફોર્સ" થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો.

"પ્રેમ કીમાનુ" એ મલયાલમ ફિલ્મ "પ્રેમલૂ" ની રિમેક છે. "પ્રેમ કીમાનુ" નું ટીઝર રિલીઝ થાય તે પહેલાં, "પ્રેમલૂ" ને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ જિયો હોટસ્ટાર પરથી દૂર કરવામાં આવ્યું હતું. ચાહકો નારાજ થયા હતા અને સોશિયલ મીડિયા પર તેમની નિરાશા વ્યક્ત કરી હતી.

વીર પહાડિયા તાજેતરમાં અભિનેત્રી તારા સુતારિયા સાથે જોડાયા હતા, પરંતુ અહેવાલો બહાર આવ્યા હતા કે તેઓ ૨૦૨૬ ની શરૂઆતમાં અલગ થઈ ગયા હતા.

# સુનિલ શેટ્ટીએ પુત્ર અહાન સાથે ચિંચપોકલી સ્થિત ચિંતામણિ મંદિરની મુલાકાત લીધી

મુંબઇ,

મુંબઈના ગણેશોત્સવમાં શહેરભરમાંથી ભક્તો ઉમટી રહ્યા છે, અને સેલિબ્રિટીઓ પણ પાછળ નથી. આ ઉત્સાહમાં જોડાતા, અભિનેતા સુનીલ શેટ્ટી, તેમના પુત્ર અહાન શેટ્ટી સાથે, મુંબઈના પ્રખ્યાત ગણપતિ પંડાલ, 'ચિંચપોકલી ચા ચિંતામણિ' ની મુલાકાત લીધી. એક વીડિયોમાં બંને કલાકારો મોટી ભીડ વચ્ચે દર્શન માટે રાહ જોઈ રહ્યા છે. પંડાલ આયોજકો દ્વારા પિતા-પુત્રની જોડીનું સન્માન કરવામાં આવ્યું હતું. તેઓએ પૂજા કરી અને મૂર્તિ પાસેથી આશીર્વાદ લીધા. આયોજકોએ તેમની મુલાકાત દરમિયાન તેમનું સન્માન પણ કર્યું, જેનાથી તેમના ગણેશોત્સવના અનુભવમાં વધુ એક યાદગાર ક્ષણ ઉમેરાઈ.

પંડાલ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં, સુનીલ ભીડમાંથી પસાર થતો જોવા મળ્યો હતો જ્યારે ભક્તો દર્શન માટે લાઇનમાં રાહ જોઈ રહ્યા હતા. બોલીવુડ અભિનેતા સુનીલ શેટ્ટી, તેમના પુત્ર અહાન સાથે, બાપ્પાના દર્શન કર્યા અને ભીડનું સ્વાગત કર્યું. તેણે બેજ કુર્તા-પાયજામા અને સનગ્લાસ પહેર્યા હતા. પાછળથી પહોંચેલા અહાને ભરતકામવાળા સફેદ કુર્તા અને ડેનિમ જીન્સમાં પોતાનો ઉત્સવનો દેખાવ યુવાન અને સ્ટાઈલિશ રાખ્યો હતો.

ચિંચપોકલી ચા ચિંતામણિ એ મુંબઈના સૌથી જૂના ગણેશોત્સવ ઉજવણીઓમાંનો એક છે, જે ૧૯૨૦



થી શરૂ થયો છે. મંડળ ૨૦૨૬ માં તેનું ૧૦૭મું વર્ષ ઉજવી રહ્યું છે અને તેનો વાર્ષિક ઉત્સવ ચાલુ રાખે છે, જેમાં ભક્તોનું દર્શન માટે સ્વાગત કરવામાં આવે છે. આ વર્ષની મૂર્તિ ભગવાન વેંકટેશ્વરથી પ્રેરિત છે, જે પંડાલની ઉજવણીને એક અનોખી પરંપરાગત અને ભક્તિમય સ્પર્શ આપે છે. મુંબઈમાં ગણેશ ચતુર્થીની ઉજવણી જોરશોરથી ચાલી રહી છે, અને આ પ્રખ્યાત પંડાલ મનોરંજન ઉદ્યોગના અગ્રણી વ્યક્તિઓ સહિત મોટી સંખ્યામાં લોકોને આકર્ષી રહ્યું છે.સુનીલ શેટ્ટી તાજેતરમાં જ ફિલ્મ "વેલકમ ટુ ધ જંગલ" માં દેખાયા હતા, જેમાં અક્ષય કુમાર, પરેશ રાવલ અને દિશા પટાણી અભિનિત હતા. અહાન શેટ્ટીની વાત કરીએ તો, તેમણે "તડપ" ફિલ્મથી અભિનયની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમણે "બોર્ડર ૨" માં લેફ્ટનન્ટ કમાન્ડર એમએસ રાવતની ભૂમિકા ભજવી હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | શિ | ળ | પ્ર | ગ | ફ | ભા | ગ | ર | ભ | સા | રી |
| બ | ક | બ | રા | બ | ર | ર | તી | ન | મ | ભ | હિ |
| બં | ક્રો | ક | મા | ભો | સા | પ્ર | જ | ગ | રો | ળ | કા |
| કી | પ્રા | ન | ચા | લ | ર | શ | બં | ણિ | ળ | લા | બા |
| મ | પ્ર | ચી | મ | ભા | ઈ | લ | પ્રા | અં | ળો | દ | જ |
| ગં | સા | વિ | કી | કા | બૂ | મા | રા | ભા | બા | શિ | ઉ |
| જી | દ | પ્ર | ક્ષ | મા | ણિ | ચી | ર | કી | સ | બં | ભો |
| ણ | આ | બં | મા | ક | ત | ઊ | કા | દ | ધ | ર | વા |
| અ: | ભ | ભા | આ | દ | વા | બ | સ | મ | શિ | ગ | ભો |
| દ | મ | ન | ળ | દા | ગ | સા | ક્ષ | ક્ષ | મા | વ | મ |
| ડી | ળ | ણ | દ | દ | બ | અ: | મા | ભો | ગ | હિ | જી |
| બ | મ | દા | ક | વિ | ર | ક્ષ | ગ | રી | મા | વિ | સા |

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# કોંકણા સેન શર્માને ડેન્ગ્યુ હોવાનું નિદાન, હોસ્પિટલમાં દાખલ : ફોટો શેર કર્યો

મુંબઇ,

કોંકણા સેન શર્મા હાલમાં તેની ફિલ્મ "લસ્ટ સ્ટોરીઝ ૩" માટે સમાચારમાં છે, જેમાં અદિતિ રાવ હૈદરી, સિદ્ધાર્થ, રાધિકા આપ્ટે, રાધિકા મદન, અલી ફઝલ, અભિષેક બેનર્જી અને વિજય વર્મા પણ છે. "લસ્ટ સ્ટોરીઝ ૩" ચાર અલગ અલગ વાર્તાઓ દર્શાવે છે. ઈચ્છાના અનેક રંગોથી ભરેલી આ શ્રેણી ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી અને દર્શકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળી રહી છે. જોકે, "લસ્ટ સ્ટોરીઝ ૩" ના સ્ટ્રીમિંગ વચ્ચે, કોંકણા સેન શર્માના એક ફોટાએ ચાહકોને ચિંતામાં મૂકી દીધા છે. કોંકણાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ફોટો શેર કર્યો છે, જેમાં જાહેરાત કરવામાં આવી છે કે તેને ડેંગ્યુ થયો છે, જેના કારણે તેણીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

કોંકણા સેન શર્માએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર હોસ્પિટલના પલંગ પરથી પોતાનો એક ફોટો શેર કર્યો છે, જેમાં તેણીને સલામ કરી છે. ફોટો શેર કરતા, તેણીએ જાહેર કર્યું કે તેણીને ડેંગ્યુ થયો છે, જેના કારણે તેણી હોસ્પિટલમાં દાખલ છે. તેણીએ એમ પણ શેર કર્યું કે તેણી હવે સારી અનુભવી રહી છે. જોકે, આ ફોટાએ ચોક્કસપણે ચાહકોને ચિંતામાં મૂકી દીધા છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે કોંકણાના સ્વાસ્થ્ય માટે ચિંતા વ્યક્ત કરી હતી અને ટિપ્પણીઓમાં તેણીની તબિયત વિશે પૂછવાનો પ્રયાસ કર્યો હતો. કોંકણા સેન શર્માએ શેર કરેલા ફોટામાં, તેણી હોસ્પિટલનો ગણવેશ પહેરેલી, હોસ્પિટલના પલંગ પર બેઠેલી, એક મજેદાર પોઝ આપતી જોવા મળી રહી છે. ફોટો શેર કરતા તેણીએ લખ્યું, "મિત્રો, ડેંગ્યુથી સાવધાન



રહો. હું હોસ્પિટલમાં હતી, પણ હવે હું સારી છું."

બીજી બાજુ, કોંકણા સેન શર્મા પણ અમોલ પરાશર સાથેના તેના સંબંધોને કારણે સમાચારમાં છે. તાજેતરમાં, અમોલના જન્મદિવસ પર, કોંકણાએ એક રીલ શેર કરી અને તેને અનોખી રીતે જન્મદિવસની શુભેચ્છા પાઠવી. વિડિઓ પરના કેપ્શનમાં લખ્યું હતું, "જ્યારે તેનો જન્મદિવસ હોય અને તે કંઈ કરવા માંગતો ન હોય!"


# 'બ્રહ્માસ્ત્ર' ફેમ સૌરવ ગુર્જરની મહિલા પર જાતીય શોષણના આરોપમાં અટકાયત

મુંબઇ,

'મહાભારત', 'સંકટમોચન મહાબલી હનુમાન' અને રણબીર કપૂર અભિનીત 'બ્રહ્માસ્ત્ર ભાગ ૧' સહિત અનેક લોકપ્રિય ધારાવાહિકોમાં અભિનય કરી ચૂકેલા અભિનેતા સૌરવ ગુર્જર અને ડબ્લ્યુડબ્લ્યુઇ કુસ્તીબાજ સૌરવ ગુર્જર વિશે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. સૌરવ ગુર્જરને પોલીસે એક મહિલા પર જાતીય શોષણના આરોપમાં અટકાયતમાં લીધો છે. અભિનેતાને મુંબઈ એરપોર્ટ પર ગચીબોવલી પોલીસે અટકાયતમાં લીધો હતો અને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ૨૯ વર્ષીય એક મહિલાએ અભિનેતા પર લગ્નના ખોટા બહાના હેઠળ જાતીય શોષણ કરવાનો આરોપ લગાવ્યો છે. મહિલાની ફરિયાદ બાદ, પોલીસે મુંબઈ એરપોર્ટ પર અભિનેતાની ધરપકડ કરી અને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યો, જેમણે તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો.


૨૯ વર્ષીય એક મહિલાએ અભિનેતા અને ભૂતપૂર્વ ડબ્લ્યુડબ્લ્યુઇ કુસ્તીબાજ સૌરવ ગુર્જર વિરુદ્ધ જાતીય શોષણનો આરોપ લગાવતા ફરિયાદ નોંધાવી છે. મહિલાની ફરિયાદના આધારે, સૌરવને ગચીબોવલી પોલીસે મુંબઈ એરપોર્ટ પર અટકાયતમાં લીધો અને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કર્યો. મેજિસ્ટ્રેટે તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવાનો આદેશ આપ્યો. મહિલાનો આરોપ છે કે સૌરવે લગ્નના ખોટા બહાના હેઠળ તેનું જાતીય શોષણ કર્યું હતું.

ફરિયાદ મુજબ, મહિલા ૨૦૨૧ માં સોશિયલ મીડિયા



પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ દ્વારા સૌરવ ગુર્જરને મળી હતી. તેઓ સોશિયલ મીડિયા પર મિત્ર બન્યા, ત્યારબાદ તેઓએ નંબરોની આપ-લે કરી. ત્યારબાદ, તેઓ વોટ્સએપ પર વાતચીત કરવા લાગ્યા, જેના કારણે ગાઢ સંબંધ બન્યો. મહિલાનો આરોપ છે કે તે સૌરવને પહેલી વાર ૨૫ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ રૂબરૂ મળી હતી.

# જામનગરમાં પટેલ કોલોની જિનાલયથી ચૈત્ય પરિપાટી યોજાઈ





## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ ટ્રસ્ટ સંચાલિત જિનાલયેથી પેલેસ જિનાલયે વાજતે-ગાજતે પહોંચી સમુહ ચૈત્ય વંદન કર્યું

જામનગર : જૈનોના પર્યૂષણ પર્વ પૂર્ણ થઈ ગયા છે. ત્યારબાદ પાંચ કર્તવ્યોમાંનું એક કર્તવ્ય એટલે ચૈત્યપરિપાટી. શનિવારે જામનગર શહેરના પટેલ કોલોનીમાં આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ ટ્રસ્ટ સંચાલિત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય આવેલ છે. જયાં મુળનાયક ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ બિરાજમાન છે. આજે સવારે ૭ વાગ્યે જિનાલયે સમુહ ચૈત્યવંદન કરી ચાર્તુમાસ બિરાજમાન પ.પૂ. મુનિરાજ શ્રી દિવ્યપદ્મવિજયજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી દેવર્ષિવલ્લભવિજયજી મ.સા. તથા સાધ્વીજી પ.પૂ. શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં પટેલ કોલોની શેરી નં. ૬ના રોડથી થઈ કો.કો. બેંક રોડ, સેન્ટઆન્સ સ્કૂલ રોડ, ડીકેવી રોડ થઈ વિરલબાગ રોડ પાસે આવેલ પેલેસ જિનાલયે પટેલ કોલોની શ્રી સંઘના ભાઈઓ-બહેનો, બાળકો બેન્ડ-સરણાઈની સાથે વાજતે-ગાજતે પહોંચ્યા હતાં.

જયાં પેલેસ ઉપાસક દર્શન સંઘના ટ્રસ્ટીઓ, સંઘના ભાઈઓ-બહેનો દ્વારા મહારાજ સાહેબ તથા શ્રી સંઘના ભાઈઓ-બહેનોનું સ્વાગત કર્યું હતું. સ્વાગત બાદ જિનાલયમાં મુળનાયક શ્રી મહાવીરસ્વામી ભગવાનને પૂજા કરવામાં આવી હતી. પૂજા બાદ મહારાજ સાહેબની નિશ્રામાં જિનાલયમાં સમુહ ચૈત્યવંદન કરવામાં આવ્યું હતું. ચૈત્યવંદન બાદ ઉપાશ્રયમાં મહારાજશ્રીએ માંગલિક વ્યાખ્યાન ફરમાવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# જામનગરમાં રૂ. ૫ લાખની લેણી રકમનો સમરી દાવો રદ કરતી સીવીલ અદાલત

જામનગર : જામનગરના વાદી કલ્પેશ નરેન્દ્રભાઈ રૂપારેલ દ્વારા પ્રતિવાદી અલ્કાબેન કુલદીપભાઈ ગજરાને રૂ.પાંચ લાખ થોડા સમય માટે હાથ ઉછીના આપેલ જે રકમની વાદીએ ઉઘરાણી કરતા પ્રતિવાદી દ્વારા રૂ. પાંચ લાખનો ચેક આપવામાં આવ્યો હતો. જે ચેક નાણાંના અભાવે પરત થતા વાદી દ્વારા પ્રતિવાદી સામે સિવિલ કોર્ટમાં લેણી રકમનો સમરી દાવો દાખલ કરવામાં આવ્યો હતો.

જે દાવામાં વાદી દ્વારાએ હકીકતની અરજી આપવામાં આવેલ કે વાદીનો દાવો પ્રથમ દર્શનીય છે તથા પ્રતિવાદી નો કોઈ બચાવ નથી માટે સમરી પ્રોસીડીંગ્સ મુજબ પ્રતીવાદી વિરુદ્ધ જજમેન્ટ આપવામાં આવે, જે સામે પ્રતિવાદી દ્વારા એડવોકેટ મારફતે સિવિલ પ્રોસિજર કોડ ઓર્ડર ૭, રુલ ૧૧ તથા કલમ ૧૫૧ મુજબ અરજી આપવામાં આવી હતી. કે વાદીને દાવાનું કોઈ જ કારણ ઉત્પન્ન થયેલ નથી તથા ચોક્કસ લેણી રકમ કઈ તારીખે આપવામાં આવેલ તે સંપૂર્ણ દાવામાં દર્શાવેલ નથી આમ વાદીનો દાવો સમય મર્યાદા બહાર છે તથા દલીલના સમર્થનમાં સુપ્રીમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ રજૂ કરવામાં આવ્યો હતો.

પ્રતિવાદીના એડવોકેટની દલીલો ગ્રાહ્ય રાખી એડી. સિવિલ જજ યુ.એસ.પરમાર દ્વારા વાદીનો દાવો સમય મર્યાદાના કાયદા મુજબ ચાલવા પાત્ર ન હોય પ્રારંભિક તબક્કે જ રદ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે જામનગરના એડવોકેટ કિશોર ડી. ભટ્ટ, પાર્થ જે. મોદી, અને રજની પી. ગોસાઈ રોકાયેલ હતા.

# ધ્રોલના ચામુંડા પ્લોટ ખાતે પોષણ કેમ્પ યોજાયો

ધ્રોલ (સંજય ડાંગર) : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામક આયુષની કચેરી, ગાંધીનગર અને જિલ્લા આયુર્વેદ અધિકારી, જામનગરના માર્ગદર્શન હેઠળ ૧૧મા 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ' તેમજ 'પોષણ માસ'ની ઉજવણી અંતર્ગત ધ્રોલ શહેરમાં વિનામૂલ્યે પોષણ કેમ્પનું સફળ આયોજન કરાયું હતું.

આયુષ્માન આરોગ્ય મંદિર (આયુષ) મોટા ઈટાળા અને ઝઢજી વિભાગ-ધ્રોલના સંયુક્ત ઉપક્રમે ચામુંડા પ્લોટ વિસ્તારની આંગણવાડી કેન્દ્ર ખાતે યોજાયેલા આ કેમ્પમાં મેડિકલ ઓફિસર ડૉ. જે. પી. સોનગરાએ સેવા આપી હતી. કેમ્પ દરમિયાન કુપોષિત બાળકો, સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને કિશોરીઓની તબીબી તપાસ કરી આયુર્વેદિક પોષણક્ષમ દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે ઉપસ્થિત લાભાર્થીઓને કુપોષણ નિવારણ અને સ્વસ્થવૃત્ત અંગેની પત્રિકાઓ આપી આહાર-વિહારનું માર્ગદર્શન અપાયું હતું.

કાર્યક્રમમાં ડૉ. સોનગરાએ કુપોષણ દૂર કરવા માટે પૌષ્ટિક આહાર અને આયુર્વેદિક જીવનશૈલી અપનાવવા પર ભાર મૂક્યો હતો. જ્યારે આંગણવાડી સુપરવાઇઝર પૂજાબેન ધામેચાએ ઉપસ્થિત વાલીઓ અને મહિલાઓને બાળ ઉછેર તથા તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે આયુર્વેદિક નિયમો અનુસરવા અનુરોધ કર્યો હતો. આ કેમ્પનો બહોળી સંખ્યામાં સ્થાનિક મહિલાઓ અને બાળકોએ લાભ લીધો હતો.

# જામનગરના કસ્તુરબા વિકાસ ગૃહ સંચાલિત બાલ મંદિરમાં પોષણ માહની ઉજવણી





જામનગર : શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ સંચાલિત બાલ મંદિરમાં પોષણ માહની ઉજવણી કરવામાં આવી. આચાર્યા બહેન નીતાબા જાડેજાના માર્ગદર્શન હેઠળ શિક્ષિકા બહેન ધૃતિબેન તથા મોહિનીબેન દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત બાલ મંદિરનાં બાળકોના માતાઓ માટે ફ્રુટ અને સલાડ ડેકોરેશન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૧૧ માતાઓએ ભાગ લીધો હતો. શિક્ષકો દ્વારા પોષણયુક્ત આહારનું મહત્વ સમજાવવામાં આવ્યું. ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ભેટ આપવામાં આવી.

# દ્વારકા જિલ્લાના ખંભાળીયા ડીવીઝનમાં એએસપી તરીકે પ્રખરકુમારની નિમણુંક



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાલી પડેલી ડીવાયએસપીની જગ્યા પર ગૃહવિભાગ દ્વારા ગઈકાલે બદલી કરાયેલા ૧૦ આઈપીએસ તથા એસપીની બદલીમાં ખંભાળીયા ડીવીઝન દ્વારકા જિલ્લામાં આઈ.પી.એસ. પ્રખરકુમારની નિમણુંકનો હુકમ થયો છે. ભારતના ઝારખંડ રાજયના વતની તથા કોમ્પ્યુટર સાયન્સમાં ઈજનેર થયેલ પ્રખરકુમારે તા.૨૬-૮-૨૦૨૪ થી ગુજરાત પોલીસમાં એસ.પી.એસ. અધિકારી તરીકે નિમણુંક મેળવ્યા બાદ સને ૨૦૨૫-૨૬ માં તેઓ રાજકોટ ગ્રામ્યમાં એ.એસ.પી. તરીકે ફરજ બજાવી ચુકયા છે

# વિકસીત ભારતની થીમ પર બનાવેલ રંગોળી નિહાળતાં મેયર





જામનગર : તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિન નિમિત્તે સમગ્ર રાજયમાં યોજાઇ રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જામનગર શહેરના વિશ્વવિખ્યાત રણમલ તળાવ પરિસર ખાતે આયોજિત ભવ્ય "આશીર્વાદનો દીવડો" કાર્યક્રમમાં મને 'વિકસિત ભારત ૨૦૪૭' થીમ પર કુદરતી, વનસ્પતિજન્ય અને પર્યાવરણને અનુકૂળ (Eco-friendly) વસ્તુઓમાંથી રંગોળી બનાવી મારી કલાને લોકો સમક્ષ પ્રદર્શિત કરવાનો અમૂલ્ય અવસર આપવા બદલ જામનગરના મેયર મોનિકાબેન વ્યાસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મારી સર્જનાત્મકતા પર વિશ્વાસ મૂકી તેમને જે સ્નેહ અને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે તે બદલ હું ખૂબ જ કૃતજ્ઞ છું. સાથે જ, સમગ્ર કાર્યક્રમ દરમિયાન મળેલા સહયોગ બદલ જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ તેમજ વોર્ડ નંબર ૧૬ ના કોર્પોરેટર ખ્યાતિબેન મુંગરાનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

# જામનગર તાલુકાના ૧૦ ગામોના વિકાસ માટે 'જાડા'એ મુસદ્દારૂપ વિકાસ યોજના પ્રસિદ્ધ કરી

## વસઈ, આમરા, લાખાબાવળ સહિતના ગામોનો સમાવેશ : રાજપત્રમાં પ્રસિદ્ધિ બાદ બે મહિનામાં વાંધા-સૂચનો રજૂ કરી શકાશે

જામનગર : જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ (જાડા) દ્વારા શહેર આસપાસના વિસ્તારોના આગામી વર્ષોના આયોજિત વિકાસને ધ્યાનમાં રાખીને મુસદ્દારૂપ 'વિકાસ નકશો-૨૦૪૭' તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫ હેઠળ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા તા.૮-૮-૨૦૧૧ના જાહેરનામાથી વાડીનાર વિસ્તાર વિકાસ સત્તામંડળને અસ્તિત્વવિહીન જાહેર કરવામાં આવ્યા બાદ તેના હેઠળ આવતા જામનગર તાલુકાના વસઈ, આમરા, લાખાબાવળ, મસીતીયા, જીવાપર, દોઢિયા, બાલંભડી, ચાંપા બેરાજા, વાવ બેરાજા અને ગાડુકા એમ કુલ ૧૦ ગામોનો જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ ૧૦ ગામોના સુવ્યવસ્થિત અને આયોજનબદ્ધ વિકાસ માટે તૈયાર કરાયેલા વિકાસ નકશો-૨૦૪૭માં વિસ્તારની હાલની સ્થિતિ, જમીનના વર્તમાન ઉપયોગ, ભાવિ જરૂરિયાતોને અનુરૂપ સૂચિત જમીન ઉપયોગ ઉપરાંત વિવિધ વિકાસલક્ષી દરખાસ્તો અને ભલામણોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુસદ્દારૂપ વિકાસ યોજનાના પ્રથમ ભાગમાં 'હાલની સ્થિતિનું મૂલ્યાંકન અહેવાલ' હેઠળ વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોની વર્તમાન સ્થિતિ અને ઉપયોગ અંગે હાથ ધરાયેલા સર્વેની વિગતો રજૂ કરવામાં આવી છે. જ્યારે બીજા ભાગમાં 'આયોજન દરખાસ્તો અને ભલામણો' હેઠળ સૂચિત જમીન ઉપયોગ, વિકાસ માટેની વિવિધ દરખાસ્તો તથા ભલામણો દર્શાવવામાં આવી છે. વિકાસ યોજનાને અનુરૂપ ગુજરાત સંયુક્ત સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમોમાં જરૂરી સુધારા અને જોગવાઈઓ પણ તેમાં સૂચવવામાં આવી છે.

અધિસૂચના મુજબ રાજ્યના રાજપત્રમાં મુસદ્દારૂપ વિકાસ યોજનાની પ્રસિદ્ધિ થયાની તારીખથી બે મહિનાની અંદર કોઈપણ વ્યક્તિ પોતાના વાંધા અથવા સૂચનો જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ સમક્ષ રજૂ કરી શકશે. પ્રાપ્ત થનારા વાંધા અને સૂચનો અંગે સત્તામંડળ દ્વારા નિયમોનુસાર વિચારણા કરવામાં આવશે.

મુસદ્દારૂપ વિકાસ નકશો તેમજ તેની સાથે જોડાયેલા દસ્તાવેજો જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરી, ડૉ. હેડગેવાર કોમ્પ્લેક્સ, સાત રસ્તા સર્કલ પાસે, જામનગર ખાતે કચેરીના કામકાજના દિવસો અને સમય દરમિયાન જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે.

# જામનગરના વતની શૈલીબા સોઢાએ પીએચડીની પદવી મેળવી



જામનગર : જામનગરના વતની અને હાલ ગાંધીનગર ખાતે રહેતા અર્જુનસિંહ સોઢાના પત્ની શૈલીબા સોઢાએ પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી સોઢા-વાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

શૈલીબા સોઢાએ 'લીડરશીપ પ્રેક્ટિસ ઈન એન.જી.ઓ. : કેસ સ્ટડી ઓફ બી.એ.પી.એસ. ઓર્ગેનાઈઝેશન' વિષય પર સંશોધન કરી પી.એચ.ડી.ની પદવી મેળવી છે. તેમની આ શૈક્ષણિક સિદ્ધિ પાછળ પતિ અર્જુનસિંહ સોઢા, સસરા હરિશ્ચંદ્રસિંહ સોઢા તેમજ રાજકોટના પિતા ડો. પ્રો. બળદેવસિંહ ડી. વાળાનું પ્રેરણા અને પ્રોત્સાહન મહત્વપૂર્ણ રહ્યું હતું. શૈલીબા સોઢાની આ સિદ્ધિ બદલ પરિવારજનો તથા શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા છે.

# દ્વારકાધીશ જગતમંદિર પર આરોહણ થતી તત્કાલ ધ્વજાજીનો ડ્રો સંપન્ન



દ્વારકા : દ્વારકાધીશ જગત મંદિર પર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો ઓક્ટોબર માસનો જાહેરમાં કરવામાં આવતો ડ્રો ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ગત ૨૦ સપ્ટેમ્બરના રોજ બ્રહ્મપુરી નંબર ૨ માં ધ્વજાજીના યજમાન વૈષ્ણવો,ભક્તો,તીર્થ પુરોહિતો,કારોબારી સદસ્યો, મધ્યસ્થ સભા સદસ્યો,સલાહકાર સમિતિ સદસ્યો,સામાજિક કાર્યકરો વગેરેની ઉપસ્થિતિમાં પારદર્શકતા પૂર્વક ડ્રો સંપન્ન કરવામાં આવ્યો હતો. જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા, સદસ્યો જયદીપ ભાઈ ઠાકર, ભાર્ગવભાઈ ભટ્ટ, હેમલભાઈ દવે, દિવ્યાંગભાઈ ઠાકર, નૈનેશભાઈ વાયડા, આશિષભાઈ,મિથિલેશભાઈ વાયડા, નારણભાઈ ઠાકર વિશેષ ઉપસ્થિત રહ્યા.અગાઉ ડ્રો માટેના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર ડ્રો ધવલભાઈ દેવમુરારીની ટીમ દ્વારા સંપન્ન થયો હતો.

# પંચેશ્વર ટાવર ચોકમાં ગણેશોત્સવમાં અન્નકોટના દર્શન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના પંચેશ્વર ટાવર ચોક ખાતે ૐકારેશ્વર મહાદેવ મિત્ર મંડળ દ્વારા ગણેશોત્સવનું જાજરમાન આયોજન કરાયું છે. જે અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બરને ગુરુવારે ભવ્ય અન્નકોટના દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગણપતિ બાપાને વિવિધ પ્રકારની વાનગીઓનો અન્નકોટ ધરાવી ભક્તિભાવપૂર્વક પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી અન્નકોટના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# જામનગરના પત્રકાર સામેની ફરિયાદ રદ કરવા ગૃહમંત્રીને રજૂઆત કરતું પત્રકાર મંડળ

જામનગર : જામનગર-કાલાવડ રૂટની એસ.ટી. બસના લોકપ્રશ્નોને સતત વાચા આપનાર સ્થાનિક પત્રકાર અને પત્રકાર મંડળના મંત્રી કિંજલ કારસરીયા વિરુદ્ધ સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઇઆરને પગલે પત્રકારોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. આ મામલે પત્રકાર આલમ દ્વારા નાયબ મુખ્યમંત્રી તથા ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીને સંબોધીને જામનગર જિલ્લા કલેક્ટર મારફત એક લેખિત પત્ર પણ પાઠવવામાં આવ્યો છે.

પત્રમાં જણાવ્યા અનુસાર, કિંજલ કારસરીયા છેલ્લા ઘણા સમયથી એસ.ટી. બસ સુવિધા અંગે જિલ્લા સ્વાગત કાર્યક્રમ, મુખ્યમંત્રી કાર્યાલય, નાયબ મુખ્યમંત્રી, વાહન વ્યવહાર મંત્રી અને સ્થાનિક ડેપો તેમજ ડિવિઝનમાં સતત રજૂઆતો કરી રહ્યા હતા. પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ લાવવાને બદલે જામનગર એસ.ટી. ડિવિઝનના ઉચ્ચ અધિકારીઓના ઈશારે પત્રકારનો અવાજ દબાવવા માટે એફ.આઈ.આર. નં. ૧૧૨૦૨૦૦૮૨૬૧૭૬૭ હેઠળ પાયાવિહોણી ફરિયાદ દાખલ કરાવાઈ હોવાનો વ્યાપક પત્રકાર આલમમાં રોષ ફેલાયો છે. આ રજૂઆતમાં મુખ્ય માંગણી કરવામાં આવી છે કે, લોકપ્રશ્નો ઉઠાવનાર પત્રકાર વિરુદ્ધ નોંધાયેલી આ ખોટી એફ.આઈ.આર. તુરંત રદ કરવામાં આવે, પત્રકારત્વનો અવાજ ડામવાનો પ્રયાસ કરનાર એસ.ટી. વિભાગના સંબંધિત કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સામે તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે, અને ભવિષ્યમાં કોઈ પણ જાગૃત નાગરિક કે પત્રકાર સામે આવી ખોટી કાર્યવાહી ન થાય તે માટે જવાબદારો સામે કડક દાખલારૂપ પગલાં ભરવામાં આવે. આ આવેદનપત્રની એક નકલ જામનગર જિલ્લા પોલીસ અધિક્ષકને પણ યોગ્ય કાર્યવાહી અર્થે રવાના કરવામાં આવી છે અને પત્રકારોએ આ મામલે ત્વરિત તેમ જ ન્યાયી પગલાં ભરવાની જામનગર પત્રકાર મંડળ દ્વારા આગ્રહભરી માંગ કરવામાં આવી છે.

# દ્વારકા જિલ્લાની વ્યાજબી ભાવની દુકાનોએ આશીર્વાદનો દીવડો પ્રગટયો



દ્વારકા : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સેવા અને સમર્પણના ૨૫ વર્ષ નિમિતે તા.૧૭ સપ્ટેમ્બરથી તા.૧૭ ઓક્ટોબર,૨૦૨૬ દરમિયાન રાજયવ્યાપી "સેવા સંકલ્પ અભિયાન" નુ આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૭/૦૯ના રોજ દેવભુમિ દ્વારકા જિલ્લામાં આવેલ ૨૨૪ વ્યાજબી ભાવની દુકાન ખાતે સાંજે ૭ થી ૮ દરમ્યાન અનાજ વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ "આશીર્વાદનો દીવો" પ્રગટાવવામાં આવ્યો હતો.

# લાલપુરના જોગવડ ગામની જમીન પચાવી પાડયાની ફરિયાદ રદ કરવા હાઈકોર્ટનો હુકમ

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના વતની અને હાલ મહારાષ્ટ્રના ભિવંડી ખાતે રહેતા નિકેશભાઈ ભગવાનભાઈ કરણીયા મહાજનની માલિકીની જોગવડ ગામની જમીન અંગે નોંધાયેલી લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ ગુજરાત હાઈકોર્ટે રદ કરવાનો હુકમ કર્યો છે.

કેસની હકીકત મુજબ, નોકેશભાઈ ભગવાનભાઈ કરણીયા ની વડીલો પાર્જિત જમીન જોગવડ ગામે ખાતા નં. ૭૨ તથા સર્વે નં. ૮૪ અને ૩૧૧માં આવેલી હતી. આ જમીન જોગવડ ગામના હૈમતસિંહ દેવુભા કેર તથા હિતેન્દ્રસિંહ પ્રભાતસિંહ કેરને વાવેતર માટે આપવામાં આવી હતી. ત્યારબાદ જમીન ખાલી કરવા જણાવ્યા છતાં બંને વ્યક્તિઓએ જમીન ખાલી નહીં કરી તેમાં મગફળી તથા જુવારનું વાવેતર કરી પાકનો લાભ મેળવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

જમીનનો કબજો નહી છોડતા નિકેશભાઈ કરણીયા દ્વારા મેઘપર-પડાણા પોલીસ સ્ટેશનમાં ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમની કલમ ૪(૩) મુજબ બંને સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ ફરિયાદને પડકારતાં બંને આરોપીઓ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં ફોજદારી અરજી કરવામાં આવી હતી. હાઈકોર્ટે કેસની હકીકતો અને રજૂ થયેલી દલીલોને ધ્યાનમાં લઈ બંને આરોપીઓ સામે નોંધાયેલી ફરિયાદ રદ કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં બંને આરોપીઓ તરફથી વકીલ હિતેશ ડી. સોનગર, મોહિત ડી. પાનસુરીયા, ચોરાગ સોનગર તથા સાહિલ માંડવીયા એ રજૂઆત કરી હતી.

# દિલ્હીથી એકતાનગર સુધીઃ ૭૨માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો સાથે વિવિધ રાજ્યોમાં નવી સફરની શરૂઆત

## ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ અનંત નાગને ૨૦૨૪નો દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરાશે

દિલ્હી

મંચ તૈયાર છે, લાઈટો સજ્જ છે, અને ભારતીય સિનેમાના શ્રેષ્ઠ પ્રદાન પર સ્પોટલાઈટ પડવાની તૈયારીમાં છે. ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગુજરાતના એકતા નગર, કેવડિયા ખાતે યોજાનારા ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ભારતના રાષ્ટ્રપતિ વર્ષ ૨૦૨૪ માટે ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓને બિરદાવતા આ પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રદાન કરશે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એ ભારતીય સિનેમા માટેના સૌથી પ્રતિષ્ઠિત સન્માનોમાંના એક છે. ૧૯૫૪માં સ્થપાયેલા, આ પુરસ્કારો ભાષાઓ, પ્રદેશો અને ફિલ્મ નિર્માણના સ્વરૂપોની વિશાળ શ્રેણીને આવરી લેતા ફીચર ફિલ્મો, નોન-ફીચર ફિલ્મો અને સિનેમા પરના લેખનમાં ઉત્કૃષ્ટતાને માન્યતા આપે છે.

દાદાસાહેબ ફાળકે એવોર્ડ

૨૦૨૪ માટેનો દાદાસાહેબ ફાળકે એવોર્ડ પીઢ અભિનેતા અનંત નાગને ભારતીય સિનેમામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાનની માન્યતા રૂપે પ્રદાન કરવામાં આવશે. ભારતના રાષ્ટ્રપતિ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં તેમને આ પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરશે. પાંચ દાયકાથી વધુ સમયની કારકિર્દી સાથે, અનંત નાગે તેમના વિવિધ પ્રકારના કામ દ્વારા કન્નડ અને ભારતીય સિનેમામાં કાયમી યોગદાન આપ્યું છે.

આ સન્માન તેમની અદ્ભુત કલાત્મક સફર અને ભારતીય સિનેમાના સમૃદ્ધ વારસામાં કાયમી યોગદાનની ઉજવણી કરે છે.

ભારતીય સિનેમાના શ્રેષ્ઠ પ્રદાનની ઉજવણી ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો દેશભરની કેટલીક શ્રેષ્ઠ ફિલ્મો, પ્રદર્શનો અને સર્જનાત્મક પ્રતિભાઓને એકસાથે લાવશે. 'આર્ટિકલ ૩૭૦' ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મ તરીકે પસંદ કરવામાં આવી છે, જ્યારે 'ભંગાર' ને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ તરીકે અને 'રામ-નામી' ને શ્રેષ્ઠ ડોક્યુમેન્ટરી તરીકે પસંદ કરવામાં આવી છે. અભિનય શ્રેણીઓમાં, 'બ્રહ્મયુગમ' માટે મમ્મૂટી અને 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યનની 'શ્રેષ્ઠ મુખ્ય અભિનેતા' તરીકે પસંદગી કરવામાં આવી છે, જ્યારે 'આર્ટિકલ ૩૭૦' માટે યામી ગૌતમને 'શ્રેષ્ઠ મુખ્ય અભિનેત્રી'નો પુરસ્કાર આપવામાં આવશે. સ્વાતંત્ર્ય વીર સાવરકર માટે રણદીપ હુડાને શ્રેષ્ઠ ડેબ્યૂ દિગ્દર્શકના પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. અન્ય ઘણી ફિલ્મો અને કલાકારોને પણ વિવિધ શ્રેણીઓમાં માન્યતા આપવામાં આવશે, જે ભારતીય સિનેમાની વિવિધતા અને સમૃદ્ધિને દર્શાવે છે. કલ્કિ ૨૮૯૮ છઙ્ઘ, અમરન, પુષ્પાઃ ધ રૂલ પાર્ટ-૦૨, ભૂલ ભુલૈયા ૩ અને સ્ત્રી ૨ સહિતની ફિલ્મો પણ વિવિધ શ્રેણીઓમાં સન્માન મેળવશે.

# દેશનું રાજકારણ ભત્રીજાવાદ અને જાતિવાદથી ગ્રસ્ત થઈ ગયું છે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ

## મુખ્યમંત્રીએ શક્તિ કેન્દ્ર સંયોજકોના સંમેલનમાં કાર્યકરોને સંબોધન કર્યું

લખનૌ,

મિશન ૨૦૨૭ ને ધ્યાનમાં રાખીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનની પશ્ચિમ ઉત્તર પ્રદેશની બે દિવસીય મુલાકાતના ભાગ રૂપે સોમવારે મેરઠમાં સંગઠનાત્મક બેઠકો યોજાઈ હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ નીતિન નવીન સાથે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. મુખ્યમંત્રીએ શક્તિ કેન્દ્ર સંયોજકોના સંમેલનમાં કાર્યકરોને સંબોધન કર્યું.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન શક્તિ કેન્દ્ર સંમેલન દ્વારા પશ્ચિમ ક્ષેત્રના કાર્યકરો સુધી પહોંચીને કાર્યકર્તાઓની શક્તિને જાગૃત કરી છે અને તેને પક્ષ માટે ઉપયોગી બનાવી છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય અધ્યક્ષ કાર્યકર્તાઓને રાષ્ટ્રની ભાવના સાથે આત્મનિર્ભર અને વિકસિત ભારત માટેના પ્રધાનમંત્રીના સંકલ્પમાં તેમની ભૂમિકાને સમજવા માટે આહ્વાન કરી રહ્યા છે.મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે શક્તિ કેન્દ્રનું કાર્ય નામ સૂચવે છે તેમ છે. ભાજપ પ્રણાલીમાં, શક્તિ કેન્દ્ર સંયોજક પાસે સંપૂર્ણ સંગઠનાત્મક અને ચૂંટણી શક્તિ હોય છે. તેમણે પરિષદમાં હાજર શક્તિ કેન્દ્ર સંયોજકોનું સ્વાગત કર્યું અને અભિનંદન આપ્યા.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે દેશનું રાજકારણ ભત્રીજાવાદ અને જાતિવાદથી ગ્રસ્ત થઈ ગયું છે. તેમણે સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે આ પક્ષો માટે, સત્તા શોષણ અને ભત્રીજાવાદને પ્રોત્સાહન આપવાનું સાધન બની ગઈ છે. તેમણે કહ્યું કે આ વિચારસરણીએ રાજકારણમાં એવી લાગણી ઉભી કરી છે કે સત્તામાં આવવાનો અર્થ પોતાના હિતોને અનુસરવાનો છે.મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ રાજકારણની દિશા બદલી નાખી છે. તેમણે કહ્યું કે ભાજપનો વિચાર એ છે કે પ્રશ્ન ‘‘મને શું મળશે’’ એ નહીં, પરંતુ ‘‘હું મારા દેશ માટે શું કરી રહ્યો છું’’ એ હોવો જોઈએ.

# ભારત-ન્યૂઝીલેન્ડ મુક્ત વેપાર કરાર આગામી ૨૦ ઓક્ટોબરથી અમલમાં આવશે : વાણિજ્ય મંત્રી

## આ કરાર ભારતીય નિકાસને ન્યૂઝીલેન્ડમાં ૧૦૦% ડ્યુટી-ફ્રી ઍક્સેસ પ્રદાન કરશે

નવીદિલ્હી,

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર ૨૦ ઓક્ટોબરથી અમલમાં આવશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે સોમવારે આ જાહેરાત કરી. આ કરાર બંને દેશો વચ્ચે માલ અને સેવાઓમાં વેપાર અને રોકાણને વેગ આપશે. આ મહત્વપૂર્ણ કરાર ૨૭ એપ્રિલના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો. ગોયલે જણાવ્યું હતું કે આ કરાર દશેરાથી અમલમાં આવશે. આ કરાર ભારતીય નિકાસને ન્યૂઝીલેન્ડમાં ૧૦૦% ડ્યુટી-ફ્રી ઍક્સેસ પ્રદાન કરશે. હાલમાં, ન્યૂઝીલેન્ડ ભારતીય માલ પર ૧૦% સુધીનો ઊંચો ટેરિફ લાદે છે. આમાં સિરામિક્સ, કાર્પેટ, ઓટોમોબાઈલ્સ અને ઓટો ઘટકો જેવા મુખ્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે. ન્યૂઝીલેન્ડે ૧૫ વર્ષમાં ભારતમાં US$20 બિલિયનનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ પગલાથી બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો મજબૂત થશે અને દ્વિપક્ષીય વેપારમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. આ કરાર ભારતીય નિકાસકારો માટે નોંધપાત્ર તકો ખોલશે. ભારતીય ઉત્પાદનો હવે ન્યૂઝીલેન્ડના બજારમાં કોઈપણ ટેરિફને આધિન રહેશે નહીં. આ ભારતીય માલની સ્પર્ધાત્મકતા વધારશે. સિરામિક્સ, કાર્પેટ અને ઓટો ઘટકો જેવા ક્ષેત્રો ખાસ કરીને ફાયદાકારક રહેશે.

# રામ મંદિર દાન ચોરી કેસઃ SITએ તમામ આરોપીઓની ઓળખ કરી, ૨૫ સપ્ટેમ્બર સુધીમાં ચાર્જશીટ દાખલ કરાશે

## સુપ્રીમ કોર્ટે SITના સ્ટેટસ રિપોર્ટને રેકોર્ડ પર લીધો અને તપાસની વર્તમાન સ્થિતિની નોંધ લીધી

અયોધ્યા,

દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટમાં રામ મંદિર દાન ચોરીના કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેંચ સમક્ષ તપાસ અંગેનો સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો હતો.

SITના અહેવાલ મુજબ, તપાસકર્તાઓએ CCTV ફૂટેજ અને અન્ય પુરાવાઓની તપાસ કરી છે અને કેસમાં તમામ આરોપીઓની ઓળખ કરી લીધી છે. ટીમે કોર્ટને એ પણ જણાવ્યું હતું કે તપાસ મોટાભાગે પૂર્ણ થઈ ગઈ છે અને ૨૫ સપ્ટેમ્બર સુધીમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવશે.

દાન ચોરીના કેસમાં SIT દ્વારા તમામ આરોપીઓની ઓળખ

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ SIT વતી સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે દાનની રકમ અને વસ્તુઓની ચોરીમાં કથિત રીતે સામેલ તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે.

SITએ કહ્યું કે તેમની પાસે કેસના સમર્થનમાં મોટી માત્રામાં દસ્તાવેજી અને ઈલેક્ટ્રોનિક પુરાવા છે. તેમાં તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા CCTV ફૂટેજ અને અન્ય ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સનો સમાવેશ થાય છે.

ટીમે કોર્ટને એ પણ જણાવ્યું હતું કે દાન સાથે સંકળાયેલી કિંમતી વસ્તુઓની રસીદ સોફ્ટવેર દ્વારા જનરેટ કરવામાં આવે છે. ત્યારબાદ આ વસ્તુઓને SBIના લોકરમાં રાખવામાં આવે છે.

SITએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તપાસ મોટાભાગે પૂર્ણ થઈ ગઈ છે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ રચાયેલી વિશેષ ન્યાયાધીશની કોર્ટ સમક્ષ ૨૫ સપ્ટેમ્બર સુધીમાં ચાર્જશીટ દાખલ કરવાનું આયોજન છે.

સુપ્રીમ કોર્ટે SITના સ્ટેટસ રિપોર્ટને રેકોર્ડ પર લીધો અને તપાસની વર્તમાન સ્થિતિની નોંધ લીધી.

કાર્યભાર સંભાળ્યા બાદ જીતેન્દ્ર મિશ્રાએ પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપી હતી

લગભગ ત્રણ અઠવાડિયા પહેલા, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રથમ ઝઈં તરીકે નિયુક્ત થયેલા એર માર્શલ (નિવૃત્ત) જીતેન્દ્ર મિશ્રાએ કાર્યભાર સંભાળ્યા બાદ પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપી હતી. મિશ્રાએ કહ્યું કે તેઓ ૫,૫૮૫ અરજદારોમાંથી પસંદગી પામવા બદલ પોતાને ભાગ્યશાળી માને છે અને આ નિમણૂકને ભગવાન રામના આશીર્વાદ ગણાવ્યા હતા.

# ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ અઠવાડિયે અમેરિકાની મુલાકાત લેશે

વોશિંગ્ટન/બીજિંગ,

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આ અઠવાડિયે અમેરિકાની મુલાકાત લેશે, જ્યાં તેઓ તેમના અમેરિકન સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વેપાર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), વૈશ્વિક અસ્થિરતા અને મધ્ય પૂર્વની પરિસ્થિતિ જેવા મુદ્દાઓ પર વાતચીત કરશે; ચીને સોમવારે આ વાતની પુષ્ટિ કરી હતી.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને એક નિવેદનમાં જણાવ્યું હતું કે શી ૨૩ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન અમેરિકામાં રહેશે. તેમણે ઉમેર્યું હતું કે તેઓ ટ્રમ્પ સાથે અમેરિકા અને ચીનને લગતા મુખ્ય મુદ્દાઓ તેમજ "વિશ્વ શાંતિ અને વિકાસ" અંગે "વિચારોનું ઊંડાણપૂર્વક આદાન-પ્રદાન" કરશે.

એસોસિએટેડ પ્રેસ (AP) દ્વારા ટાંકવામાં આવેલા નિવેદન મુજબ, ગુઓએ કહ્યું, "ચીન અમેરિકા સાથે મળીને વ્યૂહાત્મક સ્થિરતા ધરાવતા રચનાત્મક સંબંધોના પાસાઓને સમૃદ્ધ બનાવવા, સંવાદ અને સહકારને મજબૂત કરવા અને મતભેદોનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે કામ કરશે, જેથી બંને દેશોના લોકોને વધુ લાભ મળી શકે અને વિશ્વ શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિમાં વધુ યોગદાન આપી શકાય." વોશિંગ્ટને પુષ્ટિ કરી છે કે શીના અમેરિકા આગમન પર ટ્રમ્પ પોતે તેમનું સ્વાગત કરશે. રવિવારે 'એર ફોર્સ વન'માં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, "હું તેમની સાથે લગભગ દરેક બાબત પર ચર્ચા કરીશ.

# પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાને વિદ્યાર્થી બાબતોના ડીન પદેથી હટાવી દેવાયા

## આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થી આત્મહત્યા કેસમાં કાર્યવાહી

મુંબઈ,

આઈઆઈટી બોમ્બેના બીજા વર્ષના વિદ્યાર્થી સાહિલ વાકોડેની આત્મહત્યા બાદ થયેલા હોબાળા વચ્ચે, પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાને વિદ્યાર્થી બાબતોના ડીન પદેથી હટાવવામાં આવ્યા છે. ૨૦ વર્ષીય વિદ્યાર્થી સાહિલ વાકોડેના મૃત્યુ પછી પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાનું નામ ચર્ચામાં આવ્યું છે. સાહિલ વાકોડેના પિતા દ્વારા દાખલ કરાયેલી ફરિયાદના આધારે, મુંબઈ પોલીસે આઈઆઈટી બોમ્બેના પ્રોફેસર અને પરીક્ષા નિરીક્ષક સૂર્યનારાયણ દુલ્લા વિરુદ્ધ ક્રૈંઇ દાખલ કરી છે. વિદ્યાર્થીના પિતાએ પોતાની ફરિયાદમાં ગંભીર આરોપો લગાવ્યા છે. ફરિયાદ મુજબ, સાહિલને છેલ્લા કેટલાક મહિનાઓથી હેરાન કરવામાં આવી રહ્યો હતો. પિતાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે પ્રોફેસર દુલ્લાએ વિદ્યાર્થી સામે જાતિવાદી અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. જોકે, આ બધા આરોપો હાલમાં તપાસ હેઠળ છે અને પોલીસે હજુ સુધી તેને સાબિત કર્યા નથી. તપાસ હવે મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચ વિદ્યાર્થીના મૃત્યુની આસપાસના સંજોગો અને પરિવાર દ્વારા લગાવવામાં આવેલા આરોપોની તપાસ કરશે. આ આરોપો વચ્ચે,આઈઆઈટી બોમ્બે ફેકલ્ટી ફોરમે પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાના સમર્થનમાં એક નિવેદન જારી કર્યું છે. ફોરમે જણાવ્યું હતું કે પ્રોફેસર પરીક્ષા દરમિયાન સંસ્થાના નિયમોમાં રહીને પોતાની ફરજો બજાવી રહ્યા હતા. ફોરમ અનુસાર, પ્રોફેસર દુલ્લાએ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીને પરવાનગી વિના સ્માર્ટફોન રાખતા અને તેનો ઉપયોગ કરતા જોયો. ફોરમે આને ‘‘શૈક્ષણિક ગેરરીતિ’’ ગણાવી અને પ્રોફેસર સાથે એકતા વ્યક્ત કરી અને વિદ્યાર્થીના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. આઈઆઈટી બોમ્બેના જણાવ્યા અનુસાર, સાહિલ વાકોડે ઉર્જા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગનો વિદ્યાર્થી હતો. સંસ્થાએ અહેવાલ આપ્યો હતો કે તે મધ્ય-સેમેસ્ટર પરીક્ષા દરમિયાન પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતો જોવા મળ્યો હતો.

# લખીમપુર ખેરીમાં ચિલ્ડ્રન્સ એકેડેમી સ્કૂલમાં ગોળીબાર, એક શિક્ષક સહિત બે લોકોના મોત

લખીમપુરખેરી,

સોમવારે સવારે લખીમપુર ખેરીના સદર કોતવાલી વિસ્તારમાં ચિલ્ડ્રન્સ એકેડેમી સ્કૂલમાં એક મોટી ઘટના બની, જેના કારણે શહેરમાં સનસનાટી મચી ગઈ. સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ શાળામાં ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં એક મહિલા શિક્ષિકા અને એક યુવાનનું મોત નીપજ્યું હતું. ગોળીબારથી શાળામાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી, જેમાં નિર્દોષ બાળકો ભયભીત થઈ ગયા હતા.

માહિતી મળતાં જ અધિકારીઓ પોલીસ દળો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. શાળાની બહાર લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું, જેમાં વાલીઓ પણ સામેલ હતા. શહેર પોલીસ નિરીક્ષક રાજેશ સિંહે જણાવ્યું હતું કે તપાસ ચાલી રહી છે. પોલીસ અધિક્ષક ડૉ. ખ્યાતિ ગર્ગ પણ ઘટનાસ્થળે પહોંચ્યા છે. ફોરેન્સિક ટીમને પણ બોલાવવામાં આવી છે.

આ ઘટના શાળાના પહેલા માળે બની હતી. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે શહેર પોલીસ સ્ટેશનના નૌરંગાબાદના રહેવાસી સઈદ અંસારી શાળામાં ઘુસી ગયો હતો. તેણે પહેલા માળે જઈને શિક્ષિકા નિશાત ફાતિમાને પિસ્તોલથી ગોળી મારી દીધી હતી. ત્યારબાદ તેણે પોતાને પણ ગોળી મારી દીધી હતી. બંનેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. નિશાત ફાતિમા હિદાયત નગરની રહેવાસી હતી. આ મામલો પ્રેમ સંબંધ સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવે છે.

# ક્યાં હુઆ તેરા વાદા : કોંગ્રેસે મોંઘવારી મુદ્દે પીએમ મોદી પર ફિલ્મી નિશાન સાધ્યું

## વધતી જતી મોંઘવારીને કારણે ગરીબોના ઘરોમાં કઠોળ અને આવશ્યક ખાદ્યપદાર્થો પહોંચની બહાર થઈ ગયા

નવી દિલ્હી,

દેશમાં ખાદ્યપદાર્થોના "આસમાને પહોંચેલા ભાવ" મુદ્દે કોંગ્રેસે વડાપ્રધાનની મૌનતા પર સવાલ ઉઠાવવા માટે બોલિવૂડના એક જૂના ગીતનો સંદર્ભ ટાંકીને નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું.

કોંગ્રેસના સંચાર વિભાગના પ્રભારી મહાસચિવ જયરામ રમેશે ૧૯૭૭ના લોકપ્રિય બોલિવૂડ ગીત "ક્યા હુઆ તેરા વાદા" (તમારું વચન શું થયું) નો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એક મીડિયા રિપોર્ટ શેર કર્યો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કઠોળ અને રસોઈના તેલ સહિત વિવિધ ખાદ્યપદાર્થોના ભાવમાં થયેલા વધારાને કારણે ઘરના બજેટ ખોરવાઈ ગયા છે.

રમેશનો આ કટાક્ષ ૨૦૧૪ની ભાજપની ઝુંબેશ "અબકી બાર મોદી સરકાર" તરફ સ્પષ્ટ ઈશારો હતો, જેમાં વધતા ભાવ સામે પગલાં લેવાનું વચન આપવામાં આવ્યું હતું.

હિન્દીમાં કરેલી તેમની 'ઠ' (ટ્વિટર) પોસ્ટમાં જયરામ રમેશે કહ્યું, "દેશમાં ખાદ્યપદાર્થોના આસમાને પહોંચેલા ભાવે મધ્યમ અને ગરીબ વર્ગની કમર તોડી નાખી છે."

તેમણે દાવો કર્યો કે રોજિંદા વપરાશની આવશ્યક વસ્તુઓના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, જેના કારણે સામાન્ય માણસનું જીવન દુષ્કર બની ગયું છે."છેલ્લા એક મહિનામાં મસાલાના ભાવમાં ૧૦% થી ૨૫% જેટલો મોટો ઉછાળો આવ્યો છે. લીલી એલચીનો ભાવ ૪૦૦૦ રૂપિયાથી વધીને ૪૪૦૦ રૂપિયા પ્રતિ કિલો, કાળી એલચીનો ભાવ ૨૪૦૦ રૂપિયાથી વધીને ૨૮૦૦ રૂપિયા પ્રતિ કિલો અને જીરાનો ભાવ ૩૬૦ રૂપિયાથી વધીને ૪૦૦ રૂપિયા પ્રતિ કિલો થયો છે. જાવંત્રીના ભાવ સીધા ૨૫૦૦ રૂપિયાથી વધીને ૩૦૦૦ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગયા છે.


# પંજાબના મુખ્યમંત્રી પોતે ડ્રગ્સનું સેવન કરીને વિધાનસભામાં પહોંચે છે : શિવરાજ ચૌહાણ

## ભાજપની "ડ્રગ-મુક્ત પંજાબ યાત્રા" પર રાજ્યમાં રાજકીય સંઘર્ષ તીવ્ર બન્યો

નવીદિલ્હી,

ડ્રગના મુદ્દા પર પંજાબમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે, કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મુખ્યમંત્રી ભગવંત માન પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપની "ડ્રગ-મુક્ત પંજાબ યાત્રા" માં ભાગ લેવા આવેલા ચૌહાણે પંજાબ સરકારની ડ્રગ્સ વિરુદ્ધની કાર્યવાહી પર સવાલ ઉઠાવતા કહ્યું કે રાજ્ય ડ્રગ્સની નદીમાં ડૂબી રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે ડ્રગ્સના દુરૂપયોગ સામે પોતાનું દુઃખ વ્યક્ત કરવા આવેલા પરિવારોની દીકરીઓ અને બહેનોને પોલીસ સ્ટેશનોમાં અટકાયતમાં લેવામાં આવી રહ્યા છે. ચૌહાણે પ્રશ્ન કર્યો કે ડ્રગના વેપારીઓને કોણ રક્ષણ આપી રહ્યું છે અને કોના આશ્રય હેઠળ તેમનો ધંધો ફૂલીફાલી રહ્યો છે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભાજપની "ડ્રગ-મુક્ત પંજાબ યાત્રા" પર રાજ્યમાં રાજકીય સંઘર્ષ તીવ્ર બન્યો છે.

"પંજાબના મુખ્યમંત્રી પોતે ડ્રગ્સનું સેવન કરીને વિધાનસભા પહોંચે છે." શિવરાજ સિંહ ચૌહાણે મુખ્યમંત્રી ભગવંત માન પર સીધો પ્રહાર કરતા કહ્યું, "પંજાબના મુખ્યમંત્રી પોતે ડ્રગ્સનું સેવન કરીને વિધાનસભા પહોંચે છે. પંજાબ માટે કેટલું મોટું દુર્ભાગ્ય છે." ત્યારબાદ તેમણે ભગવંત માન પર સવાલ ઉઠાવ્યો કે તેમની સરકારની પોલીસ ભાજપ નેતાઓ સમક્ષ પોતાનું દુઃખ વ્યક્ત કરવા આવતી બહેનોને કેવી રીતે અટકાયતમાં લઈ શકે છે. ચૌહાણે કહ્યું કે જ્યારે પંજાબ ડ્રગ્સના સંકટમાં ડૂબી રહ્યું છે, ત્યારે આમ આદમી પાર્ટીએ સત્તામાં આવતા



પહેલા ડ્રગ્સની સમસ્યાને નાબૂદ કરવાનું વચન આપ્યું હતું. તેમણે આ મુદ્દે પંજાબ સરકાર પાસેથી જવાબો માંગ્યા અને ડ્રગ હેરફેર નેટવર્ક વિશે અનેક પ્રશ્નો ઉઠાવ્યા.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે પંજાબમાં ડ્રગના વેપાર અંગે સૌથી મોટો પ્રશ્ન એ છે કે તેની પાછળ કોણ છે. તેમણે પૂછ્યું, "આજે ડ્રગ ડીલરોને કોણ રક્ષણ આપી રહ્યું છે? તેમને કોણ રક્ષણ આપી રહ્યું છે? તેમને કોણ આશ્રય આપી રહ્યું છે? કોના રક્ષણ હેઠળ આ ડ્રગ ડીલરોનો વિકાસ થઈ રહ્યો છે?" ચૌહાણે પંજાબમાં આમ આદમી પાર્ટી સરકાર પર ડ્રગની સમસ્યાનો સામનો કરવામાં નિષ્ફળ રહેવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે અગાઉ પંજાબના ડ્રગ સંકટ અંગે રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું હતું અને લોકોને ડ્રગ્સ સામે નિર્ણાયક લડાઈમાં જોડાવા અપીલ કરી હતી. શિવરાજ સિંહ ચૌહાણ સોમવારે પંજાબની એક દિવસની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે તલવંડી સાબોમાં તખ્ત શ્રી દમદમા સાહિબ ખાતે પૂજા કરી અને પછી દાણા મંડી, રવિદાસિયા ચોકથી ભાજપની "ડ્રગ-મુક્ત પંજાબ યાત્રા"ના ચોથા તબક્કાને લીલી ઝંડી આપી. આ કાર્યક્રમ દરમિયાન હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની પણ હાજર હતા.

# કેરળમાં માત્ર ૨૪ કલાકમાં અચાનક આવેલા પૂર અને ભૂસ્ખલનને કારણે ૯ લોકોનાં મોત

## કેરળમાં ભારે વરસાદને કારણે રાજ્યના વિવિધ ભાગોમાં ભૂસ્ખલન, કાદવ ધસી પડવાની ઘટના

તિરુવનંતપુરમ,

કેરળમાં ભારે વરસાદને કારણે રાજ્યના વિવિધ ભાગોમાં ભૂસ્ખલન, કાદવ ધસી પડવાની ઘટનાઓ અને અચાનક પૂર (ફ્લેશ ફ્લડ) આવવાથી ઓછામાં ઓછા નવ લોકોનાં મોત થયાં છે, જ્યારે અન્ય બે લોકો ગુમ હોવાના અહેવાલ છે. પરિસ્થિતિ વધુ ગંભીર બનતી જતી હોવાથી, મુખ્યમંત્રી વી.ડી. સતીશને અધિકારીઓને કલાક-દર-કલાકના ધોરણે પરિસ્થિતિની સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો છે.

રવિવારે (૨૦ સપ્ટેમ્બર) જારી કરાયેલા એક નિવેદનમાં મુખ્યમંત્રી કાર્યાલય (ઝર્ં) એ જણાવ્યું હતું કે, સતીશનની સૂચના બાદ ડિઝાસ્ટર મેનેજમેન્ટ



ઓથોરિટીના કમિશનર વિઘ્નેશ્વરી (ૈંછજી) એ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ઇડુક્કી અને કોટ્ટાયમના જિલ્લા કલેક્ટરો સાથે બેઠક યોજી હતી.

નિવેદનમાં નોંધવામાં આવ્યું હતું કે ઇડુક્કી અને કોટ્ટાયમ માટે હવામાનની સ્થિતિ અંગે જીસ્જી એલર્ટ જારી કરવામાં આવ્યા હતા અને કલેક્ટરોને પરિસ્થિતિ પર નજર રાખવા તેમજ લોકોને સુરક્ષિત વિસ્તારોમાં ખસેડવા જેવા જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ મલપ્પુરમ જિલ્લાના નિલામ્બુર-અમરામ્બલમ વિસ્તારમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ફોર્સની વિશેષ ટીમને તાત્કાલિક તૈનાત કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો, જ્યાં કોટ્ટાપુઝા નદીમાં પાંચ લોકો તણાઈ ગયા હતા.

રવિવારે સાંજે કેરળના મલપ્પુરમ જિલ્લાના નિલામ્બુર-અમરામ્બલમ વિસ્તારમાં કોટ્ટાપુઝા નદીમાં અચાનક આવેલા પૂરમાં પાંચ સભ્યોનું જૂથ તણાઈ ગયું હતું, જેમાં ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયાં હતાં અને અન્ય બે લોકો ગુમ થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, વાન્દુરનું આ જૂથ સ્થળ પર પહોંચ્યું હતું અને નદીમાં સ્નાન કરવા માટે ઉતર્યું હતું, ત્યારે અચાનક પૂર આવવાથી પાણીનું સ્તર વધી ગયું અને તેઓ તણાઈ ગયા.

# કાલાવડ તાલુકા હરીપર (મેવાસા)માંથી ભેળસેળયુક્ત દૂધનો જથ્થો ઝડપાયો

## ૬ નમૂના સબ-સ્ટાન્ડર્ડ જાહેર : ૧૨ છાત્રાલયો-હોસ્ટેલના રસોડાની તપાસ દરમિયાન ૭ ને નોટિસ આપવામાં આવી





જામનગર : ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, જામનગર દ્વારા ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય મંત્રી તથા કમિશ્નર ઓફ ફૂડ સેફ્ટીના માર્ગદર્શન હેઠળ ફૂડ વિભાગની ટીમ દ્વારા રાજકોટ રેન્જની ટીમ સાથે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરીપર (મેવાસા) ગામમાંથી અલગ-અલગ ૬ લોકો પાસેથી શંકાસ્પદ દૂધના ૬ નમૂનાઓ લેવામાં આવેલ હતા.

જે તમામ નમૂનાઓમાં લેબોરેટરી તપાસ દરમિયાન દૂધના પાવડર તથા ફોરેન ફેટ અને વનસ્પતિની હાજરી મળી આવતા તમામ નમૂનાઓને લેબોરેટરી દ્વારા "સબ સ્ટાન્ડર્ડ" જાહેર કરેલ છે. જેના અનુસંધાને ૬ લોકો સામે એફ.એસ.એસ.એ. ૨૦૦૬ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત ફૂડ વિભાગ દ્વારા તા.૧૪/૯ થી વિવિધ છાત્રાલયોની રસોડાઓની તપાસ કરવા સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૧૨ છાત્રાલયોની તપાસ કરી કાયદા મુજબની જરૂરી સુધારા સ્થળ પર કરાવવા ઉપરાંત કાયદા મુજબના લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવવા માટે ૭ નોટિસ આપવામાં આવી છે.

આ તપાસ આવનારા સમયમાં પણ ચાલુ રહેવાની હોય કોઈપણ છાત્રાલય, કેન્ટીન કે પી.જી.ના રસોડાઓ ચલાવતા હોય તેઓએ કાયદા મુજબનું લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવી કાયદા મુજબની સ્વચ્છતા ફરજિયાત જાળવવાની રહેશે. જેથી આવા તમામ વેપારીઓને સત્વરે લાયસન્સ/રજીસ્ટ્રેશન મેળવી કાયદા મુજબની સ્વચ્છતા જાળવી ખાદ્ય પદાર્થનો વ્યવસાય કરવા ખોરાક અને ઔષધિ નિયમન તંત્ર અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં ગણેશજીના અન્નકૂટ દર્શન દરમ્યાન મુષકજી પ્રિય લાડવો ચાખવા પહોંચ્યા પંડાલમાં

## જલાની જાર-ચોક્સી ફળીમાં ભક્તોએ મોબાઈલ કેમેરામાં કેદ કર્યું દશ્ય



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના જલાની જાર-ચોક્સી ફળીમાં આવેલા સિદ્ધિવિનાયક ગણેશજીના મંદિરે અન્નકૂટ દર્શન દરમિયાન એક અનોખો પ્રસંગ જોવા મળ્યો હતો. ગણેશજીને ધરાવવામાં આવેલા અન્નકૂટ પ્રસાદની આરતી પૂર્ણ થયા બાદ અચાનક એક મૂષક ત્યાં આવી પહોંચ્યો હતો.

ગણેશજીના પ્રિય વાહન તરીકે પૂજાતા મૂષકે સૌપ્રથમ અન્નકૂટમાં ધરાવવામાં આવેલા ગણેશજીના પ્રિય લાડવાનો પ્રસાદ ચાખ્યો હતો. ત્યારબાદ મૂષક અન્નકૂટમાં મૂકવામાં આવેલી અન્ય પ્રસાદીની વાનગીઓ પાસે પણ એક પછી એક પહોંચ્યો હતો અને પ્રસાદ ચાખ્યો હતો.

અન્નકૂટ દર્શન માટે ઉપસ્થિત ભક્તોની નજરે આ અનોખું દશ્ય પડતાં સૌમાં કુતૂહલ સાથે ધાર્મિક ભાવના જોવા મળી હતી. સ્થાનિક શ્રદ્ધાળુઓએ મૂષક દ્વારા અન્નકૂટ પ્રસાદ ગ્રહણ કરતો સમગ્ર પ્રસંગ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધો હતો.

ગણેશજીના પ્રિય વાહન મૂષકને અન્નકૂટ પ્રસાદ ચાખતો જોઈને ઉપસ્થિત ભક્તોએ આ પ્રસંગને સિદ્ધિવિનાયક દાદાની હાજરી અને કૃપાના અનુભવ સમાન ગણાવ્યો હતો. અનોખા આ પ્રસંગના દર્શન કરી ભક્તોએ ગણેશજી પ્રત્યેની શ્રદ્ધા સાથે ધન્યતા અનુભવી હતી.

# જામનગરના ડુપ્લીકેટ ઈંગ્લીશ દારૂ પ્રકરણમાં પોલીસની બે ટીમ દ્વારા રાજ્ય બહાર તપાસ આરંભી

## ૧૨ દિવસના રિમાન્ડ પર રહેલ બંને આરોપીઓની સઘન પૂછપરછ, અન્ય આરોપીઓની પણ શોધખોળ

જામનગર : જામનગરમાં કેમિકલયુક્ત ડુપ્લીકેટ દારૂ બનાવવાની વેતરણનો એલસીબી અને સ્થાનિક પોલીસે પર્દાફાશ કરીને બે પરપ્રાંતિય શખ્સોને દબોચી લીધા બાદ આરોપીઓ ૧૨ દિવસના રીમાન્ડ હેઠળ છે. ત્યારે પોલીસે હાલ આ ચકચારી પ્રકરણમાં આરોપીઓની પૂછપરછમાં મળેલી કડીના આધારે રાજ્ય બહાર તપાસ આરંભી છે.

શહેરના નવાગામ ઘેડની મધુવન સોસાયટીમાં એક રહેણાંક મકાનમાં ગત તા. ૧૭ના રોજ રેડ પાડી પોલીસે દારૂની પ્લાસ્ટિકની ૯૬ ખાલી બોટલો, બ્રાન્ડના નામવાળા ૨૭૦ ઢાંકણા તથા અલગ-અલગ બ્રાન્ડના બનાવટી સ્ટીકરો સહિતનો મુદામાલ પકડી પાડ્યો હતો. ડુપ્લીકેટ ઈંગ્લિશ દારૂ બનાવવાનું કથિત કોભાંડ પ્રકરણમાં આરોપી સમન્દરસીંગ ભરતસીંગ ખટાણા (રહે.મોહનપરા, ડીહોરી ઢાણી, તા.ટોડાભીમ જી.કરોલી, રાજસ્થાન હાલ નવાગામ ઘેડ, મધુવન સોસાયટી, શેરી નં ૨, મકાન નં ૦૬, જામનગર), વિશ્વુ ગુર્જર (રહે.રાજસ્થાન) અને રીકુસીંગ પરશુરામસીંગ કુશવાહા (રહે.હાપા, વેલનાથ સોસાયટી, આંગણવાડીની બાજુમાં, જામનગર) સામે ગુનો નોંધાયા બાદ આરોપી વિશ્વુ ગુર્જર અને રીકુસીંગ કુશવાહાની ધરપકડ કરી હતી. આરોપીઓને કોર્ટમાં રજુ કરતા ૧૨ દિવસના રીમાન્ડ મંજૂર થયા બાદ આરોપીઓ હાલ રીમાન્ડ હેઠળ છે. જેની સઘન પૂછપરછમાં અન્ય રાજ્યની પણ આ પ્રકરણ સાથે કડી મળતા જામનગર પોલીસ દ્વારા જુદી જુદી બે ટીમ બનાવી જુદા-જુદા રાજ્યમાં તપાસ અર્થે મોકલવામાં આવી છે. બીજી તરફ ફરાર શખ્સની પણ શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

પોલીસે આ મામલે અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે અંગે પણ તપાસ શરૂ કરી છે? પ્રાથમિક તપાસમાં એવું પણ જાણવા મળી રહ્યું છે કે, આરોપીઓએ બનાવટી દારૂ મામલે સામગ્રી ભેગી કર્યા બાદ નકલી દારૂ બનાવવાનું શરૂ કરવાના હતા આવા વખતે જ ભાવનગર લઠ્ઠાકાંડનો મુદ્દો સામે આવતા આરોપીઓએ ડરના માર્યા નકલી દારૂ બનાવવાનું માંડી વાળ્યું હતું.

# જામનગરમાં ગરમીનો પારો ફરી ૩૪.૧ ડિગ્રીને પહોંચતા લોકો અકળાયા

## વરસાદ ખેંચાતાં અને ગરમીનો પારો ઉપર ચડતાં લોકોને વૈશાખ જેવો અહેસાસ

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી છવાયેલા વરસાદી માહોલ બાદ આજે વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો હતો. વરસાદી વાદળો વિખેરાઈ જતાં સૂર્યદેવતાનો આકરો મિજાજ જોવા મળ્યો હતો. ભાદરવાના તાપમાં વધારો થતાં બપોરના સમયે ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો. જોકે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચું રહેતાં ગરમીની અસર વધુ અનુભવાઈ હતી.

જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમ તેમજ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા તા.૨૨ સપ્ટેમ્બરના રોજ જાહેર કરાયેલા વરસાદના આંકડા મુજબ જામનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન તમામ વરસાદ માપક મથકો પર વરસાદ શૂન્ય નોંધાયો છે. આમ, છેલ્લા બે દિવસથી જોવા મળેલો વરસાદી માહોલ હાલ પૂરતો વિખેરાઈ ગયો છે.

જામનગર હવામાન કેન્દ્રના આંકડા મુજબ આજે લઘુત્તમ તાપમાન ૨૬.૯ ડિગ્રી, મહત્તમ તાપમાન ૩૪.૧ ડિગ્રી, ભેજનું પ્રમાણ ૯૫ ટકા અને પવનની ઝડપ ૩ કિ.મી. પ્રતિ કલાક નોંધાઈ હતી. મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીને પાર પહોંચતાં બપોરના સમયે આકરી ગરમીનો અનુભવ થયો હતો.

# ખંભાળિયાના નાના આસોટા ગામે જુગારના ચાર દરોડામાં ૧૪ શખ્સની અટકાયત



ખંભાળિયા : ખંભાળિયા પંથકના નાના આસોટા ગામમાં સ્થાનિક પોલીસે બાતમીના આધારે ચાર જગ્યાએ દરોડા પાડી જાહેરમાં જુગાર રમતા ૧૪ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી વાહનો, રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૨.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ સામે જુગારધારા ૧૨ મુજબ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રથમ દરોડો ખંભાળિયા તાલુકાના નાના આસોટા ગામમાં સ્થાનિક પોલીસે બાતમીના આધારે દરોડો પાડી જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સિધ્ધરાજ દાઉભા માણેક, કરશનભાઈ ધનાભાઈ માણેક, મોહનભાઈ ગોપાલદાસ નિરંજન, ભીખુભા વાલાભા માણેક, કાલીદાસ પુરણદાસ નિરંજની નામના ૫ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૯૩૦૦ ની રોકડ રકમ, રૂ. ૪૦ હજારની કિંમતના ૫ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૭૫ હજારની કિંમતના ત્રણ નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૧.૪૪ લાખની મતા ઝબ્બે કરી હતી.

બીજો દરોડો જયારે આજ ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ધર્મેશભાઈ રમેશભાઈ રામાવત, હાર્દિકભાઈ દિનેશભાઈ અગ્રાવત, ઘનશ્યામભાઈ ગોપાલદાસ નિરંજની નામના ત્રણ શખ્સને દરોડા દરમિયાન સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૩૭૦૦ ની રોકડ રકમ, રૂ. ૨૫ હજારની કિંમતના ૩ નંગ મોબાઈલ ફોન અને રૂ. ૩૦ હજારની કિંમતનું મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૬૭૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે અન્ય એક દરોડો પાડી જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ધરમશીભાઈ રામજીભાઈ પરમાર, રાણાભાઈ ડાડાભાઈ ઓડિચ, ધારાભાઈ જેશાભાઈ ધારાણી અને ભરતભાઈ ભગવાનદાસ દુધરેજીયા નામના ૪ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૬૪૨૦ ની માલમતા કબ્જે કરી હતી.

તેમજ નાના આસોટા ગામમાં જ પોલીસે ચોથો દરોડો પાડી જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સિધ્ધરાજસિંહ અજીતસિંહ જાડેજા અને હરપાલસિંહ ભરતસિંહ જાડેજા નામના બે શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૨૫૦૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

# બાજરંગપુર ગામે બંધ મકાનમાંથી તસ્કરો ૬૫ હજારની મતા બઠાવી ગયા

જામનગર : જામનગર તાલુકાના બજરંગપુર (વેરતીયા) ગામમાં ધોળે દહાડે માત્ર દોઢ કલાક માટે બંધ રહેલા મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરે તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ.૬૫ હજારની મત્તા ચોરી કરી હોવાની ફરિયાદ પંચકોશી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

જામનગર તાલુકાના બજરંગપુર ગામમાં હાઈસ્કૂલ પાસે રહેતા પ્રાગજીભાઈ રામજીભાઈ સદાદીયા ગત તા.૪ ના રોજ મકાનને તાળું મારી બપોરે સાડા ચારથી સાંજે છ વાગ્યા દરમિયાન તેઓ બહાર ગયા હતા. જ્યાં પાછળથી ઘરના દરવાજાનું તાળું તોડી અજાણ્યો તસ્કર અંદર ઘૂસ્યો હતો.

જ્યાં ઘરમાં લોખંડના કબાટમાં રાખેલા આશરે રૂ.૬૦,૦૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રૂ.૫,૦૦૦ રોકડા મળી કુલ રૂ.૬૫,૦૦૦ની મત્તા ચોરી કરી લઈ ગયા હતા. આ બનાવ અંગે પ્રગજીભાઈ ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં પરપ્રાંતિય યુવાને ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી

ખંભાળિયા : ખંભાળિયાના સંજયનગર વિસ્તારમાં રહેતા એક પરપ્રાંતિય યુવાને ઘરે જ ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી જે બનાવની મૃતકના સંબંધી દ્વારા સ્થાનિક પોલીસ દફતરે જાણ કરવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ તપાસ આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા શહેરમાં સંજયનગર, હર્ષદપુર વિસ્તારમાં રહેતા શોભરાજ રતનભાઈ પાસવાન નામના પરપ્રાંતિય યુવાને ગઈકાલે પોતાના રહેણાંક મકાનમાં કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની ખંભાળિયા પોલીસ દફતરે લલીતકુમાર નરેન્દ્રભાઈ પાસવાન દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. આર. જે. હુણ સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડી ક્યા કારણસર યુવાને આપઘાત કર્યો છે ? તે બાબતે જીણવટભરી તપાસ હાથ ધરી છે.

# ટુપણી ગામે વાડીમાં કામ કરતા યુવાનને વીજશોક લાગતા મૃત્યુ

દ્વારકા : દ્વારકાથી ૨૭ કિમી દુર આવેલ ટુપણી ગામે વાડીએ ખેતમજુરી કામ કરતી વેળાએ ગામના જ યુવાનનું વીજશોક લાગવાથી મૃત્યુ નિપજતા અરેરાટી સાથે પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. બીજીતરફ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આ બનાવ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા તાલુકાના ટુપણી ગામમાં નવાપરા વિસ્તારમાં રહેતો અને ખેતમજુરી કરતો વિજયભાઈ રામાભાઇ મકવાણા નામનો ૨૬ વર્ષનો યુવાન ગઈકાલે ગામમાં જ આવેલી દેવશીભાઈ દેવાતભાઈ ચાવડાની વાડીએ શેઢા પાસે ખળ કાઢતો હોઈ દરમિયાન ત્યાં ઈલેક્ટ્રીક પોલ પાસે અર્થિંગ વાયરને અડી જતા તેનું જોરદાર વીજકરંટ લાગવાથી મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની દ્વારકા પોલીસ દફતરે મૃતકના ભાઈ કિશનભાઈ રામાભાઈ મકવાણા દ્વારા જાણ કરવામાં આવતા એ.એસ.આઇ. ડી.જે. જાડેજાએ સ્થળપર દોડી જઈ આગળની તપાસ હાથ ધરી હતી.

# ઓખા નગરપાલિકાની ચૂંટણી માટે ભાજપની સેન્સ પ્રક્રિયામાં દાવેદારોનો રાફડો ફાટ્યો

## ૩૬ બેઠકો માટે દાવેદારોની ભારે પડાપડી : જામનગર ભાજપના પૂર્વ પ્રમુખ હસમુખ હિંડોચા સહિત ત્રણ નિરીક્ષકોએ દાવેદારોને સાંભળ્યા



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાની ઓખા નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. ભાજપ દ્વારા ચૂંટણી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ઓખા નગરપાલિકાની કુલ ૩૬ બેઠકો માટે ભાજપ તરફથી ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારો મોટી સંખ્યામાં ઉમટી પડતાં સેન્સ પ્રક્રિયા વેળાએ ભારે ધસારો જોવા મળ્યો હતો.

ભાજપ દ્વારા ઓખા નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાના ભાગરૂપે સેન્સ લેવામાં આવી હતી. આ માટે જામનગર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ હસમુખ હિંડોચા સહિત ત્રણ નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી. જે નિરીક્ષકોએ વિવિધ વોર્ડ અને બેઠકો પરથી ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારોને સાંભળી તેમની રજૂઆતો મેળવી હતી. ભાજપમાંથી ચૂંટણીના મેદાનમાં ઉતરવા માટે દાવેદારોમાં ભારે પડાપડી જોવા મળી હતી. આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષ દ્વારા સંગઠનાત્મક અને ચૂંટણીલક્ષી આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે ત્યારે ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારો મોટી સંખ્યામાં સેન્સ પ્રક્રિયામાં ઉપસ્થિત રહ્યા હતા.

સેન્સ પ્રક્રિયા દરમિયાન દાવેદારોએ પોતાના રાજકીય તથા સામાજિક સંપર્કો, વિસ્તારની કામગીરી અને ચૂંટણી બાદ આગામી આયોજનો અંગે નિરીક્ષકો સમક્ષ રજૂઆત કરી હતી. હવે સેન્સ પ્રક્રિયા બાદ હાઈ કમાન્ડમાંથી દાવેદારોના નામ અંગે વિચાર-વિમર્શ કરી આગામી તબક્કાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઓખા નગરપાલિકાની ચૂંટણીને લઈને ભાજપના કાર્યકરો અને દાવેદારોમાં પણ રાજકીય ચહલપહલ વધી છે.

# જોડીયાના બાલંભા ગામે માનસિક બીમારીથી કંટાળી આધેડનો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના બાલંભા ગામની સીમમાં માનસિક બીમારીથી કંટાળેલા આધેડે બેલ્ટ વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ જોડિયા તાલુકાના બાલંભા ગામેં શાંતીનગરમાં રહેતા વલીમામદ ઈબ્રાહિમભાઈ સોઢા (ઉ.વ.૪૮) છેલ્લા ઘણા સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા અને તેમની દવા પણ ચાલુ હતી. તા.૨૦ સપ્ટેમ્બરના રોજ બપોરે બે વાગ્યા પહેલાં તેઓ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા.

દરમિયાન ચોગલે કંપની તરફ જવાના રસ્તે સુલેમાનની નાલી પાછળ ફોરેસ્ટ વિભાગની બાવળની ઝાડીમાં બાવળના ઝાડ સાથે બેલ્ટ વડે ગળેફાંસો ખાધેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ અંગે તેમના પત્ની હુશેનાબેન સોઢાએ પોલીસમાં જાણ કરતાં જોડિયા પોલીસ ઘટનાસ્થળે જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ જોડીયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. સી.એલ. ચિહલા ચલાવી રહ્યા છે.